Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

(ISO 9001:2015 - Approval No. 00044220)

Vishv UMIYA Foundation

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ ઓક્ટોબર, ૨૦૨૫

Published on - 01 October 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા
Editor- Prof. Dr. J. M. Panara





## જગત જનની મા ઉમિયાના મંદિરનો સૌથી મોટો વિશ્વ વિક્રમી રાફ્ટ ફક્ત ૫૪ કલાકમાં પૂર્ણ થયો



# ભારતનું સૌથી મોટું અને ધાર્મિક શ્રેણીમાં વિશ્વનું સૌથી મોટું વિક્રમી ક્રોંક્રિટ રાફ્ટ કાસ્ટિંગ

## વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

અમદાવાદમાં ૧૦૦ વીઘા જમીનમાં બે હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી વિશ્વ ઉમિયાધામનું નિર્માણ થઈ રહેલ છે. જ્યાં સનાતન ધર્મના પ્રતિકસમા વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મંદિર નિર્માણનું કાર્ય રૂા. ૧ હજાર કરોડના ખર્ચે, ૧૫૫૧ ધર્મસ્તંભ ઉપર ગતિપૂર્વક ચાલી રહેલ છે, ત્યારે...

જગતજનની મા ઉમિયાના ૫૦૪ ફૂટ ઊંચા મંદિરમાં દેશનો સૌથી મોટો અને ધાર્મિક શ્રેણી અંતર્ગત વિશ્વનો સૌથી મોટો ૨૪,૦૦૦ ઘનમીટરનો ક્રોંક્રિટ રાફ્ટ તા. ૧૫, ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન જે કામ ૭૨ કલાકમાં પૂર્ણ થવાનું હતું તે કામ મા ઉમિયાની અસીમ કૃપાથી સતત ૫૪ કલાકમાં નિર્વિઘ્ને પૂર્ણ કરીને એક વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ કાર્યનો શુભારંભ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ને સાંજે ૬-૦૦ કલાકે કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત તારીખની પસંદગી એટલા માટે કરવામાં આવી હતી કે, ૧૫ સપ્ટેમ્બર જે ભારતના એન્જિનીયરનો દિવસ છે અને ૧૭ સપ્ટેમ્બર એ વિશ્વકર્મા જયંતી તથા દેશના યશસ્વી અને તેજસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે. સામાન્ય રીતે વિશ્વકર્મા જયંતીના દિવસે કોઈપણ કારીગરો કામ ઉપર આવતા નથી, છતાં પણ જગતજનની મા ઉમિયાના નવમી અજાયબી સમા મંદિરનું નિર્માણ થતું હોય, જેમાં હું પણ સહયોગી બની શકું તેવા ઉમદા ભાવ સાથે શ્રમિકોએ આ કામગીરી ચાલુ રાખી હતી. આ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી બિરદાવે છે.

માતા ઉમિયા જેના ઉપર બિરાજમાન થવાના છે તે પાયાનો સ્લેબ ૩૬૦૦ ટન સિમેન્ટ અને ૪૮૦૦ ટન સ્ટીલથી ભરવામાં આવ્યો છે. જેમાં ૮૦૦ કારીગરો, સુપરવાઈઝરો, એન્જિનીયરો તેમજ મેનેજમેન્ટ ટીમ સતત ૩ દિવસ - રાત આ ઐતિહાસિક રાફ્ટ ભરવાની કામગીરી પાર પાડી હતી. આ પ્રોજેક્ટમાં ૨૬ જેટલા RMC (ક્રોંક્રિટ પ્લાન્ટ) માંથી ૨૫૦ જેટલા ટ્રાન્ઝિસ્ટ મિક્સર્સ દ્વારા ક્રોંક્રિટનો માલ પૂરો પાડવામાં આવ્યો હતો, જે કુલ મળી ૪,૦૦૦ ટ્રીપ થઈ હતી. આ રાફ્ટમાં ક્રોંક્રિટ કરવા માટે ૨૫ જેટલા ક્રોંક્રિટ પમ્પ અને ૪ બુમ પ્રેશરનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ ઐતિહાસિક સફળતામાં PSP Project Ltd. તેમજ અદાણી સિમેન્ટની અહમ્ ભૂમિકા રહી હતી તે બદલ વિશ્વ ઉમિયાધામ તેમની સમગ્ર ટીમનો વિશેષ આભાર વ્યક્ત કરે છે.

સદર ક્રોંક્રિટ રાફ્ટ ૮.૪૭ લાખ ઘનફૂટનો ભરવામાં આવ્યો છે, જે સ્લેબ કાસ્ટિંગની લંબાઈ ૫૧૦ ફૂટ, પહોળાઈ ૪૫૦ ફૂટ તથા ઉંચાઈ ૮ ફૂટની છે. રાફ્ટ કાસ્ટિંગમાં ૨૭ કિલોમીટર લાંબો RCC રોડ બનાવી શકાય તેટલા ક્રોંક્રિટનો ઉપયોગ કરાયો છે. આ ઉપરાંત સંસ્થા તેમજ યુનિવર્સિટીઓના ૧૦૦ થી વધુ ઉમાસેવકોએ પણ ગુણવત્તા ચકાસણીમાં પોતાની સેવાઓ આપી હતી. આ રાફ્ટના સળિયા બાંધવાની કામગીરી દરરોજના ૩૦૦ શ્રમિકો દ્વારા બે માસ સુધી ચાલી હતી.

આ રાફ્ટ કાસ્ટિંગ કાર્યની શુભેચ્છા મુલાકાત માટે ગુજરાત રાજ્યના માન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસજી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ આર. પટેલ, લોકપ્રિય અભિનેતા શ્રી વિવેક ઓબેરોય તથા અનેકગણ માન્ય મહાનુભાવો તેમજ સાધુ-સંતો-મહંતો અલૌકિક રાફ્ટ કાસ્ટિંગ કાર્યના સાક્ષી બની ધન્યતા અનુભવી હતી.

જ્યારે રાફ્ટ કાસ્ટિંગ ભરાતો હતો ત્યારે તેની માહિતી સમજવા અને આનું આખું દૃશ્ય જોવા માટે દેશ અને દુનિયામાંથી એન્જિનીયરીંગ ક્ષેત્રે સંકળાયેલા અનેક ઉમાભક્તો ઉપસ્થિત રહી અને તેનો અભ્યાસ કર્યો હતો. વિશ્વની નવમી અજાયબી કહી શકાય તે પ્રકારનું બાંધકામ ગુજરાતમાં અને અમદાવાદમાં થતું હોય અને તેને જોવા - જાણવાનો લાભ મળતો હોવાથી હજારો ભાવિક-ભક્તો પ્રત્યક્ષ જોવા માટે ઉમટી પડ્યા હતાં. આ સમગ્ર કામગીરીનું જીવંત પ્રસારણ સંસ્થાની યુ-ટ્યુબ ચેનલ ઉપર કરવામાં આવ્યું હતું.

આધ્યાત્મિક ચેતના એ સામાજિક જીવનનો આધારસ્તંભ છે. તેને ઉજાગર કરવાના સંકલ્પ સાથે જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સામાજિક ક્રાંતિનું પગથિયું છે. આધ્યાત્મિકતાના આધાર ઉપર થતી ધાર્મિક - સામાજિક પ્રવૃત્તિઓ મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં અહમ્ ભૂમિકા ભજવે છે. ત્યારે આસ્થાના કેન્દ્ર સમા મા ઉમિયાના મંદિરનું નિર્માણ અને તેના થકી શિક્ષણ - આરોગ્ય -સ્પોર્ટ્સ - કલ્ચરલ જેવી સામાજિક સશક્તિકરણની અનેકવિધ પ્રવૃત્તિઓ સક્રિયપણે કરવી તે બાબત સંસ્થાની વિચારધારામાં કેન્દ્રસ્થાને છે.

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic**
by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER**
AESTHETICS

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions**
by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic**
by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**ઓક્ટોબર ૦૧, ૨૦૨૫**
**વર્ષ : ૦૪, અંક : ૩૦**
**સળંગ અંક : ૪૧**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**October 01, 2025**
**Year :** 04, **Ank :** 30
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**







પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ — પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai — Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia
**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ
જાસપુર - અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

ISO 9001

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | ભારતમાં વધતો પેઢીગેપ | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | ભક્તરાજ પ્રહ્લાદજી | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના શિલ્પી : સરદાર વલ્લભભાઈ પટેલ | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૪ |
| ૬. | શિક્ષણનું માધ્યમ | ગુલાબભાઈ જાની | ૧૮ |
| ૭. | સુખની અગિયારી | ડો. ભાવેશ જેતપરિયા | ૧૯ |
| ૮. | સંધ્યા સમયે ઝાડની ઓથે આથમતો સૂરજ | રસિક પટેલ | ૨૧ |
| ૯. | મમતાની મૂર્તિ - મા | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૨ |
| ૧૦. | સ્ત્રી એટલે પ્રેરણામૂર્તિ | પ્રાગજીભાઈ પટેલ | ૨૩ |
| ૧૧. | સંબંધોની મધુરતા એટલે શું ? | સુનીતા ડી. વ્યાસ | ૨૪ |
| ૧૨. | ભૂતકાળની પીડા અને વર્તમાનનો આનંદ! | ડો. કુમારપાળ દેસાઈ | ૨૬ |
| ૧૩. | જીવનને વિજયલક્ષી બનાવનાર પાંચ બાબતો | ડો. ચન્દ્રકાન્ત મહેતા | ૨૮ |
| ૧૪. | ભોજનનો બગાડ અટકાવી ભૂખ્યાને ભોજન આપીએ | કૌશિક મહેતા | ૩૦ |
| ૧૫. | ખાડાની વેદના (હાસ્ય વ્યંગ) | ડો. અમૃત કાંજિયા | ૩૨ |
| ૧૬. | મહારાષ્ટ્રના દર્શનીય સ્થળો | ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૪ |
| ૧૭. | કેળવણીનો પ્રચાર | સ્વામી વિવેકાનંદ | ૩૬ |
| ૧૮. | એક સામાન્ય પણ અવગણાયેલ સમસ્યા : કબજિયાત | ડો. સચિન ધૂર્વે | ૩૮ |
| ૧૯. | ઝાડા - ઉલ્ટીમાં આરોગ્ય અને આહાર | ડો. જિતેન્દ્ર અઢિયા | ૩૯ |
| ૨૦. | “પ્લાસ્ટિક” મુદ્દે વપરાશમાં વિવેક ચૂકાશે તો...? | હીરજી ભીંગરાડિયા | ૪૧ |
| ૨૧. | લે... મગર, કાળજું ખા.. | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૩ |
| ૨૨. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૪ |
| ૨૩. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૬ |


⌘ ⌘ ⌘


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

ધર્મ સૃષ્ટિ




**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે


# વેદોનો દિવ્ય સંદેશ

**न पापासो मनामेह नारायासो न जल्हवः ।**
**यदिन्विन्द्रं वृषणं सचा सुते सखायं कणवामहि ॥** (ઋગ્વેદ ૭/૮૯/૪)

**ભાવાર્થ :** જો અંતઃકરણ અપવિત્ર અને મલિન હશે તો પરમાત્માની ઉપાસના પણ ફળદાયી નહિ નીવડે, તેથી પરમાત્માની ઉપાસના નિષ્પાપ હૃદયથી જ કરવી જોઈએ.

**સંદેશ :** ઈશ્વરની બાબતમાં સંસારના લોકોમાં જુદી જુદી માન્યતાઓ જોવા મળે છે. કેટલાક લોકો તો ઈશ્વરને માનતા જ નથી. તેઓ કહે છે કે જો ઈશ્વર હોય તો પછી તે દેખાતો કેમ નથી ? વીજળીના તારમાંથી વીજળી બલ્બ સુધી પહોંચીને પ્રકાશ ઉત્પન્ન કરે છે તે વીજળી શું આપણને દેખાય છે ખરી? એમ છતાં શું તારમાંથી વહેતી વીજળીની ઉપસ્થિતિને આપણે નકારી શકીએ ખરા ? ઈશ્વર જ આ સૃષ્ટિનાં સર્જનહાર છે, નિયામક છે અને પાલનહાર છે. ઈશ્વરની ઉપાસનામાં જ આપણી ભલાઈ રહેલી છે.

મોટા ભાગના મનુષ્યો પરમેશ્વરની ઉપાસના કરે છે, તો પણ દુઃખ અને કષ્ટો સહન કરે છે. એનું મુખ્ય કારણ માત્ર એટલું છે કે આપણું અંતઃકરણ દોષદુર્ગુણોથી ભરેલું હોય છે અને પાપકર્મોમાં અટવાયેલું હોય છે. આથી આવી સ્થિતિમાં કરવામાં આવતી ઉપાસના એ કોઈ સાચી ઉપાસના નથી, માત્ર ઢોંગ કરવાથી એનો લાભ કેવી રીતે મળે ? પ્રભુકૃપા પ્રાપ્ત કરવા માટેની એક માત્ર શરત છે પવિત્રતા. પરમપિતા પરમેશ્વર તો આપણા સર્વશ્રેષ્ઠ મિત્ર અને બંધુ છે, પરંતુ ઈશ્વર તેમની અમૃતવર્ષા આપણી ઉપર કરતા નથી તેનું કારણ શું ? એનું માત્ર કારણ એ જ છે કે આપણે પોતાને નિષ્પાપ અને ઉદાર બનાવી ખુલ્લા દિલથી



ઈશ્વરને મળવાનો પ્રયત્ન કર્યો નથી.

આજનો મનુષ્ય અહંકારી બનીને અને ઈન્દ્રિયોની માયાજાળમાં ફસાઈ ગયો છે. આપણે માત્ર આભાસી ચિત્રો કે પડછાયા તરફ દોટ મૂકી છે. એક ભંયકર ચુંગાલમાં આપણે જકડાઈ ગયા છીએ. કામિની અને કાંચનનો રોગ વિકરાળ રૂપ ધારણ કરીને સર્વત્ર ફેલાઈ રહ્યો છે. તેના પાશમાંથી લોકો છૂટવા માગતા નથી. લોકો ભોગવિલાસમાં ડૂબેલા રહેવા છતાં પણ હંમેશાં અતૃપ્ત જ રહે છે. ભોગ સ્વયં પોકારી પોકારીને આપણને કહે છે કે ભાઈ, અમારામાં તમને તૃપ્ત કરવાની કોઈ શક્તિ નથી. એમ છતાં આ માનવ કેટલો મૂર્ખ છે કે બમણા વેગથી એવા જ માયાવી ભોગોનું શરણ શોધીને તૃપ્ત થવાનો અસફળ પ્રયત્ન કર્યા કરે છે. આનાથી મોટું દુર્ભાગ્ય બીજું ક્યું હોઈ શકે ? આખરે એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે "ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા" અર્થાત્ આપણે સાંસારિક વિષયોનો ઉપભોગ કરી શકતા નથી, પરંતુ ભોગોને પ્રાપ્ત કરવાની ચિંતામાં આપણે જ આપણો ભોગ ધરાવી દઈએ છીએ. વેદો દ્વારા ભૌતિકતા ત્યજી દેવાનું કહેવામાં આવ્યું નથી, પરંતુ આ પ્રકૃતિને માત્ર સાધન તરીકે સ્વીકારીને તેના સદુપયોગની વાત કહી છે. આ શરીર વગર અથવા તો ભૌતિક પદાર્થો વગર આપણો નિર્વાહ થવો અશક્ય છે, પરંતુ માત્ર એને જ સર્વસ્વ માનીને ચાલવું એ આપણી જાતને છેતરવા બરાબર છે.

પરોપકારનાં કાર્યો અને નૈતિક આચરણ ઉચ્ચતરના આધ્યાત્મિક જીવન માટેનાં પગથિયાં માત્ર છે. ચિત્તની શુદ્ધિ માટે આપણે એનાથી આગળ વધવું પડે છે. ચિત્તને શુદ્ધ કાર્ય વિના ઉચ્ચતમ જ્ઞાનની પ્રાપ્તિ ક્યારેય થઈ શકતી નથી. મનના ખૂણામાં જે મેલ ભરાઈ ગયો છે તેને દૂર કરવા માટે દૃઢ નૈતિક આચરણ, નિઃસ્વાર્થભાવથી બીજાઓના હિત માટે કરવામાં આવતાં કાર્યો, સ્વાધ્યાય અને અધ્યાત્મિક સાધના અત્યંત જરૂરી છે. હૃદયમાં દિવ્યતાના પ્રચંડ તેજથી આપણા દોષદુર્ગુણો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. એ તેજ સહન ન થતાં તેઓ પોતે દૂર ભાગી જાય છે. તેમની ખાલી પડેલી જગ્યા ધીરે ધીરે સદ્‌ગુણોથી ભરાતી જાય છે. આ બધુ માત્ર દૃઢ આત્મબળ દ્વારા જ શક્ય છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# ભારતમાં વધતો પેઢીગેપ : યુવાનો અને વડીલો વચ્ચેના વિચારોનો સંઘર્ષ



ભારત પોતાની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરાઓ અને પારિવારિક મૂલ્યો માટે જાણીતો છે. અહીં પરંપરા અને આધુનિકતાનો સુમેળ જોવા મળે છે. અહીં વડીલોને દેવતુલ્ય માનવાની પરંપરા છે, સાથે જ યુવાનોને રાષ્ટ્રના ભવિષ્યના શિલ્પી માનવામાં આવે છે. અહીં હંમેશા સંયુક્ત પરિવારોનું માળખું રહ્યું છે, પરંતુ આધુનિકતાના પ્રવાહ સાથે, આ પારિવારિક માળખામાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. જેને આપણે સામાન્ય રીતે પેઢીગેપ અથવા જનરેશન ગેપ તરીકે ઓળખીએ છીએ. આ પેઢીગેપ માત્ર વિચારોના તફાવત પૂરતો સીમિત નથી, પરંતુ તે યુવાનો અને વડીલો વચ્ચેના એક સંઘર્ષનું કારણ બની રહ્યો છે. એક તરફ વડીલોની પરંપરા, અનુભવ અને સંસ્કાર છે, તો બીજી તરફ યુવાનોની આધુનિકતા, ટેકનોલોજી અને સોશિયલ મિડીયાનું મોટુ પ્લેટફોર્મ છે.

**પેઢીગેપ શું છે ? :** પેઢીગેપ એટલે એક પેઢી અને બીજી પેઢી વચ્ચેના વિચારો, માન્યતાઓ, મૂલ્યો અને જીવનશૈલીમાં જોવા મળતો તફાવત, વડીલો અનુભવ, પરંપરા અને સંસ્કૃતિ આધારિત જીવવા માગે છે. જ્યારે યુવાનોને ઝડપી પરિવર્તન, નવીનતા, સ્વતંત્રતા અને આધુનિક વિચારસરણી તરફ આકર્ષણ છે. આ તફાવત જ ઘણીવાર સંઘર્ષ, મતભેદ અને અંતરનું કારણ બને છે.

**ભારતમાં પેઢીગેપ વધવાના મુખ્ય કારણો : (૧) ટેકનોલોજીનો પ્રભાવ :** ભારતમાં પેઢીગેપનું સૌથી મોટું કારણ ટેકનોલોજી છે. યુવા પેઢી ટેકનોલોજી સાથે જ જન્મી અને ઉછરી છે. તેમના માટે સ્માર્ટફોન, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજિન્સ એ જીવનનો અભિન્ન હિસ્સો બની ગયા છે. તેનાથી વિપરીત વડીલ પેઢી માટે આ ટેકનોલોજી અજાણી દુનિયા છે. વડીલો આ બદલાવને એટલી ઝડપથી સ્વીકારી પણ નથી શકતા અને અપનાવી પણ શકતા નથી. યુવાનો માટે વર્ચ્યુઅલ દુનિયા સામાન્ય છે, જ્યારે વડીલોને આ બધું અજાણ્યુ અને ક્યારેક તો અવિશ્વસનીય લાગે છે. યુવાનો ડિજિટલ માધ્યમો દ્વારા એકબીજા સાથે જોડાયેલા રહે છે, જ્યારે વડીલોને રૂબરૂ વાતચીત અથવા ફોન કોલ્સને વધુ પસંદ કરે છે. આના કારણે સંવાદમાં એક ખાલીપો (કોમ્યુનિકેશન ગેપ) ઉભો થાય છે. યુવાનો ઈન્ટરનેટ દ્વારા કોઈપણ માહિતી તરત મેળવી શકે છે, જ્યારે વડીલો સામાન્ય રીતે અનુભવ અને પરંપરાગત જ્ઞાન પર આધાર રાખે છે. આના કારણે માહિતીની અધિકૃતતા અને સ્વીકાર્યતા અંગે સંઘર્ષ થાય છે. વડીલો પોતાના ભૂતાકળના સંઘર્ષની પીડા અને માન્યતાઓ સાથે જીવે છે. જ્યારે આજની પેઢી વર્તમાનમાં જીવવાનું પસંદ કરે છે તેનાથી સંઘર્ષ વધે છે.

**(૨) શિક્ષણ અને વૈશ્વિકરણ :** વડીલો માનતા હોય છે કે પરંપરા જ જીવનનું સાચું માર્ગ દર્શન છે. જ્યારે યુવાનો પરંપરાને બંધનરૂપ માનીને તેને પડકારવા માગે છે. ઉદાહરણ તરીકે લગ્ન, વ્યવસાય, વસ્ત્ર, જીવનશૈલી જેવા મુદ્દાઓ પર મતભેદ જોવા મળે છે. આજનું શિક્ષણ તર્કશક્તિ સ્વતંત્રતા અને વૈશ્વિક દ્રષ્ટિકોણ પર ભાર મુકે છે. યુવાનો દરેક બાબતને પોતાના તર્ક-વિતર્કથી મૂલવે છે. જ્યારે વડીલો વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ જ અનુસરવાનો આગ્રહ રાખે છે.

**(3) આર્થિક સ્વતંત્રતા :** યુવાનો નાની ઉંમરમાં કમાણી કરવા લાગતા હોવાથી તેઓ સ્વતંત્ર વિચારસરણી અપનાવે છે. વડીલો ઘણીવાર ઈચ્છે છે કે સંતાનો તેમના અનુભવ પ્રમાણે જીવન ચલાવે. યુવાનો નાની ઉંમરથી જ આર્થિક રીતે સ્વતંત્ર બનવા માગે છે. યુવાનો નાણા ખર્ચવા અને રોકાણ કરવાના પોતાના અલગ વિચારો ધરાવે છે. વડીલો બચત અને સ્થિર રોકાણો પર ભાર મૂકે છે. આના કારણે મતભેદ ઉભા થાય છે. યુવાનો પાસે શિક્ષણ અને કારકિર્દીના વધુ વિકલ્પો ઉપલબ્ધ છે. તેઓ સરકારી નોકરીઓને બદલે સ્ટાર્ટઅપ્સ અથવા સ્વરોજગાર તરફ વળવા તૈયાર છે. આના કારણે વડીલોની સ્થિર અને સુરક્ષિત નોકરીની માનસિકતા સાથે તેમનો સંઘર્ષ થાય છે. તેઓ પોતાના નાણાનો ઉપયોગ પોતાની ઈચ્છા મુજબ કરવા માગે છે, જે વડીલોના નાણાકીય વ્યવસ્થાપનના પરંપરાગત ખ્યાલથી અલગ છે.

**સામાજીક અને સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તન : (૧) પારિવારિક માળખું :** સંયુક્ત પરિવારનું માળખું હવે ધીમે ધીમે નાના પરિવારોમાં પરિવર્તિત થઈ રહ્યું છે. યુવાનો નોકરી અથવા શિક્ષણ માટે મોટા શહેરોમાં જાય છે, જેનાથી તેઓ વડીલોથી દૂર રહે છે અને પારિવારિક બંધનો નબળા પડે છે.

**(૨) લગ્ન અને સંબંધો :** લગ્ન માટે જીવનસાથીની પસંદગી, લિવ-ઈન રિલેશનશિપ, અને લગ્નેત્તર સંબંધો જેવા મુદ્દાઓ પર યુવા પેઢી ખુલ્લા વિચારો ધરાવે છે, જ્યારે વડીલ પેઢી આને ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો વિરુધ્ધ માને છે. વડીલોને સામાન્ય રીતે જ્ઞાતિ, ધર્મ અને કુટુંબની પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને ગોઠવાયેલા લગ્ન પસંદ હોય છે. ઘણા યુવાનો પ્રેમલગ્ન અથવા આંતરજ્ઞાતિય લગ્ન કરવાનું પસંદ કરે છે. આના કારણે પરિવારમાં તકરાર અને ભાવાત્મક અંતર વધે છે.

**(૩) જીવનશૈલી :** યુવાનો માટે પશ્ચિમી જીવન શૈલી, ફેશન, ખોરાક અને મનોરંજન વધુ આકર્ષક છે. આનાથી વડીલોને લાગે છે કે યુવાનો તેમની સંસ્કૃતિથી દૂર જઈ રહ્યા છે. વડીલો આને અનૈતિક માને છે, જ્યારે યુવાનો આને તેમની વ્યક્તિગત પસંદગી અને આધુનિકતાનું પ્રતીક માને છે.

**(૪) વ્યક્તિગત સ્વતંત્રતા સામે સામાજિક જવાબદારી :** યુવાનો પોતાની વ્યક્તિગત સ્વતંત્રતા અને પસંદગીઓને વધુ મહત્વ આપે છે. તેઓને લાગે છે કે તેમના જીવનના નિર્ણયો લેવાનો તેમને પુરો અધિકાર છે. તેનાથી વિપરીત, વડીલો સામાજિક જવાબદારીઓ, કુટુંબની પ્રતિષ્ઠા અને સમાજના નિયમોને વધુ મહત્વ આપે છે. વડીલો સામાન્ય રીતે ભૂતકાળના અનુભવો અને પરંપરાઓને ધ્યાનમાં રાખીને ભવિષ્યનું આયોજન કરે છે. જ્યારે યુવાનો નવીનતા, પરિવર્તન અને જોખમ લેવા માટે તૈયાર હોય છે.

**પેઢીગેપની પ્રતિકૂળ અસરો** : (૧) **કુટુંબમાં તિરાડ :** ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત કુટુંબ પદ્ધતિનું એક વિશેષ સ્થાન છે, પરંતુ પેઢીગેપ વધતાં મતભેદ વધે છે તથા સંયુક્ત કુટુંબ તૂટીને વિભક્ત કુટુંબમાં પરિવર્તિત થાય છે.

**(૨) માનસિક તણાવ :** યુવાનો માને છે કે તેમને સમજવામાં નથી આવતા. વડીલો માને છે કે યુવાનો તેમના અનુભવને માન આપતાં નથી. આથી બંને પેઢીઓમાં તણાવ, એકલતા અને ક્યારેક ડિપ્રેશન જેવા પ્રશ્નો પણ ઉભા થાય છે.

**(૩) પરંપરા અને મૂલ્યોનું ખંડન :** પેઢીગેપને કારણે ધીમે ધીમે પરંપરાગત મૂલ્યો, સંસ્કૃતિ અને સામાજિક એકતા કમજોર થવા લાગે છે.
**(૪) રાષ્ટ્રના વિકાસમાં અવરોધ :** જો યુવાનો અને વડીલો વચ્ચે સહકાર ન રહે તો સમાજમાં ઊર્જાનો દુરુપયોગ થાય છે. એકબીજાના અનુભવ અને નવા વિચારોનું સંકલન ન થાય તો રાષ્ટ્રના વિકાસમાં વિક્ષેપ આવે છે.

**પેઢીગેપના સકારાત્મક પાસા :** જ્યાં પેઢીગેપને નકારાત્મક રીતે જોવામાં આવે છે, ત્યાં કેટલાંક સકારાત્મક પાસા પણ છે, જેમ કે યુવાનો નવા વિચારો લાવે છે. વડીલો અનુભવના આધારે માર્ગદર્શન આપે છે. જો બંનેનો સંગમ થાય તો સમાજ પ્રગતિ કરે છે. ઉદાહરણ તરીકે સ્ટાર્ટઅપ્સમાં યુવાનો નવી ટેકનોલોજી લાવે છે, પરંતુ વડીલ ઉદ્યોગપતિઓના માર્ગદર્શનથી તેને સ્થિરતા અને દિશા મળે છે. અનુભવ અને નવીનતા સાથે મળે તો જ સાચી સમૃદ્ધિ મળે છે.

**પેઢીગેપને ઘટાડવા માટેના ઉપાયો : (૧) ખુલ્લા મનથી સંવાદ :** પેઢીગેપ ઘટાડવાનો સૌથી અસરકારક ઉપાય સંવાદ છે. બંને પક્ષોએ એકબીજાની વાત સાંભળવા માટે તૈયાર રહેલું જોઈએ. વડીલો યુવાનોને સાંભળે અને તેમને સમજવાનો પ્રયત્ન કરે, જ્યારે યુવાનો વડીલોને માન આપે અને તેમના અનુભવમાંથી શીખે. **(૨) ટેકનોલોજીનો સેતુ :** જે ટેકનોલોજી પેઢીગેપનું કારણ છે, તે જ તેને ઘટાડવાનો ઉપાય પણ બની શકે છે. યુવાનોએ વડીલોને સ્માર્ટફોન, વિડીયો કોલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા શીખવવું જોઈએ. આનાથી તેઓ આધુનિક દુનિયાને સમજી શકશે. વડીલો માટે ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમોનું આયોજન કરી શકાય છે, જેનાથી તેમને ઓનલાઈન બેન્કિંગ, આરોગ્ય સંબંધી માહિતી અને અન્ય ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરતા આવડે. **(૩) વડીલોની ભૂમિકા :** એકબીજાના દૃષ્ટિકોણને સમજવા અને તેનું સન્માન કરવું. વડીલોએ યાદ રાખવું જોઈએ કે દરેક પેઢીના પોતાના પડકારો અને તકો હોય છે. યુવાનોની પસંદગીઓનો આદર કરવો જોઈએ અને તેને આત્મવિશ્વાસથી પ્રગતિ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. **(૪) યુવાનોની ભૂમિકા :** યુવાનોએ વડીલોના બલિદાન અને સંઘર્ષને યાદ રાખવા જોઈએ. તેમના મૂલ્યોને સમજવાનો પ્રયાસ કરવો અને તેમનો આદર કરવો.

**(૫) સંતુલન અને સમાધાન :** કેટલાંક મુદ્દાઓ પર સમાધાન કરવું જરૂરી છે. પારિવારીક મૂલ્યોને જાળવી રાખવા, પરસ્પર દલીલ બાજીથી બચવું જોઈએ અને પરિવારમાં હારીને પણ જીતી શકાય તે મંત્રને આત્મસાત કરવો જોઈએ.

**પરસ્પર સ્વીકાર્યતા :** જીવનશૈલી, પહેરવેશ અને કારકિર્દીના નિર્ણયો પર બંને પક્ષોએ થોડું નમતું જોખવું. પહેરવેશમાં પણ બંને પક્ષો એકબીજાને પ્રોત્સાહિત કરી શકે છે.

**પારિવારિક પ્રવૃત્તિઓ :** નિયમિતપણે પારિવારિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું, જેમકે સાથે ભોજન લેવું, પ્રવાસો કરવા, ઘરસભા કરવી વગેરે. આનાથી બંને પેઢીઓ એકબીજાની નજીક આવી શકશે અને તેમના સંબંધો વધુ ગાઢ બનશે.

**નિષ્કર્ષ :** ભારતમાં વધતો પેઢીગેપ માત્ર એક સમસ્યા નથી, પરંતુ એક તક પણ છે. જો યુવાનોની તાજગી, ઊર્જા અને નવીનતા સાથે વડીલોનો અનુભવ, સંસ્કાર અને મૂલ્યો જોડાય તો સમાજ વધુ સમૃદ્ધ અને મજબૂત બની શકે છે. સંઘર્ષને બદલે જો સંવાદનો માર્ગ આપનાવવામાં આવે તો પેઢીગેપ ખાડો નહીં પણ પુલ બની શકે છે. **પેઢીગેપ એક એવો સંઘર્ષ છે જેને સમજણ, સહાનુભૂતિ અને સંવાદ દ્વારા ઉકેલી શકાય છે.** પડકાર એ છે કે બંને પેઢીઓ એકબીજાને સમજવાની કળા શીખે. આપણે સમજવું પડશે કે પેઢીગેપ એ માત્ર એક પેઢીનો પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર સમાજ અને પરિવારનો પ્રશ્ન છે. જો યુવાનો અને વડીલો એકબીજાને સ્વીકારવા અને સમજવા તૈયાર હોય, તો આ સંઘર્ષને એક અવસર બનાવી શકાય છે. એક એવો અવસર જ્યાં વડીલોના અનુભવ અને યુવાનોની નવીનતા એક સાથે મળીને એક મજબૂત અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરી શકે છે. અંતમાં કહી શકાય છે.

**"યુવાનો ભવિષ્ય છે, વડીલો અનુભવ છે. બંનેનો સંગમ જ ભારતને સાચા અર્થમાં વિકાસશીલ અને સંસ્કારશીલ બનાવશે."** અને આઝાદીના અમૃત મહોત્સવમાં યોગદાન આપી શકશે. આશા રાખીએ કે ભારતના પરિવારો આ પેઢીગેપના અંતરને સમજણના સેતુથી ભરી દેશે.

**આર. પી. પટેલ, પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

## ધર્મ સૃષ્ટિ




**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને
જાણીતા કેળવણીકાર


# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** શ્રી રામચંદ્રજી મલકાઈને સુંદર વચન બોલ્યા હે માતા! સાંભળો, એ પુત્ર મહાભાગ્યશાળી છે, જે માતા પિતાનાં વચનોનો અનુરાગી હોય છે. વિશેષ વનમાં મને ઋષિઓનો મેળાપ થશે, અને પ્રિય ભરત રાજ્ય પામશે. જો આવા કાર્ય માટે હું વનમાં ન જાઉં તો મૂર્ખના સમાજમાં મારી ગણતરી કરવી જોઈએ.

**હવે આગળ :**

अंब एक दुखु मोहि बिसेषी ।
निपट बिकल नरनायकु देखी ॥

હે માતા ! એ એક જ વાતનું દુઃખ વિશેષ થઈ રહ્યું છે; તે કે મહારાજને અત્યંત વ્યાકુળ જોઈને. આ નાનકડી વાત માટે પિતાજીને આટલું ભારે દુઃખ થાય તે વાતનો મને વિશ્વાસ નથી થતો. કેમ કે મહારાજ ઘણા જ ધીર અને ગુણોના અગાધ સમુદ્ર છે. અવશ્ય મારાથી જ કોઈ મોટો અપરાધ થયો લાગે છે.

रहसी रानि राम रुख पाई ।
बोली कपट सनेहु जनाई ॥

રઘુકુળ શ્રેષ્ઠ રામજીના આવા વચનો સાંભળી રાણી કૈકેયી હરખાઈ ગઈ અને કપટપૂર્ણ સ્નેહ દેખાડીને બોલી, તમારા સોગંદ છે, મને રાજાના દુઃખનું બીજું કોઈ કારણ જણાતું નથી. હે રામ ! તમે તો માતા પિતા અને ભાઈઓને સુખ આપનારા છો. તમે જે કાંઈ કહી રહ્યા છો તે સત્ય છે. હું તમારા પર વારી જાઉં છું.

अवनिप अकनि रामु पगु धारे ।
धरि धीरजु तब नयन उधारे ॥

ત્યારે રાજાએ સાંભળ્યું કે રામચંદ્રજી પધાર્યા છે; ત્યારે તેમણે નેત્રો ખોલ્યાં. વ્યાકુળ રાજાએ રામજીને હૃદય સાથે ચાંપી દીધા. રાજા રામજીને જોતા જ રહી ગયા. એમનાં નેત્રોમાંથી આંસુઓની ધારા વહી નીકળી. મનમાંને મનમાં બ્રહ્માને મનાવે છે કે શ્રી રઘુનાથ વનમાં ન જાય.

अजसु होउ जग सुजसु नसाऊ ।
नरक परौं बरु सुरपुरु जाऊ ॥

રાજા કહે છે હે સદાશીવ ! શ્રી રામજીને એવી બુદ્ધિ આપો, જેથી તે મારા વચનનો ત્યાગ કરી વનમાં ન જાય. ભલે હું નરકમાં પડુ, મને સ્વર્ગ ન મળે, પણ શ્રી રામચંદ્ર મારી આંખો આગળથી દૂર ન થાય. આમ વિચાર કરતા રાજા બોલતા નથી, તેમનું મન પીપળાના પાનની માફક ડોલાઈ રહ્યું છે.

अति लघु बात लागि दुखु पावा ।
काहुँ न मोहि कहि प्रथम जनावा ॥

આ અત્યંત તુચ્છ વાતથી પિતા આટલું દુઃખ પામ્યા? મેં માતાને પૂછ્યું, ને તેમણે આખો પ્રસંગ કહ્યો. તે સાંભળીને મારા સર્વ અંગો શીતળ થઈ ગયાં. હે પિતાજી! આ મંગળના સમયે સ્નેહવશ થઈ શોક કરવો છોડી દો અને પ્રસન્ન થઈ મને આજ્ઞા આપો. આમ કહેતાં શ્રી રામજી પુલકિત થઈ ગયા. વળી બોલ્યા, આપની આજ્ઞાનું પાલન કરી, ફળ પામીને હું જલદી ઘેર પાછો ફરીશ.

अस कहि राम गवनु तब कीन्हा ।
भूप सोक बस उतरू न दीन्हा ॥

આમ કહી શ્રી રામજી ત્યાંથી ચાલી નિકળ્યા. રાજાએ શોકવશ કાંઈ ઉત્તર ન



આપ્યો. આ વાત નગરભરમાં ઝડપથી પ્રસરી ગઈ. બધાં સ્ત્રી પુરુષો, વ્યાકુળ થઈ ગયાં. બધાંનાં મોં સુકાઈ ગયાં. આંખમાંથી આંસુ વહે છે. ચોરેકોર લોકો કૈકેયીને ગાળો આપી રહ્યા છે. આ પાપીણીને આ શું સૂઝ્યુ કે ઘરમાં આગ ચાંપી દીધી !

पालव बैठि पेड एहिं काटा ।
सुख महुँ सोक ठाटु धरि ठाटा ॥

પાંદડાં પર બેસી એણે ઝાડને કાપી નાખ્યું. પોતાના જ પગમાં કુહાડો માર્યો. કવિ સત્ય જ કહે છે કે સ્ત્રીનો સ્વભાવ અગાધ અને રહસ્યપૂર્ણ હોય છે. પોતાનો પડછાયો કદાચ પકડી શકાય, પણ ભાઈ ! સ્ત્રીઓની ચાલ નથી ઓળખી શકાતી. કેટલાક લોકો ધર્મની મર્યાદાને જાણે છે અને બુદ્ધિમાન છે, તેઓ રાજાને દોષ નથી આપતા. કોઈ વિધાતાને દોષ આપે છે. આખા નગરમાં આનંદ ઉત્સાહ મટી ગયો.

(ક્રમશઃ આવતા અંકમાં)



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# ભક્તરાજ પ્રહલાદજી



**ગતાંકથી ચાલુ...**

પ્રહલાદજીને તેમના શિક્ષકોએ ધર્મ, અર્થ, કામ અને સામ, દામ, દંડ તથા ભેદની નીતિ આદિનું પર્યાપ્ત શિક્ષણ આપ્યું અને ફરીથી તેઓ પૂત્રને પિતા પાસે લઈ ગયા. પુત્રને જોઈને હિરણ્યકશિપુ પ્રસન્ન થયો અને ખૂબ સ્નેહપૂર્વક પૂછવા લાગ્યો.

"બેટા ! પ્રહલાદ આટલા દિવસોમાં તેં ગુરુજી પાસેથી જે શિક્ષણ પ્રાપ્ત કર્યું, તેમાં તને જે સૌથી શ્રેષ્ઠ લાગતું હોય તે મને સંભળાવ."

સરળ અને નિર્ભય પ્રહલાદજીએ હૃદયમાં હતું તે જ કહ્યું, "પિતાજી ! ભગવાનને સમર્પિત થઈને, ભગવાનની નવ પ્રકારની ભક્તિનું અનુસરણ કરવામાં આવે, તેને જ હું ઉત્તમ શિક્ષણ ગણું છું."

પ્રહલાદનાં આ વચનો સાંભળીને હિરણ્યકશિપુ પ્રહલાદના શિક્ષક અને પોતાના ગુરુપુત્ર પર ક્રોધે ભરાઈને કહેવા લાગ્યો, "અરે, નીચ બ્રાહ્મણ ! તેં મારા પુત્રને આવું વિપરીત શિક્ષણ કેમ આપ્યું છે ? તું મારો આશ્રિત હોવા છતાં ગુપ્ત રીતે મારા શત્રુનો આશ્રિત જણાય છે. તેં મિત્રનો વેશ ધારણ કરીને મારા શત્રુનું કાર્ય કર્યું છે."

ગુરુપુત્ર કહે છે - "રાજન્ ! આમાં કોઈનો દોષ નથી. તમારો પુત્ર પ્રહલાદ જે કહે છે, તે મારું શીખવેલું કે અન્ય કોઈનું શીખવેલું કહેતો નથી. તેની જે જન્મજાત સ્વાભાવિક બુદ્ધિ છે, તેની જ તે વાત કરી રહ્યો છે, અસુરરાજ! આપ શાંત થાઓ. પ્રહ્લાદ વિષ્ણુભક્તિ લઈને જ જન્મ્યા છે."

ક્રોધે ભરાયેલા હિરણ્યકશિપુએ પ્રહલાદને જ પૂછ્યું, "અરે, પાપી ! તું કહે, તું આવું વિપરીત શિક્ષણ કોની પાસેથી પામ્યો છે?"

પ્રહલાદજીએ સહજ રીતે ઉત્તર આપ્યો, "પિતાજી ! ગૃહાસક્ત લોકોની બુદ્ધિ આપમેળે કે કોઈના શીખવવાથી ભગવાન શ્રીકૃષ્ણમાં લાગતી નથી. અકિંચન ભગવતપ્રેમી મહાત્માઓના ચરણોના સેવનથી જ સમજાય છે કે આપણા સ્વાર્થ અને પરમાર્થનું કેન્દ્ર ભગવાન શ્રીવિષ્ણુ જ છે અને તેમની પ્રાપ્તિથી સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે."

પ્રહલાદજીની આ અત્યંત હિતકર પરંતુ પોતાને વિપરીત લાગે તેવી વાણી સાંભળીને હિરણ્યકશિપુ ક્રોધથી ધૂંવાપૂવાં થઈ ગયો. તેણે પ્રહલાદને પોતાના અંકમાંથી નીચે ફેંકી દીધો અને પોતાના અસુર સેવકોને આજ્ઞા આપી-

"આ નીચ બાળકને કોઈ પણ ઉપાયે મારી નાખો !"

સ્વામીની આજ્ઞા થતાં અનેક વિકરાળ અસુરો હાથમાં ત્રિશૂળ લઈને ધસી આવ્યા અને પ્રહલાદજીનાં મર્મસ્થાનો પર તેઓ ત્રિશૂળના પ્રહારો કરવા લાગ્યા. તે સમયે પ્રહલાદનું ચિત્ત સર્વભાવે ભગવાન વિષ્ણુમાં જોડાયેલું હતું. રામ રાખે તેને કોણ ચાખે? અસુરોના આકરા પ્રવાહો સર્વથા નિષ્ફળ ગયા અને પ્રહલાદજીનો વાળ પણ વાંકો ન થયો. આ ઘટના જોઈને હિરણ્યકશિપુને ખૂબ આશ્ચર્ય થયું. હવે શંકિત અને ભયભીત બનીને તે પ્રહલાદજીને કોઈ પણ ઉપાયે મારી નાખવા તત્પર થયો, અરે ! ઉન્મત્ત બની ગયો.

હિરણ્યકશિપુએ પ્રહલાદજીને મારી નાખવા માટે અનેક પ્રકારના ઉપાયો યોજ્યા. ઉન્મત્ત હાથીઓના પગ નીચે કચડાવ્યો, વિષધર સાપ કરડાવ્યા, કૃત્યા રાક્ષસી ઉત્પન્ન કરાવી, પહાડની ટોચ પરથી નીચે ગબડાવ્યો, શંબરાસુર દ્વારા અને માયાવી મારણપ્રયોગો કરાવ્યા, અંધારી ઓરડીમાં બંધ કરી દીધો, બરફીલાં સ્થાનોમાં, અગ્નિમાં, સમુદ્રમાં વારંવાર ફેંકી દીધો. આંધીમાં છોડી દીધો, પર્વતો નીચે દબાવ્યો. આ બધા ઉપાયો છતાં પ્રહલદજી સાવ સાજા નરવા અને મેરુવત અચળ રહ્યા.

હિરણ્યકશિપુએ જોયું કે પ્રહલાદજીને કોઈ રીતે મારી શકાય તેમ નથી, તેથી તે ચિંતિત થયો. શંડ અને અમર્કની સૂચનાથી હિરણ્યકશિપુએ પ્રહલદજીને આસુરી સંસ્કૃતિ અનુરૂપ શિક્ષણ મેળવવા માટે ફરીથી ગુરુગૃહે મોકલ્યો.

પ્રહલાદજી ગુરુગૃહે અત્યંત નમ્ર સેવકની જેમ રહેતા હતા પરંતુ ગુરુનું શિક્ષણ તેમને રુચિકર લાગતું નહિ, કારણ કે તે શિક્ષણ રાગ-દ્વેષ અને વિષયભોગોમાં રત રહેનારા લોકોને ઉપયોગી થાય તેવું શિક્ષણ હતું.

એકવાર ગુરુજી કોઈક કારણસર બહાર ગયા. વિદ્યાર્થીઓને અધ્યયનમાંથી રજા મળી. બધા વિદ્યાર્થીઓ રમવા માટે બહાર ચાલ્યા ગયા અને તેમણે પ્રહલાદજીને પણ રમવા માટે બોલાવ્યા. પ્રહલાદજી તો પરમજ્ઞાની અને પરમભક્ત હતા. પ્રહલાદજી રમવા માટે બહાર ન ગયા પરંતુ તેમણે બાળકોને મધુર-વાણીથી પોતાની પાસે બોલાવ્યા. બાળકો તો નિર્દોષ અને સરળ હોય છે. પ્રહલાદજીના કહેવાથી સૌ બાળકો રમત છોડીને પ્રહલાદજી પાસે આવ્યા અને પ્રહલાદજીની ચારેબાજુ બેસી ગયા.

# ધર્મ સૃષ્ટિ

ભગવાનના પરમપ્રેમી ભક્ત પ્રહલાદજી બાળકોના માનવજીવનના પરમ કર્તવ્ય અને પરમ સાર્થકતા વિશે ઉપદેશ આપવા લાગ્યા.

પ્રહલાદજી અસુરબાળકોને કહે છે -

"મિત્રો ! મનુષ્યજન્મ ખૂબ દુર્લભ છે. જીવનનો અંત ક્યારે આવી જાય તે કહી શકાય તેમ નથી, તેથી જેના દ્વારા ભગવાનની પ્રાપ્તિ થાય તેવા સાધનોનું અનુષ્ઠાન કુમારાવસ્થામાં જ કરી લેવું જોઈએ."

"ભગવાનના ચરણોનું શરણ ગ્રહણ કરવું, તે જીવનની એકમાત્ર સફળતા છે, કારણ કે ભગવાન સમસ્ત પ્રાણીઓના સ્વામી, સુહૃદ, પ્રિયતમ અને આત્મા છે."

"આ દુર્લભ માનવજીવનનો મોટો ભાગ વ્યર્થની ક્રિયાઓમાં અને ભોગો ભોગવવામાં જ ચાલ્યો જાય છે. જે મનુષ્ય ભોગોમાં, ગૃહસ્થાશ્રમ અને તજજન્ય સંબંધોમાં જ આસક્ત છે તે ભગવાનના પથ પર ચાલી શકતો નથી, તેથી ભાઈઓ ! તમે આ વિષયાસક્ત દૈત્યોનો સંગ છોડી દો અને આદિદેવ ભગવાન નારાયણનું શરણ ગ્રહણ કરો. જેમણે સંસારની આસક્તિ છોડી દીધી છે તેવા મહાત્માઓ માટે તે પરમપુરુષ જ પરમ પ્રિયતમ અને પરમગતિ છે."

"હે મિત્રો ! ભગવાનને પ્રસન્ન કરવા માટે બહુ પરિશ્રમ કે પ્રયત્નની જરૂર નથી, કારણ કે તેઓ જ સમસ્ત પ્રાણીઓના આત્મા છે અને સર્વત્ર સૌની સત્તાના રૂપમમાં સ્વયંસિધ્ધ વસ્તુ છે. બ્રહ્માથી માંડીને એક તણખલા સુધીના સમગ્ર અસ્તિત્વમાં તે જ પરમાત્મા બિરાજમાન છે. તે જ અંતર્યામી છે, તે જ જગતસ્વરૂપ છે, તે જ પરાત્પર છે. તે પરમપુરુષ અનિવર્ચનીય હોવા છતાં દષ્ટા-દશ્ય, વ્યાપ્ય-વ્યાપક સ્વરૂપમાં તેમનું જ નિર્વચન કરવામાં આવે છે. ગુણમયી સૃષ્ટિ કરનારી માયા દ્વારા તેમનું ઐશ્વર્ય ઢંકાઈ ગયું છે. માયા નિવૃત્ત થતાં જ તેમનું દર્શન થાય છે."

"જે જ્ઞાન, જે વિદ્યા પરમપુરુષ ભગવાન શ્રીહરિને આત્મસમર્પણ કરવામાં સહાયક બને છે તે જ જ્ઞાન, તે જ વિદ્યા સાર્થક છે, અન્યથા આ સર્વ નિરર્થક છે."

"હે અસુરબાળકો ! મેં તમને બતાવ્યું તે જ્ઞાન અતિ નિર્મલ છે અને અતિ દુર્લભ પણ છે. આ વિજ્ઞાન સહિત જ્ઞાન વિશુદ્ધ ભાગવતધર્મ છે. આ જ્ઞાન મેં સૌથી પહેલાં દેવર્ષિ નારદજીના મુખેથી સાંભળ્યું હતું."

અસુર બાળકોએ જિજ્ઞાસા કરી કે પ્રહલાદજીએ આ જ્ઞાન નારદજી પાસેથી ક્યારે સાંભળ્યું હતું. તેમની જિજ્ઞાસાના પ્રત્યુત્તરરૂપે પ્રહ્લાદજી પોતાની ગર્ભાવસ્થા દરમિયાન બનેલી ઘટના-પરંપરા કહે છે.

'જ્યારે મારાપિતા તપશ્ચર્યા કરવા માટે અરણ્યમાં ચાલ્યા ગયા ત્યારે દેવોએ અસુરો પર આક્રમણ કર્યું. દૈત્યો પોતાના અધિપતિ અસુરરાજ હિરણ્યકશિપુ વિના નિઃસહાય બની ગયા અને દેવોથી ડરીને ભિન્ન ભિન્ન સ્થળોએ નાસી ગયા. દેવરાજ ઈન્દ્ર મારી માતા કયાધૂને કેદ કરીને લઈ જતા હતા. તે વખતે નારદજીએ ઈન્દ્રને નિરપરાધ સાધ્વી સ્ત્રીને છોડી દેવા સમજાવ્યા. નારદજીની સમજાવટથી ઈન્દ્રે તેમને મુક્ત કર્યા. નારદજી મારી માતા કયાધૂને પોતાના આશ્રમે લઈ ગયા. તે વખતે હું મારી માતાના ગર્ભમાં હતો. મારા પિતા તપશ્ચર્યા પુરી કરીને ઘેર પાછા ફર્યા ત્યાં સુધી મારી માતા નારદજીના આશ્રમમાં જ રહી. આ સમય દરમિયાન નારદજીએ મારી માતાને ભાગવતધર્મનું શિક્ષણ આપ્યું, જે મેં ગર્ભમમાં રહીને સાંભળ્યું છે.'

"હે અસુર બાળકો ! ભગવાન દાન, તપ, યજ્ઞ, શારીરિક-માનસિક શૌચ, વ્રતોનું અનુષ્ઠાન આદિ ઉપાયોથી પ્રસન્ન થતા નથી. ભગવાન માત્ર નિષ્કામભક્તિથી પ્રસન્ન થાય છે. ભગવદ્‌ભક્તિથી પાપી લોકો પણ ભગવાનને પામીને કૃતાર્થ થઈ ગયા છે."

"આ સંસારમાં અર્થાત્ મનુષ્યશરીરમાં જીવનનો સૌથી મોટો સ્વાર્થ અર્થાત પરમાર્થ એટલો જ છે કે તે ભગવાન શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ પ્રાપ્ત કરે. તે ભક્તિનું સ્વરૂપ છે - સર્વદા, સર્વત્ર વસ્તુઓમાં ભગવાનનું દર્શન!"

પ્રહલાદજીનું આ પ્રવચન સાંભળીને દૈત્યબાળકોએ બાલસહજ નિર્દોષભાવે તેનો સ્વીકાર કર્યો. ગુરુજીના આ દૂષિત શિક્ષણનો ત્યાગ કર્યો. જ્યારે ગુરુજીએ જાણ્યુ કે બધા વિદ્યાર્થીઓની બુદ્ધિ એકમાત્ર ભગવાનમાં સ્થિર થઈ રહી છે. ત્યારે તેઓ ગભરાયા અને તેમણે તુરત આ વાત હિરણ્યકશિપુને જણાવી.

આ સમાચાર સાંભળીને હિરણ્યકશિપુ અતિશય ક્રોધિત બની ગયો અને તેણે પ્રહ્લાદજીને મારી નાખવાનો નિર્ણય કર્યો.

હિરણ્યકશિપુએ પ્રહલાદને પોતાની સમક્ષ બોલાવ્યો. પ્રહલાદજી નમ્રભાવે હાથ જોડીને તેમની સમક્ષ ઊભા રહ્યા. પગની લાત વાગવાથી જેમ સાપ છંછેડાઈને ફૂંફાડા મારે તેમ હિરણ્યકશિપુ ફૂંફાડા મારવા લાગ્યો. અતિ ક્રોધના આવેગમાં તે પ્રહલાદજીને કહેવા લાગ્યો, "અરે, મુર્ખ ! મેં ત્રણે લોકને જીતી લીધા છે અને તું ક્યા જોર પર મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યો છે?"

પ્રહલાદે શાંતભાવે ઉત્તર આપ્યો - "દૈત્યરાજ ! સમગ્ર બ્રહ્માંડમાં અધિપતિ તો ભગવાન શ્રીહરિ છે. જે વ્યક્તિ પોતાના મનને જીતી ન શકે અને જગતને જીતી લેવાની બડાશ મારે, તે તો મહામૂર્ખ છે."

પ્રહ્લાદજીનાં વચનો તો સરળ અને લાભપ્રદ હતાં પરંતુ આસુરી પ્રકૃતિના હિરણ્યકશિપુને તો તે વચનો અરુચિકર લાગ્યાં, એટલું જ નહિં પરંતુ જેમ ઘીની આહુતિથી અગ્નિ વધુ પ્રજ્વલિત થઈ ઊઠે, તેમ પ્રહલાદજીનાં આ હિતકર વચનોથી પણ તેનો ક્રોધ અતિ પ્રજ્વલિત બની ગયો. તેણે પ્રહલાદજીને પૂછ્યું -

"તું કોના જોરથી મારી સામે બોલે છે ? તારો જગતસ્વામી કોણ છે ? ક્યાં રહે છે ?"

# ધર્મ સૃષ્ટિ

પ્રહ્‌લાદજીએ શાંતિથી ઉત્તર આપ્યો-

"જગતના સ્વામી તો ભગવાન શ્રીવિષ્ણુ જ છે અને તેઓ સચરાચરમાં વ્યાપીને રહેલા છે."

સામે જ રહેલા એક સ્તંભને બતાવીને હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદજીને પૂછ્યુ - "તો શું તારો ભગવાન આ સ્તંભમાં પણ છે?"

પ્રહલાદજીએ શાંતિથી ઉત્તર આપ્યો : "હા, પિતાજી ! ભગવાન તો સર્વવ્યાપી છે, તેથી આ સ્તંભમાં પણ છે."

ક્રોધથી ઉન્મત્ત બનેલો હિરણ્યકશિપુ સિંહાસન પરથી કૂદીને તે સ્તંભ પાસે ગયો. તેણે સ્તંભ પર પોતાના હાથથી પ્રહાર કર્યો. તે જ સમયે સ્તંભમાંથી એક પ્રચંડ અવાજ નીકળ્યો. આ અવાજ સાંભળીને હિરણ્યકશિપુ સહિત દૈત્યસેનાપતિઓ ભયભીત બની ગયા. કોઈ કશું સમજી શક્યા નહિં. તે વખતે સ્તંભમાંથી વિચિત્ર વેશધારી ભગવાન નૃસિંહ પ્રગટ થયા. તેમના મુખ અને હાથ સિંહ જેવા અને શરીરના અન્ય ભાગો મનુષ્ય જેવા હતા.

ભગવાન નૃસિંહે પોતાનાં તેજ અને શક્તિથી અસુરોને ભગાડી મૂક્યા. હિરણ્યકશિપુ પણ સમજી ગયો કે વિષ્ણુ જ મને મારવા માટે આ વિચિત્ર વેશ ધારણ કરીને આવ્યા છે. આ રીતે સમજીને સિંહનાદ કરતો દૈત્યરાજ હિરણ્યકશિપુ હાથમાં ગદા લઈને નૃસિંહભગવાન પર તૂટી પડ્યો, જાણે પતંગિયુ અગ્નિમાં પડ્યું. ભગવાન નૃસિંહે હિરણ્યકશિપુને જેમ ગરુડ સાપને પકડે તેમ પકડી લીધો. ક્યારેક ગરુડ સાપ સાથે ક્રિડા કરે અને સાપ છટકી જાય તેમ હિરણ્યકશિપુ ભગવાન નૃસિંહની પકડમાંથી છટકી પડ્યો. ભગવાને તેને જેમ સર્પ ઉંદરને પકડે તેમ પકડી લીધો. ભગવાન તેને પકડીને સભાગૃહના દરવાજા પર લઈ ગયા અને તેને પોતાના સાથળ પર સુવાડ્યો. ભગવાન નૃસિંહે સંધ્યાકાળે, દ્વાર પર, સાથળ પર મૂકીને હિરણ્યકશિપુને પોતાના તીક્ષ્ણ નખોથી ચીરી નાખ્યો.

તે સમયે ભગવાન નૃસિંહનો સામનો કરનાર કોઈ હતું નહિ, તો પણ તેમનો ક્રોધ વધી રહ્યો હતો. તેઓ હિરણ્યકશિપુની રાજસભાના ઊંચા સિંહાસન પર બિરાજમાન થયા. હિરણ્યકશિપુના મૃત્યુથી ત્રિલોકમાં સર્વત્ર હર્ષ વ્યાપી ગયો. તે સમયે બ્રહ્માજી, રુદ્ર, ઈન્દ્ર, ઋષિઓ, પિતરો, સિદ્ધો, વિદ્યાધરો, નાગો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, ચારણો, યક્ષો, કિંપુરુષો, વૈતાલિકો, કિન્નરો, પાર્ષદો આદિ સૌ ભગવાન નૃસિંહ પાસે આવ્યા અને સૌએ ભગવાનની સ્તુતિ કરી.

બ્રહ્માજી, શંકર અને સમસ્ત દેવગણ પણ ભગવાન નૃસિંહના ક્રોધાવેશને શાંત કરી શક્યા નહિં; એટલું જ નહિં પરંતુ તેમની પાસે જવાની પણ કોઈ હિંમત કરી શક્યું નહિં. દેવોએ ભગવાનને શાંત કરવા માટે લક્ષ્મીજીને મોકલ્યાં. લક્ષ્મીજી પણ ભગવાનનું તે અદ્‌ભુત સ્વરૂપ જોઈને ભયભીત બની ગયાં અને ભગવાનની પાસે જઈ શક્યાં નહિં. તે સમયે બ્રહ્માજીએ ત્યાં જ ઊભેલા પ્રહ્‌લાદજીને કહ્યું, "બેટા ! પ્રહ્‌લાદ ! ભગવાન તારા પિતા પર ક્રોધાયમાન થયા છે. હવે તું જ ભગવાન પાસે જઈને તેમને શાંત કર."

પ્રહ્‌લાદજી તો ભગવાનના ભક્ત છે. બ્રહ્માજીની આજ્ઞાને શિરોધાર્ય કરીને તેઓ શાંતિથી ભગવાન સમક્ષ ગયા અને ભગવાનના ચરણોમાં સાષ્ટાંગ સૂઈ ગયા. ભગવાને સ્નેહપૂર્વક પ્રહ્‌લાદજીને ઊભા કર્યા અને તેમને મસ્તક પર પોતાનો વરદહસ્ત મૂક્યો. ભગવાનના હસ્તસ્પર્શથી પ્રહ્‌લાદજીના સર્વ સંસ્કારોનો નાશ થયો અને તેમને પરમતત્વનો સાક્ષાત્કાર થયો. ભાવસમાધિમાં તલ્લીન બનીને પ્રહ્‌લાદજી ભગવાનના ગુણોનું ચિંતન કરતાં કરતાં તેમની સ્તુતિ કરવા લાગ્યા.

પ્રહ્‌લાદજીની આ અનુપમ સ્તુતિથી ભગવાન પ્રસન્ન થયા અને તેમનો ક્રોધ શાંત થયો. પ્રહલાદજી પર પ્રસન્ન થઈને ભગવાને તેમને વરદાન માગી લેવા કહ્યું. પ્રહ્‌લાદજીના મનમાં કોઈ કામના હતી નહિં, તેથી તેમણે કાંઈ માંગવાની ઈચ્છા ન કરી. પ્રહ્‌લાદજીએ ભગવાનને કહ્યું -

"ભગવાન ! આપ મને કોઈ પ્રલોભન ન આપો. હું આપનો નિષ્કામ સેવક છું અને આપ મારા નિરપેક્ષ સ્વામી છો. આમ છતાં આપ મને વરદાન આપવા ઈચ્છતા જ હો તો એવું વરદાન આપો કે મારા હૃદયમાં ક્યારેય કોઈ કામના જન્મે જ નહિ."

પ્રહ્‌લાદની નિષ્કામભક્તિ જોઈને ભગવાન નૃસિંહ ખૂબ પ્રસન્ન થયા અને તેમણે કહ્યું -

"બેટા પ્રહલાદ ! તારી નિષ્કામભક્તિથી હું પ્રસન્ન છું. તારી ઈચ્છા નથી પરંતુ મારી પ્રસન્નતા માટે તું એક મન્વંતર માટે દૈત્યોનો અધિપતિ બન અને તત્‌સંબંધી સર્વ ભોગોનો સ્વીકાર કર. મન્વંતરના અંતે તુ શરીરનો ત્યાગ કરી, સમસ્ત બંધનોથી મુક્ત થઈ મારી પાસે આવી જઈશ."

પ્રહ્‌લાદજીએ ભગવાનની આજ્ઞા શિરોધાર્ય કરી અને ભગવાનને પ્રાર્થના કરી કે તેમના પિતા હિરણ્યકશિપુ ભગવાન સાથે વિરોધ કરવાના દોષથી મુક્ત થાઓ. ભગવાને પ્રહ્‌લાદજીને કહ્યું - "બેટા ! તારા જેવા પુત્રના જન્મથી તારા પિતા જ નહિ પરંતુ તારી એકવીશ પેઢીના પિતૃઓ તરી ગયા છે."

ભગવાનની આજ્ઞા પ્રમાણે પ્રહ્‌લાદજીએ પિતાની અંત્યેષ્ટિક્રિયા કરી. બ્રહ્મણોએ પ્રહ્‌લાદજીનો રાજ્યાભિષેક કર્યો.

ભગવાને બ્રહ્માજીને સૂચના આપી કે દૈત્યોને આવાં વરદાનો ન આપવાં. ભગવાન અંતર્ધાન થયા. નારદજી યુધિષ્ઠિરને કહે છે- "રાજન્ ! જે મનુષ્ય પ્રહલાજીના આ ચરિત્રનું પઠન કરશે કે સાંભળશે અને પ્રહ્‌લાદકૃત નૃસિંહસ્તુતિનો પાઠ કરશે તે મનુષ્યને ભગવાનની ભક્તિ પ્રાપ્ત થશે."

અહીં પ્રસંગવશાત્ નારદજી યુધિષ્ઠિરને ત્રિપુરદહનની કથા પણ સંક્ષેપમાં કહે છે.


ZEN GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Huge Height
Slab Top to Slab Top
Basement | 13′
Ground Floor | 13′3″
First Floor | 14′9″
• 70% Open Area & 30% Typical Construction
• Superior Build & Work Quality
• Lavish Amenities For All Age Groups
• 26000 Sq Ft Podium Garden
• 2 Allotted Car Parking
• 2nd Plot From Ring Road Purely Residential Project
• Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000




**Carpet Area**

**2079** Sq. Ft.
**2665** Sq. Ft.

- East - West Open Flats
- Large Beam & Column Less Living & Dining Area
- Water Meter Installed in Flats
- Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
- Rare 10'8" Slab Top to Slab Top Flat Height

**Top Brand Products**

TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles

Our Associate Projects

36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE

Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229

**New 150 Feet Ring Road,**
Near Sky Diamond Apartment, Rajkot

Contact : **77000 53000**

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા
મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# રાષ્ટ્રની એકતા અને અખંડિતાના શિલ્પી : સરદાર

## સરદાર પટેલની સાર્ધશતાબ્દિ (૧૫૦મી જન્મ જયંતી) પ્રસંગે વિશેષ પ્રસ્તુતિ

ભારત માતાના આંગણે અનેક મહાન પુરુષોએ જન્મ ધારણ કર્યો છે. જેમણે પોતાના વિચારો, ત્યાગ, સંઘર્ષ અને કાર્યનિષ્ઠાથી રાષ્ટ્રને નવી દિશા બતાવી છે. આજે આપણે એક એવા મહાન વ્યક્તિ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ જેમણે ભારતના ઈતિહાસને આકાર આપવામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. આપણે વાત કરી રહ્યા છીએ સરદાર વલ્લભભાઈ પટેલની, જેમને આપણે સૌ 'ભારતના લોખંડી પુરુષ' તરીકે ઓળખીએ છીએ. તેમણે ભારતને માત્ર સ્વતંત્રતા અપાવવામાં જ નહીં પણ સ્વતંત્રતા બાદ રજવાડાઓનું એકીકરણ કરી ભારતીય એકતાનો પાયો મજબુત કર્યો. આજે ભારત એક અખંડિત દેશ તરીકે ઉભો છે તો તેનો મોટો શ્રેય સરદાર પટેલને જાય છે. સરદાર ભારતનું એક એવું તેજસ્વી અને નિર્ણાયક વ્યક્તિત્વ, જેણે દેશની એકતા અને અખંડિતતા માટે અથાગ પ્રયત્નો કર્યા.

**બાળપણ અને શિક્ષણ :** વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ ગુજરાતના ખેડા જીલ્લાના નડિયાદ ગામે (મોસાળમાં) એક સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો. તેમના પિતા ઝવેરભાઈ પટેલ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝાંસીની રાણીના સૈન્યમાં લડ્યા હતાં. માતા લાડબાઈ ધાર્મિક અને સંસ્કારી હતાં. વલ્લભભાઈ નાનપણથી જ હોશિયાર અને મક્કમ સ્વભાવના હતા. આત્મવિશ્વાસ અને દૃઢતા તેમના વ્યક્તિત્વના પાયામાં હતી. પરિવારની કઠિન પરિસ્થિતિ વચ્ચે પણ સંઘર્ષ કરીને તેમણે અભ્યાસ ચાલુ રાખ્યો. તેમણે પ્રાથમિક શિક્ષણ વતન કરમસદમાં અને માધ્યમિક શિક્ષણ પેટલાદમાં મેળવ્યું. નડિયાદ અને બારડોલીમાં પણ અભ્યાસ કર્યો. તેમનું વિદ્યાર્થી જીવન ખૂબ તોફાન અને પરાક્રમોથી ભરેલું હતું. તેઓ ખેતીકામ પણ કરતા. નાનપણથી જ સ્પષ્ટવક્તા, હિંમતવાન અને મક્કમ મનના હતાં. કાયદાના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા. ૩ વર્ષની ડિગ્રી ૨ વર્ષમાં પૂર્ણ કરી શ્રેષ્ઠ સ્થાન મેળવી ૧૯૧૩માં ભારત પાછા ફર્યા. અમદાવાદમાં એક સફળ વકીલ તરીકે નામના મેળવી. તેમની પાસે કેસ લડવા માટે લોકોની લાંબી લાઈન લાગતી. તેમના લગ્ન ૧૮૯૧માં ઝવેરબા સાથે થયાં હતાં.

**રાજકીય જીવનની શરૂઆત :** વલ્લભભાઈના જીવનમાં મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યા. ગાંધીજીના વિચારો અને સત્યાગ્રહની ફિલસૂફીથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. ૧૯૧૭માં તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને અમદાવાદ મ્યુનિસિપલ કમિટિના અધ્યક્ષ તરીકે સેવા આપી અને શહેરના વિકાસ માટે ઘણા કાર્યો કર્યા.

**બારડોલી સત્યાગ્રહ :** તેમનું નેતૃત્વ અને સંગઠન શક્તિ ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન બહાર આવી. બ્રિટિશ સરકારે ખેડૂતો પર જમીન મહેસૂલનો અતિશય બોજો નાખ્યો હતો. વલ્લભભાઈએ ખેડૂતોને સંગઠિત કરી સત્યાગ્રહનું સફળતા પૂર્વક નેતૃત્વ કર્યું. આ આંદોલનની સફળતાને કારણે બારડોલીના ખેડુતોએ તેમને 'સરદાર' નું બિરુદ આપ્યું. આ પછી સમગ્ર ભારતમાં તેઓ 'સરદાર'તરીકે જાણીતા બન્યા. ચંપારણની લડતથી ગાંધીજીની નજીક આવ્યા. આગળ જતાં તેમના પરમ ભક્ત બની રાષ્ટ્ર સેવામાં આખું જીવન હોમી દીધું. લાખો રૂપિયાની આવકવાળી વકીલાત છોડી પોતાનું જીવન દેશની સેવામાં સમર્પિત કરી દીધું. એમના જ શબ્દોમાં જોઈએ તો "હું ગાંધીજીની જમાતમાં ભળ્યો ત્યારે મેં થોડા ઈંધણ લાકડા ભેગા કર્યા હતાં અને એ સળગાવી ને કૌટુંબિક લાભો, મારી કારકિર્દી, મારો દરજ્જો બધુ એમાં સ્વાહા કરી દીધું." વિદેશીચીજો તથા વૈભવી ચીજોનો ત્યાગ કરી બરછટ ખાદી અપનાવી લીધી.

**સ્વતંત્રતા આંદોલનનું નેતૃત્વ :** સરદાર પટેલે સ્વતંત્રતા આંદોલનના અનેક પડાવોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓ ભારતના સ્વતંત્રતા સંગ્રામના એક મુખ્ય સ્તંભ હતાં. અસહકાર આંદોલન (૧૯૨૦-૨૨), સવિનય કાનૂન ભંગ, દાંડીકૂચ (૧૯૩૦) અને ભારત છોડો જેવા મોટા આંદોલનોમાં તેમણે સક્રિય ભાગ લીધો. આ કારણે તેમને ઘણી વખત જેલમાં પણ જવું પડ્યું પણ દેશના હિત માટે અડગ રહ્યા. જેલયાત્રાએ તેમના મનોબળને વધારે મજબૂત બનાવ્યું. તેમનામાં કડક શિસ્ત, સંગઠન શક્તિ અને નિર્ણયો લેવાની અપૂર્વ ક્ષમતા હતી.

**સ્વતંત્ર ભારત નિર્માતા :** ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું, પરંતુ ૫૬૫ રજવાડાઓના એકીકરણનો મોટો પડકાર દેશ સામે ઉભો હતો. આ રજવાડાઓને એક કરીને અખંડ ભારતનું નિર્માણ કરવું એ એક અશક્ય લાગતું કાર્ય હતું, પરંતુ સરદાર પટેલે એ પડકારને ઉપાડ્યો. કેટલાંક રજવાડા ભારતને બદલે પાકિસ્તાન સાથે જોડાવા માગતા હતા, તો કેટલાંક સ્વતંત્ર રહેવા ઈચ્છતા હતા.. આ સમયે ગૃહમંત્રી તરીકે સરદાર પટેલે અદભૂત કાર્ય કર્યું. તેમણે રાજાઓને એક લાગણી સભર પત્ર લખ્યો કે "આપણે બધા છેવટે તો

એક જ ધરતીના સંતાનો છીએ. અત્યાર સુધી અલગ રહ્યા એટલે પરદેશીઓ ફાવી ગયા. મને આશા છે કે રાષ્ટ્ર નિર્માણના આ મહત્વના કાર્યમાં તમે સાથ આપશો." સરદારના આ પત્રની ઘણી રિયાસતો પર જાદુઈ અસર થઈ. તેમણે ૫૬૨ રજવાડાઓને એક કર્યા અને દેશમાં ભેળવી દીધાં. ત્રણ રાજ્યો હૈદ્રાબાદ, કાશમીર અને જુનાગઢના રાજ્યોએ આનાકાની કરી તો તેમની મુશ્કેલી વધી તેથી છેવટે તેમણે પણ ભારતમાં ભળી જવું પડ્યું. જોધપુરના રાજાને પણ સમજાવવા પડ્યા હતા. જુનાગઢ અને હૈદ્રાબાદમાં તો સૈન્ય કાર્યવાહી કરવી પડી હતી. જુનાગઢમાં જનમત સંગ્રહ પણ કરાવ્યો હતો.

સ્વતંત્રતા પછીના ટૂંકા ગાળામાં દેશી રાજ્યોના વિલીનીકરણનો ભારે અટપટો પ્રશ્ન ઉકેલી આપ્યો. સૈકાઓ પછી એક સંયુક્ત બંધારણ એકમ તરીકે ભારત ઉભું થયું. જગતના ઇતિહાસમાં આવી સિદ્ધિ વિરલ છે. ઈતિહાસમાં એનો જોટો જડે તેમ નથી. વૈશ્વિક કક્ષાએ તેની નોંધ લેવામાં આવી છે. દેશી રાજ્યો સાથે સરદારનો અભિગમ કેવો નમ્ર અને સહિષ્ણુ હતો તેનું એક ઉદાહરણ જોઈએ: ભોપાલના રાજાએ સ્વતંત્ર રહેવા માટે ઘણી ઝીંક ઝીલી હતી, છેવટે જોડાવું પડ્યું ત્યારે રાજવીએ લખ્યું - "હું મારી હાર કબૂલ કરું છું.." સરદારે જવાબ આપ્યો - "હું તમારા જોડાણને મારી જીત સમજતો નથી. અંતે જે યોગ્ય હતું તેનો વિજય થયો છે. તમે દેખાડેલી હિંમત, સચ્ચાઈ અને નિષ્ઠાની હું કદર કરું છું." સરદારે માત્ર ૫૦ દિવસમાં અખંડ ભારતનું સર્જન કર્યું, જે કોઈ ચમત્કારથી કમ નથી.

આજે આપણે ૪૨ લાખ ચો.કિમી.માં ફેલાયેલા દેશને ઓળખીએ છીએ, પરંતુ આઝાદી પહેલાં ભારતમાં રજવાડાં અને બ્રિટિશ શાસન એ બે પ્રકારનું મિશ્રણ હતું. કેટલાંક ભાગ પર બ્રિટિશરોનું શાસન હતું, તો બાકીનો વિસ્તાર વિવિધ રડવાડાંઓનો હતો. આવા રજવાડાઓની સંખ્યા આખા દેશમાં ૫૬૫ હતી. જેમાંથી ૨૨૨ તો એકલા ગુજરાતમાં હતાં. ૪૨ લાખ ચો. કિમી.ના આ દેશમાં બ્રિટિશ કબજામાં ૨૬.૨૩ લાખ ચો.કિમી. વિસ્તાર હતો અને ૨૨ કરોડ જેટલી વસતી હતી. રજવાડાઓનો કુલ વિસ્તાર ૧૬ લાખ ચો.કિમી. અને વસતી ૮.૮૧ કરોડ હતી. (૮ દેશની કુલ વસતીના ૨૫ ટકા). આ રજવાડાંએ અંગ્રેજોની તાબેદારી સ્વીકારી લીધી હતી તેથી તેમની રાજાશાહી સલામત રહી હતી.

સમય ઓછો હતો અને જવાબદારી બહુ મોટી હતી, પણ સરદાર પટેલે પોતાની વિશિષ્ટ શૈલીમાં એક એક કરીને તમામ રજવાડાંઓને આઝાદ ભારતનું અભિન્ન અંગ બનાવી દીધાં. કોઈ પણ સંજોગોમાં પોતાના રાષ્ટ્રને ઝુકવા નહીં દે એવો દૃઢ સંકલ્પ તેમણે કર્યો હતો. તેમના કારણે જ વર્તમાન ભારતનો એકીકૃત નકશો આપણે જોઈ રહ્યા છીએ. સરદાર પટેલ અખંડ ભારતના શિલ્પી હતા. તેમની નજર સામે માત્રને માત્ર ભારતની એકતા અને અખંડિતતા જ હતી. એ માટે તેમણે પોતાની નાદુરસ્ત તબિયતની કે પોતાના પરિવારની પરવા કર્યા વગર રાત-દિવસ ટૂકડાઓમાં વિખરાયેલા ભારતને એક તાંતણે બાંધવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું હતું. જો સરદાર પટેલ ન હોત તો ભારતના કેટલા ટુકડા થયા હોત એની કલ્પના જ આપણને ધ્રુજાવી નાખે તેવી છે.

તેમના આ ઐતિહાસિક કાર્યને કારણે તેઓ "ભારતના બિસ્માર્ક" તરીકે ઓળખાય છે. કારણ કે જર્મન વડાપ્રધાન ઓટો વાન બિસ્માર્કે પણ ૧૮૪૮માં જર્મન ભાષા બોલતા ૩૯ રાજ્યોને એકઠાં કરીને જર્મન નામના રાષ્ટ્રનું સર્જન કર્યું હતું. અખંડ ભારતનું નિર્માણ કરવા બદલ દેશ સદાને માટે સરદાર પટેલનો ઋણી રહેશે. સ્ટેચ્યુ ઓફ યુનીટી સિવાય તેમનું બીજું કોઈ ભવ્ય સ્મારક નથી, પરંતુ તેનું જીવન અને યોગદાન એટલું ભવ્ય હતું કે સ્વતંત્ર ભારત એ જ સરદાર પટેલનું સ્મારક છે. અંગ્રેજોની દૃષ્ટિમાં પણ ભારતનું એક થવું અસંભવ હતું, પરંતુ સરદારે પોતાની યોગ્યતા અને ક્ષમતાના બળે આ અસંભવને સંભવ કરી બાતાવ્યું.

મહાત્મા ગાંધી સાથેની ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસ જીવનભર ટકાવ્યા. પોતે વડાપ્રધાનપદના હક્કદાર હોવા છતાં ગાંધીજીના આદેશને માથા પર ચડાવી નાયબ વડાપ્રધાન પદ સ્વીકાર્યું હતું. ગાંધીજીના મૃત્યુ પછી પણ રાષ્ટ્રહિત માટે થઈને નહેરુ સાથેના વૈચારિક મતભેદને કદી દેખાવા ન દીધા એ સરદારની મહાનતા હતા.

**વલ્લભભાઈની પ્રમાણિકતા અને સાદગી :** સરદાર પટેલે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના દિવસે ૭૫ વર્ષની ઉંમરે મુંબઈ ખાતે આ ફાની દુનિયા છોડી ત્યારે તેમના બેન્ક બેલેન્સમાં માત્ર રૂપિયા ૨૬૩ હતા. ઘરબાર, સોનુ-ચાંદી કે ઝવેરાત હોવાનો તો પ્રશ્ન જ ઉભો થતો નથી. પહેરવાના બે-ચાર કપડા, બે જોડી ચપ્પલ, પતરાની એક પેટી, બે ટિફિન અને એક સગડી, બસ આટલું જ હતું. આ દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી હોવા છતાં તેમની પાસે કોઈ સ્થાવર મિલ્કત કે પોતાનું મકાન પણ નહોતું. આ બાબત પરિકથા જેવી લાગતી હોવા છતાં કડવા સત્ય સમાન છે. વર્તમાન જાહેર જીવનમાં આવા દૃષ્ટાંતો માટે દીવો લઈને શોધવા જવું પડે તેમ છે. પ્રમાણિકતા એમના જીવનમાં સહજપણે વણાઈ ગઈ હતી. તેમની પ્રમાણિક્તા કે ચારિત્ર સામે કદી કોઈએ આંગળી ચીંધી નથી. આજે તો પ્રધાનપદ દરમિયાન સંપતિ બેસુમાર વધતી જાય છે, જ્યારે વલ્લભભાઈએ પોતાની પુત્રી મણિબેન માટે એક મકાન સુદ્ધા નથી બનાવ્યું. સરદાર પણ ગાંધીજીની જેમ આજીવન અકિંચન જ રહ્યા.

એમના ચશ્માની એક જ દાંડી હતી, બીજી બાજુએ દોરો બાંધ્યો હતો. એ જ રીતે એમની ઘડિયાળ ત્રણ દાયકા જુની હતી અને પેન દસ વર્ષ પહેલાંની હતી. મણિબેન નિયમિત રેંટિયો કાંતે અને એમાંથી જ સરદારની કફની અને ધોતિયા બનતા હતા. એ કપડાં ફાટી જાય ત્યારે એ સાંધીને મણિબેન પોતાના કપડાં બનાવે આવું હતું પિતા-પુત્રીનું જીવન !

ડાહ્યાભાઈના પુત્ર બિપીનભાઈ એકવાર દિલ્હીમાં દાદાજીના આશીર્વાદ લેવા ગયા ત્યારે સરદારે તેમને સલાહ આપી કે "રોટલો ન મળે તો અહીં આવજો પણ સરદારના નામે કમાશો નહિ: સરદારના નામનો ઉપયોગ કરશો નહીં, હું દિલ્હીમાં છું ત્યાં સુધી દિલ્હીથી હંમેશા દૂર રહેજો !" આજના શાસકોમાં ક્યા પિતા પોતાના પુત્ર કે પૌત્રને આવું ફરમાન કરશે?

એકવાર મહાવીર ત્યાગીએ મણિબેનની સાડીમાં થીગડું જોઇને મણિબેનની મજાક કરી "તમે એવા બાપની દિકરી છો, જેમણે એવું અખંડ રાજ્ય સ્થાપ્યું છે, જે રામ-કૃષ્ણ કે સમ્રાટ અશોકનું પણ નહોતું, મોગલોકે અંગ્રેજોનું પણ નહોતું. આવા સરદારની દિકરી થઈ તમે સાંધેલા કપડાં પહેરતાં શરમાતા નથી ?" આ સાંભળી સરદાર તાડૂકી ઉઠ્યા - "ગરીબ માણસની દિકરી છે, સારા કપડાં ક્યાંથી લાવે ? એનો બાપ થોડો કંઈ કમાય છે ?" સરકારે એમના ચશ્માનું ખોખુ બતાવ્યુ, જે ૨૦ વર્ષ જુનું હતું.

કોંગ્રેસના કોષાધ્યક્ષ શેઠ જમનાલાલ બજાજના અવસાન પછી સરદાર પટેલ કોંગ્રેસના કોષાધ્યક્ષ બન્યા, જે જિંદગીના અંત સુધી રહ્યા. સરદારના અવસાન પછી મણિબહેને રૂપિયા વીસ લાખથી વધુ રકમનું બેન્ક બેલેન્સ અને આવક-જાવકના તમામ હિસાબો સાથેના કાગળો કોંગ્રેસ પ્રમુખ ટંડનજીને સુપરકત કર્યા ત્યારે સજળ નયને ટંડનજી બોલ્યા "ધન્ય છે સરદાર તમારી પ્રમાણિકતાને !"

**ત્યાગમૂર્તિ મણિબેન :** સરદાર સાહેબના એક માત્ર પુત્રી મણિબેન પણ પિતાના પગલે રાષ્ટ્રની સેવા અને આઝાદીની લડતમાં જોડાયેલા હતાં. પિતાની સેવા કરવાના ધ્યેયથી જીવનપર્યન્ત અપરિણિત રહ્યા અને સરદારના સેક્રેટરીની જેમ સેવા કરી. તેઓએ જેલવાસ પણ ભોગવ્યો અને એક સાધ્વીને છાજે તેમ નિષ્કલંક અને નિર્મોહી જીવન જીવ્યા. ૧૯૦૯માં માતા ઝવેરબા ૨૯ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા ત્યારે વલ્લભભાઈ ૩૩ વર્ષના હતાં. તેમના સંતાનોમાં મણિબેન પાંચ વર્ષ અને ડાહ્યાભાઈ ત્રણ વર્ષના હતાં. તેથી પરિવારનો આગ્રહ છતાં વલ્લભભાઈએ બીજા લગ્ન કર્યા નહીં.

**મહિલાઓના રાહબર :** સરદાર પટેલને જ્યાં જ્યાં તક મળે અથવા તો બહેનોની મિટીંગ હોય ત્યાં સ્ત્રીઓના કલ્યાણ અને અધિકારની વાત તેઓ અવશ્ય કરતા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં બહેનોને મુખ્યધારામાં લાવવાના પ્રયાસો કરતાં હતાં. જોઈએ તેમના ભાષણના કેટલાંક અંશો :

૧. "મને તમારી દશાનો વિચાર કરીને ઉંઘ નથી આવતી. તમે અબળા છો. એમ શા સારું માનો છો ? તમે તો શક્તિ છો. પોતાની મતા વિના કર્યો પુરુષ પૃથ્વી પર ઉતર્યો છે ? તમે તમારી દીનતા ટાળો." (૧૪-૧૧-૧૯૨૮, વરાડ, તા.બારડોલી).

૨. "તમે તમારી સ્ત્રીઓને પડદામાં રાખીને પોતેજ અર્ધાંગ વાયુથી પીડાઓ છો. આ સ્ત્રીઓ કોણ છે ? તમારી મા, બહેન પત્ની એમને જ પડદામાં રાખીને તમે માનો છો, કે તમે એમના શિયળની રક્ષા કરી શકશો? તમે એમને ગુલામ પશુડી જેવી રાખી છે એટલે એમની ઓલાદ તમે પણ પશુ જેવા રહ્યાં છો." (૧૯૨૯, ચંપારણ, બિહાર).

૩. સ્ત્રીઓને યોગ્ય સ્થાને બેસાડવામાં આવશે ત્યારે જ સ્વરાજ્ય મળશે. સ્ત્રીઓને પોતાનામાં આત્મવિશ્વાસ આવે, એ પોતાનું યોગ્ય સ્થાન મેળવે એ જરૂરનું છે. સંસારનું ગાડુ બે પૈડાંથી ચાલે પણ છેલ્લા ૨૦૦ વરસથી આપણે અપંગ થઈ ગયા છીએ કારણ કે આપણે એક અંગને ખોટું પડી જવા દીધું છે. બહેનોને મળવી જોઈએ એટલી મદદ મળતી નથી." (૧૯૩૮, જ્યોતિ સંઘ, અમદાવાદ).

**કાર્ય પ્રત્યે કટિબદ્ધતા :** ૧૯૦૯ના રોજ આણંદની અદાલતમાં વકીલ તરીકે કોર્ટમાં પોતાની દલીલો ચાલુ હતી ત્યારે મુંબઈ ખાતે સારવાર લઈ રહેલ તેમના પત્ની ઝવેરબાના અવસાનના ખબર તાર દ્વારા આવ્યા. તાર વાંચી ખિસ્સામાં મૂકીને કોર્ટમાં દલીલો આગળ ચલાવી. દલીલ પુરી થયા બાદ ન્યાયધીશે પૂછ્યું કે તારમાં શું ખબર હતા ? ત્યારે સરદાર પટેલે તેમના નિર્મોહી વ્યક્તિત્વનો પરિચય આપતા હોય તે રીતે જણાવ્યું કે "મારા પત્નીના અવસાનના ખબર છે. પરંતુ પત્નીના અવસાનના સમાચાર કરતાં વ્યવસાય પ્રત્યેની વફાદારી અગ્રસ્થાને હોય દલીલ ચાલુ રાખેલી !" આ જ વફાદારી અને કટિબદ્ધતા રાષ્ટ્ર પ્રત્યે પણ તેમણે નિભાવી હતી.

**અન્ય યોગદાન :** સરદાર પટેલનું યોગદાન માત્ર રજવાડાંઓના એકીકરણ પુરતુ સીમિત નહોતું. તેમણે આઝાદ ભારતમાં એક મજબૂત અને કાર્યક્ષમ વહીવટીતંત્ર ઉભું કરવા માટે ભારતીય વહીવટી સેવા (IAS) અને ભારતીય પોલીસ સેવા (IPS) ની રચના કરી. તેમણે સિવિલ સર્વિસને "સ્ટીલ ફ્રેમ ઓફ ઈન્ડિયા" કહી સરકારી પ્રશાસનને મજબુત બનાવ્યું. તેઓ માનતા કે આ સેવાઓ વગર દેશનો વિકાસ શક્ય નથી. તેમને આ સેવાઓના જનક તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ઈચ્છતા હતાં કે સિવિલ સર્વિસના અધિકારીઓ

માત્ર શાસક નહીં, પરંતુ લોકોના સેવક બને. તેમણે અનેક વિરોધો વચ્ચે સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કરી ભારતીય સંસ્કૃતિની ધરોહરને ઉજાગર કરી. કનૈયાલાલ મુનશીએ કહ્યું હતું કે - "જો સરદાર પટેલ આપણી વચ્ચે ન હોત તો આપણી આંખોને સોમનાથનું પુનઃ નિર્માણ જોવાનું સદ્‌ભાગ્ય મળત નહી."

જો આજે ભારતમાં સહકારી ક્ષેત્ર એની જીવંતતા માટે જાણીતું છે, તો એનો શ્રેય સરદાર પટેલને જાય છે. ખાસ કરીને મહિલાઓને સશક્ત બનાવવાનું એમનું વિઝન અમૂલ યોજનામાં જોવા મળે છે. સરદાર પટેલે જ સહકારી હાઉસિંગ સોસાયટીઓના વિચારને લોકપ્રિય બનાવ્યો હતો. સરદાર પટેલના પિતાજી ઝવેરભાઈ હંમેશા વલ્લભભાઈને શીખ આપતા કે ખેડુતોને અન્યાય થાય ત્યારે તેના પક્ષે રહીને ન્યાય અપાવજે. આ શબ્દો તેમણએ જીવનભર ખેડૂતોની સેવા કરીને સાર્થક કર્યા. ભારતના ખેડુતોને સરદાર પટેલમાં વિશ્વાસ હતો. તેઓ ખેડૂતોના સાચા ચિંતક હતા.

શ્રમિક વર્ગને પણ સરદારમાં આશાનું કિરણ દેખાતું હતું કારણ કે સરદાર પટેલ તેમના માટે બોલતા હતાં. ઉદ્યોગપતિઓને એમની સાથે કામ કરવાનું પસંદ હતું, કારણ કે, સરદાર પટેલ ભારતના આર્થિક અને ઔદ્યોગિક વિકાસનું વિઝન ધરાવતા દિગ્ગજ નેતા હતા. એમના શબ્દો અને એમની કાર્યશૈલી પર બધાને વિશ્વાસ હતો. તેમણે સામાજિક સદ્‌ભાવના અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા માટે સઘન પ્રયાસો કર્યા. તેમનું એક જ સ્વપ્ન હતું. એક મજબુત, અખંડ અને સમૃદ્ધ ભારત.

**નિધન અને સ્મૃતિ :** દેશની આઝાદી પછી સરદાર માત્ર ૩ વર્ષ અને ૪ માસ જ જીવ્યા હતા. ૧૫ મી ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ સરદાર પટેલનું નિધન થયું. તેમનું અવસાન દેશ માટે એક મોટી ખોટ હતી. આજે પણ તેમના કાર્યો અને વિચારો આપણને પ્રેરણા આપે છે. ગુજરાતમાં સરદાર સરોવર, કેડવડિયા ખાતે સરદાર પટેલની સ્મૃતિમાં વિશ્વની સૌથી ૧૮૨ ફુટ ઊંચી ભવ્ય પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી"નું નિર્માણ ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ના દિવસે કરવમાં આવ્યું છે. આ સ્ટેચ્યુ તેમની અખંડ ભારતના નિર્માણની સિદ્ધિનું પ્રતીક છે. આ પ્રતિમા એ સરદારને એક ભવ્ય શ્રદ્ધાંજલિ છે. તેઓને ૧૯૯૧માં "ભારતરત્ન સન્માન" (મરણોત્તર) આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેમના જન્મદિવસ ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

**સરદાર વિશે મહાનુભાવોના વિચારો :**

૧. "સરદારનું દિલ એટલું મોટું છે કે તેમાં બધા સમાય શકે છે." રજવાડાઓની સમસ્યા એટલી મોટી છે કે એનું સમાધાન ફક્ત તમે જ કરી શકો તેમ છો. (મહાત્મા ગાંધીજી - જુન ૧૯૪૭)

૨. હજાર વર્ષમાં માત્ર એક જ મહાપુરુષ થનાર કોઈ દુર્લભ વ્યક્તિ હોય તો એ છે સરદાર વલ્લભભાઈ પટેલ. - સ્વામી સચ્ચિદાનંદજી

૩. રામત્વની સાથોસાથ લક્ષ્મણત્વ જોવા મળે છે. કૃષ્ણત્વની સાથોસાથ અર્જુનત્વ જોવા મળે છે. લગભગ એ જ રીતે આપણા યુગમાં મોહનત્વ સાથે વલભત્વ જોવા મળ્યું ! - ગુણવંત શાહ

૪. સરદાર પટેલ તમે આખી જિંદગી લોઢાના ચણા ફક્ત ચાવ્યા જ નહીં, પચાવ્યા પણ ખરા !! સાચા અર્થમાં તમે હતા,... લોખંડી પુરુષ ! - મૃગાંક શાહ

**સમાપન :** સરદાર પટેલ માત્ર રાજકારણી કે સ્વતંત્રતા સેનાની ન હોતા, પરંતુ રાષ્ટ્રનાયક હતા, જીવનભર નિઃસ્વાર્થ ભાવથી સેવા કરી ભારતની એકતા અને અખંડિતતા માટે અમૂલ્ય યોગદાન આપ્યું. સાંપ્રત સમયમાં રાષ્ટ્ર જે આપત્તિમાંથી પસાર થઈ રહ્યું છે તેમાં સરદાર સાહેબનું જીવન અને તેમણે કંડારેલો માર્ગ જ એકમાત્ર રામબાણ ઈલાજ છે. તેમણે પોતાના જીવન દ્વારા દેશ પર અસાધારણ અહેસાન કર્યું છે. તેમણે પોતાની દૃઢ ઈચ્છાશક્તિ, કુશળ નેતૃત્વ અને રાષ્ટ્રભક્તિથી દેશને એક નવી દિશા આપી. તેમનું જીવન આપણને શીખવે છે કે, દૃઢતા, મહેનત અને રાષ્ટ્રપ્રેમથી કોઈપણ મુશ્કેલીને પાર કરી શકાય છે.

૩૧મી ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી છે, જે આપણને એ વિચારવાની તક આપે છે કે આપણે તેમણે જોયેલા સ્વપ્નના ભારતને સાકાર કરીએ. એક સમૃદ્ધ અને વિકસિત ભારતનું નિર્માણ કરીએ. આ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. ઉજવણીને માત્ર કાર્યક્રમો પૂરતા જ સીમિત રાખીશું તો એ મહાન નેતા સાથે કરેલો અન્યાય ગણાશે. તેમનો સંદેશો આજે પણ એટલો જ પ્રાસંગિક છે : "એકતા જ દેશની સૌથી મોટી શક્તિ છે."

**આવો દેશને એક તાંતણે બાંધનાર સરદાર સાહેબને કોટિ કોટિ વંદન કરીએ. - જય સરદાર**

## શિક્ષણ સૃષ્ટિ



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# શિક્ષણનું માધ્યમ

શિક્ષણનું માધ્યમ શું હોય ? તે ચર્ચા જ ખરેખર અપ્રસ્તુત છે. **દુનિયાભરના શિક્ષણશાસ્ત્રીઓ માને છે કે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોઈ શકે.** છતાં આપણા દેશમાં અંગ્રેજી માધ્યમનો મોહ ઘેલછા સુધી વધ્યો છે. મોટા શહેરમાં અને હવે તો નાના તાલુકાકક્ષાએ આવેલા શહેરોમાં અંગ્રેજી માધ્યમ તરફ વાલીઓની દોટ છે.

થોડા વર્ષો પૂર્વે દિલ્હીમાં 'પેરન્ટ્સ ફોરમ'ના ઉપક્રમે 'શિક્ષણનું માધ્યમ શું હોય ?' તે વિષય પર સેમિનાર યોજાઈ ગયો છે, જેમાં આપણા જગવિખ્યાત વૈજ્ઞાનિક જયંત નારલીકર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના માજી અધ્યક્ષ યશપાલ, શિક્ષણવિદો અનિલ સદ્‌ગોપાલ અને કૃષ્ણકુમાર, જાણીતા કલાકાર હબીબ તન્વીર વગેરે મુખ્ય હતાં. જયંત નારલીકરે ભારપૂર્વક જણાવ્યું કે **પ્રાથમિક સ્તરે વિજ્ઞાનનું શિક્ષણ બાળકને માતૃભાષામાં જ આપવું જોઈએ. વિજ્ઞાનમાં વિચાર અને વિષયવસ્તુ ચોક્કસ સ્વરૂપમાં ગ્રહણ થાય, તે અત્યંત વધારે સારી રીતે કરી શકે.** તેઓએ જણાવ્યું કે નિરપવાદપણે **એમ જોવા મળ્યું છે કે અંગ્રેજીમાં લખતા બાળકો કરતાં માતૃભાષામાં લખતાં બાળકોની અભિવ્યક્તિ વધારે સ્પષ્ટ અને ચોક્કસ હોય છે.**

યશપાલે મગજના થયેલા વૈજ્ઞાનિક સંશોધનના આધારે જણાવ્યું કે બાળકનું મગજ આરંભમમાં સ્વર પ્રતિકો અને અર્થ સાથે જ્ઞાનતંતુઓનો સંબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. બાળકના મગજનો વિકાસ તેની આસપાસના ભાષાકીય વાતાવરણ સાથે નિર્ણયાત્મક રીતે સંકળાયેલો છે. તેથી **બાળકને તેની માતૃભાષામાં શીખવા ન દેવું તે એમની સામેનો બહુ મોટો ગુનો છે.**

અનિલ સદ્‌ગોપાલે જણાવ્યું કે આપણાં બાળકોને એમની માતૃભાષામાં ન ભણાવીને આપણે એક એવું હિંદુસ્તાન ઊભું કર્યું છે કે જેમાં આપણે ટેકનૉલોજી જાતે 'સર્જવાને બદલે બહારથી ઉધાર' લઈએ છીએ !

કમ્પ્યૂટર વિજ્ઞાની જગમોહનસિંહે જણાવ્યું કે ભાષા માણસના વિકાસ માટે છે, નહીં કે માણસ પર અધિપત્ય જમાવવા માટે.

કૃષ્ણકુમારે જણાવ્યું કે છેલ્લા સો વર્ષમાં અનેક અભ્યાસો થયા છે. દરેકનું તારણ એ જ છે કે શિક્ષણ માતૃભાષામાં જ અપાવું જોઈએ.

ફાંસિસ ફેન્ધમે એ વાત તરફ ધ્યાન દોર્યું કે દેશમાં અત્યારે માત્ર ત્રણ ટકા બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે. જ્યારે ૯૭ ટકા બાળકો માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાં જ શિક્ષણ લઈ રહ્યાં છે.

વિનોબાના મતે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે. તેઓના મતે નાના બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીર્ય બનશે. નિર્બોધ બનશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે.

**વિનોબાજીએ, કૃષ્ણે સાંદિપની ઋષિ પાસે વિદ્યાભ્યાસ પૂરો કર્યો ત્યારે ગુરુએ વર માંગવા કહ્યું. કૃષ્ણે 'માતૃ હસ્તેન ભોજનમ્' માંગ્યું.** તે દાખલો આપી જણાવ્યું કે માના ભોજનમાં કેવળ રોટલી જ નથી હોતી, પ્રેમ પણ હોય છે. એવું જ માતૃમુખેન શિક્ષણમ્ માંગુ છું અને એ જ વાત માતૃભાષાને પણ લાગુ પડે છે. બાળકને માતૃભાષામાં જ શિક્ષણ મળવું જોઈએ. તેમના મતે શિક્ષણ માટે અંગ્રેજી માધ્યમની વાત કરી એ સો ટકા મુર્ખામી છે.

આજે એક દલીલ એવી થઈ રહી છે કે દુનિયા સાથે વ્યવહાર માટે અંગ્રેજી ભાષાની જરૂર છે. અંગ્રેજી Window of the World છે. વ્યાપાર ઉદ્યોગના વિકાસ માટે, વિજ્ઞાન જાણવા માટે અંગ્રેજી આવશ્યક છે. આ વાતમાં તથ્ય જરૂર છે,પરંતુ એ માટે અંગ્રેજીને માધ્યમ બનાવવાની જરૂર નથી. અંગ્રેજી ભાષાનું શિક્ષણ ઘનિષ્ઠ રીતે એક વિષય તરીકે આપવું જોઈએ. તેની પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

**અંગ્રેજી દુનિયા આખાની ભાષાની છે તે પણ નર્યો ભ્રમ છે. ચીન, રશિયા, જર્મની, જાપાન અને બીજા ઘણા દેશોમાં અંગ્રેજીથી કામ નહીં ચાલે.** વિજ્ઞાનના વિકાસ વિશે પણ એવું કહી શકાય. જર્મની, રશિયન, જાપાનીઝ ભાષાઓમાં પણ વિજ્ઞાનનો વિકાસ થયો છે. આમ અંગ્રેજી એટલે વિજ્ઞાન એવું સમીકરણ પણ ન બનાવી શકાય.

**વિનોબાજી કહે છે કે અંગ્રેજી એક બારી ખરી, પણ આપણા ઘરમાં એક નહીં અનેક બારી જોઈએ.**

ખરી વાત તો એ છે કે ભારતમાં પણ કેટલીક ભાષાઓ બહુ જ વિકસિત છે. અંગ્રેજીની સરખામણીમાં ઘણી બધી વિકસીત પણ છે. તેમાં વિજ્ઞાન વગેરેની જે કમી છે તેની પૂર્તિ આપણે કરી લેવી જોઈએ. જરૂર છે તે માટે જબ્બર પુરુષાર્થ કરવાની.

આપણા ઉત્તમ સાહિત્યકાર, શિક્ષણશાસ્ત્રી નિરંજન ભગતે આપેલું સૂત્ર 'ઉત્તમ અંગ્રેજી, માધ્યમ ગુજરાતી' અપનાવવા જેવું છે.

# શિક્ષણ સૃષ્ટિ



**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# સુખની અગિયારી

સુખી હોવાની પ્રતીતિ થાય એ માટે દશવાના હોવા જોઈએ. એને ક્રમમાં ન ગોઠવી શકાય પણ વર્ણવી શકાય. આમ તો **સુખની એક જ માસ્ટર કી છેઃ સંતોષી નર સદા સુખી.** આપણે ત્યાં એવું કહેવાય છે કે **'પહેલું સુખ તે જાતે નર્યા'.** પ્રથમ સુખ સ્વાસ્થ્યનું છે. શરીર માંદલું બિમાર હોય, માણસ શારીરિક તંદુરસ્ત ન હોય તો જીવનમાં આનંદ માણી શકતા નથી. ખુશી ન હોય તો જીવન શું કામનું. આંખમાં ઝાંખપ, કાનની બહેરાશ, પાચનની તકલીફ, અનિદ્રા હોય તો મજા ન આવે. **બિમારી નાની હોય કે મોટી કરોડોની બંગલા પ્રોપર્ટી વચ્ચે ચેન ન હોય.**

માણસને અન્ન વસ્ત્ર અને રહેઠાણની જરૂરત છે. શરીરને જોઈએ એટલું અને એવું ખાવાનું મળી રહે, એટલું ન હોય તો દુઃખ અનુભવે. આર્થિક સદ્ધરતા હોય તો સારું. રહેવા મકાન હોય, ફરવા વાહન હોય, જરુરિયાત મુજબ વાપરવા જોગ પૈસા હોય એટલે પુરતું છે. સુખસુવિધા આપવા માટે જરૂર પૂરતું હોવું જોઈએ. એમાં ઓછું હોય તો દુઃખ થાય. ઘણીવાર અતિરેક થાય તો પણ દુઃખનું કારણ બનવા સંભવ છે. ન હોય તો ખાલિપો કનડે અને મખમલી ગાદલા પર ઊંઘ ન આવે. **કમરતોડ ઉછીઉધારા લઈને જરૂરિયાત કે અન્ય મહત્વાકાંક્ષા તૃપ્ત કરવામાં જોખમ છે.**

**માણસને જીવવા માટે સુખદુઃખના સાથી કહી શકાય એવા સ્વજન હોવા જોઈએ.** જીવનસંગિની, પરિજન કે સારા મિત્રો હોય તો જીવવાની ઓર મજા આવશે. ઘરમાં વિચારનો તાલમેલ નહીં હોય તો રોજ મહાભારત. **ઘરમાં સદગૃહિણી હોય તો બેડો પાર થઈ જાય.**

એકધારી જીવન ઘટમાળ આપણને તંગ કરી દે છે. એકધારું કામ કરનાર અને મશીન બેય સરખા છે. જીંદગી ધૂપ છાંવ છે. છાંયો ગમે છે કારણકે તડકાનું અસ્તિત્વ છે. ભોજન સાથે ષડરસ છે અને સાહિત્યમાં નવરસ છે. એવું જ સુખ અને દુઃખનું છે. સુખ કે દુઃખ એકધારું હોય તો તંગ બની જાય. **જીવનમાં ભરતી ઓટ આવવી જોઈએ. સુખમાં છલકાય નહિ દુઃખમાં રડાય નહીં.** સુખ-દુઃખ ઉભયનું સંતુલન સુખ આપી શકે છે. ભગવત ગીતામાં વર્ણવેલા સ્થિતપ્રજ્ઞના લક્ષણો અથવા નરસિંહ મહેતાનું પરિચિત પદ 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' યાદ કરીએ. એવું એક **ગુરુમહિમા વર્ણવતું ગીત પણ યાદ રાખવા જેવું છેઃ**

**ગુરુજી ના નામની હો માળા છે ડોકમાં,**
**પ્રભુજીના નામની હો માળા છે ડોકમાં.**
**ખોટું બોલાય નહિ,ખોટું સંભળાય નહિ,**
**ખોટું જોવાય નહિ હો માળા છે ડોકમાં.**
**ક્રોધ કદી થાય નહિ, નિંદા કરાય નહિ,**
**પરને પીડાય નહિ હો માળા છે ડોકમાં.**
**સુખમાં છલકાય નહિ, દુઃખમાં રડાય નહિ,**
**ભક્તિ ભુલાય નહિ હો માળા છે ડોકમાં.**
**સંઘરો કરાય નહિ, એકલા ખવાય નહિ,**
**ભેદભાવ થાય નહિ હો માળા છે ડોકમાં.**
**બોલ્યું બદલાય નહિ, ટેક ત્યજાય નહિ,**
**કંઠી લજવાય નહિ હો માળા છે ડોકમાં.**

જેમણે જીવનમાં તમારા કરતા સારૂ કામ કર્યુ છે, તેમનાં કરતાં ઊંચે જવાનું, એની ઈચ્છાઓ કરવાનું બંધ કરો. તમારી આવી સૂક્ષ્મ ઈર્ષ્યા તમને ક્ષીણ બનાવી શકે છે; તમારી જાતની તુલના અન્ય લોકો સાથે કરવાનું ટાળો. આપણને ગમતું કામ કરવામાં મજા આવે છે. કોઈ કલા જેવી કે સંગીત, નૃત્ય, ચિત્ર, સાહિત્ય હસ્તગત હોય તો આનંદ માણવા માટે ઉપકારક બનશે. ઉત્તમ વાંચન કરવું, સેવા કેન્દ્રમાં સેવા કરવી, કોઈ મંડળના સદસ્ય બનીને મૈત્રી કેળવવી. આપણું દુઃખ ભૂલવા માટે અન્યત્ર આનંદદાયી પ્રવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વનું છે.

કોઈ વિશે ટીકાટીપણ ન કરવી, કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ ન

# શિક્ષણ સૃષ્ટિ

રાખવો, વ્યવહારમાં હઠાગ્રહ ન રાખવા, નેગેટિવ વિચાર કે વ્યવહાર ન કરવો. એમ કરવાથી સંબંધો વણસે છે. માણસ સામાજિક પ્રાણી છે. **મનુભાઈ ત્રિવેદી 'ગાફીલ' કહે છે:**

**જુદી જીંદગી છે મિજાજે - મિજાજે;**
**જુદી બંદગી છે નમાજે - નમાજે**
**છે એક જ સમંદર, થયું એટલે શું?**
**જુદા છે મુસાફર જહાજે - જહાજે**
**ભલે હોય એક જ એ અંતરથી વહેતા,**
**છે સૂરો જુદેરા રિયાજે - રિયાજે**
**જુદા અર્થ છે શબ્દના બોલવા પર,**
**છે શબ્દોય જુદા અવાજે - અવાજે**
**જીવન જેમ જુદાં છે કાયાય જુદી,**
**છે મૃત્યુય જુદાં જનાજે - જનાજે**
**હઠી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ,**
**જુદી પ્રિત જાગે મલાજે - મલાજે**
**તમે કેમ 'ગાફિલ' હજીયે છો ગાફિલ ?**
**જુઓ, બદલે દુનિયા તકાજે - તકાજે**

ખુશમિજાજ જાળવવો એ સંયમ છે. મિજાજ બદલવો યોગ્ય નથી. પરપિડન, આતમપિડન, વેરવૃત્તિ, અહંકાર, ક્રોધ હશે તો નડતર થશે. જીવનધારા ભરતી ઓટમાં ચાલે છે. જીંદગી વેળાવેળાની છાંયડી છે. **કવિ પ્રભુલાલ દ્વિવેદી કહે છે:**

**એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી,**
**એથી જ શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથી.**
**ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા જેને નથી,**
**એ જ શૂરા જે મુસીબત જોઈ ગભરાતા નથી.**
**ખીલે તે કરમાય છે, સર્જાય તે લોપાય છે,**
**જે ચઢે તે પડે, એ નિયમ બદલાતા નથી.**
**એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.**

કુદરતી સ્થળો મજા આપે છે. નદી કિનારે, દરિયા કિનારે, ખેતર, કોતર, પર્વત અને જંગલમાં ફરવાની મજા છે. ઘર છોડીને જનારને જ વિશ્વની વિશાળતાની મોજ મળે છે. સુવિધાઓ અસંતોષ આપશે. ઘરની બહાર વૃક્ષ અને પંખીઓ કલરવ આનંદ આપશે. **ઉમાશંકર જોશી કહે છે:**

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો, વનો, ને છે વનસ્પતિ!

**સમય દુઃખમય હોય તો હરેરી ન જવાય અને સુખ સમૃદ્ધિ છલકાય તો બેફામ ન બની જવાય.** ભૂતકાળ ભૂલીને સૌની સાથે સૌના બનીને રહેવું યોગ્ય છે. હાર કરતાં જીત પચાવવી અઘરી છે. સમય હોય ત્યારે છકી ના જવાય. નાના માણસોની સરળતા, પ્રમાણિકતા, સેવાભાવના અને ઉમદા વિચારો સ્પર્શી જાય એવું બને છે. બિલથી નહિ પણ દિલથી નાના મોટાનું માપ નીકળે છે. **પ્રેમશંકર ભટ્ટનું નાનું કાવ્ય ઘણું કહી જાય છે:**

**તું નાનો, હું મોટો - એવો ખ્યાલ જગતનો ખોટો;**
**આ નાનો, આ મોટો - એવો મૂરખ કરતા ગોટો.**
**ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો ;**
**તરસ્યાને તો દરિયાથીયે લોટો લાગે મોટો.**
**નાના છોડે મહેકી ઊઠે કેવો ગુલાબ ગોટો !**
**ઊંચા ઊંચા ઝાડે તમને જડશે એનો જોટો ?**
**મન નાનું તે નાનો, જેનું મન મોટું તે મોટો.**

વૈભવ વચ્ચે સુખ શાંતિ દેખાય છે પણ એ છેતરામણી છે. વસ્તુઓ વચ્ચે ખાલિપો અને અસંતોષ મળે છે. ભૌતિકવાદ નવીનતમની અપેક્ષાઓ લઈને આવે છે એટલે અતૃપ્તિ વધારે છે. **ધ્યાન, ધારણા, પૂજા, અર્ચન અને યોગ શરીર અને મનની તંદુરસ્તી માટે કામયાબ પ્રવૃત્તિ છે.** અધ્યાત્મ અભિમુખ થવામાં ઉપકારક બને છે. **અધ્યાત્મ પરમ સંતોષ આપે છે. પરમ સમીપે જ સાચું સુખ મળે છે.**

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# "સંધ્યા સમયે ઝાડની ઓથે આથમતો સૂરજ"

સવારનો સમય છે, સૂર્ય પોતાના કુમળા સોનેરી કિરણો સાથે સમગ્ર પૂર્વ દિશાને દૈદિપ્યમાન કરી રહ્યો છે, પૃથ્વી ઉપર ભૂકંપ આવે, પ્રલય થાય કે દરિયામાં સુનામી આવે, ગમે તે થાય પરંતુ સૂર્ય પોતાની ગતિમાં ક્યાંય પણ અટક્યા વગર આગળ વધતો રહે છે, કોઈક જગ્યાએ જ્વાળામુખી ફાટ્યો છે કે પછી પ્રલય થયો છે... તો હવે શું થશે ??.. તેની ચિંતા કર્યા વગર બસ તે તો નિસ્પૃહ થઈને પોતાનું કાર્ય કરતો રહે છે. સૂર્ય પોતાની ઉર્જા પૃથ્વી ઉપર પાથરી સમગ્ર જીવસૃષ્ટિને પોષતો રહે છે. પાળતો રહે છે, સવારના સોનેરી કુમળા કિરણો.. બપોરે તીવ્રતા ધારણ કરી, સાંજ સુધીમાં નમ્ર થઈ જાય છે. માણસના જીવનમાં પણ એવું જ છે. બાલ્ય અવસ્થામાં કોમળતા - કુમળાપણું હોય છે, યુવાનીમાં જોશ - થનગનાટની તીવ્રતાનો તાપ હોય છે અને બુઢાપામાં નમ્રતા ધારણ કરવી પડે છે, કોઈ દુઃખ... ગ્લાનિ સુખ જેને સ્પર્શી શકતા નથી તે જ્ઞાની થઈ જાય છે, જીવનમાં આવતા દરેક ઝંઝાવાતો - સંઘર્ષોમાં સૂર્યની જેમ ગતિ કરતા રહેવાનું. ક્યાંય અટકવાનું નથી, આજે સાંજે સૂરજ આથમી જાય છે તેનો મતલબ એ નથી કે સૂર્યનું અસ્તિત્વ મટી ગયું. આજનો આથમતો સૂર્ય આવતી કાલે નવી ઊર્જા સાથે ફરી ઊગવાનો જ છે તે નિશ્ચિત છે તેમાં કોઈ મીનમેખ નથી, તેમ આજના દુઃખો આવતીકાલે સુખમાં પરિવર્તિત થવાના જ છે, સમય ચાલતો રહે છે કશું જ સ્થિર નથી, બધું જ પરિવર્તનશીલ છે બદલાતું રહે છે, નાનો છોડ મોટું વટ વૃક્ષ બનવાનો જ છે, આજની નાનકડી કુંપણ આવતીકાલે મોટા પાંદડા સ્વરૂપે પરિવર્તિત થવાની જ છે.

સવારની વહેલી પરોઢે પુષ્પ ઉપર બેઠેલું ઝાકળનું બિંદુ ખૂબ જ ખુશખુશાલ થઈ રહ્યું હતું. હર્ષ અને ઉમંગથી ખીલી રહ્યું હતું. ઝૂલી રહ્યું હતું. એ જાણવા છતાં કે હમણાં થોડીવારમાં સૂર્યના કિરણો તેની ઉપર પડશે અને પોતાનું જીવન સમાપ્ત થશે,.. એમ છતાં જીવવા માટેનો જેટલો પણ સમય બચ્યો છે તેને તે મસ્તીથી માણી રહ્યું છે, જે પુષ્પ ઉપર તે બેઠું છે તેનું પણ આયુષ્ય ઓછું છે, તે પણ પીળું પડીને આ દુનિયાને અલવિદા કરી દેશે, એમ છતાં બન્ને જીવનને માણી રહ્યા છે, આખરે સૂર્યનું પહેલું કિરણ ઝાકળ ઉપર પડે છે. અને મૃત્યુ નજીક હોવા છતાં ઝાકળનું બિંદુ સોનેરી ચમક જાળવી રાખી.. ચમકી ઉઠી.. પાંદડાને અલવિદા કરે છે, કહેવાનું તાત્પર્ય એ છે કે **જ્યાં સુધી જીવો ભરપૂર જીવો.. મસ્ત જીવો.. મોજમાં જીવો, વર્તમાનમાં જીવો...** નહિ ભવિષ્યમાં કે નહિ ભૂતકાળમાં જીવન અટકવાનું નથી, તમે હોવ કે ના હોવ!!.. તમારા હોવા... ના... હોવાનો કોઈ ફરક ના પડતો હોય તો પછી દુઃખના સાગરમાં હલેસા મારવા કરતા આપણી નાવને મોજાં અને પવનને સહારે છોડી દેવી હિતાવહ છે, કિનારો આવશે.. આવશે અને આવશે જ તે નિર્વિવાદ છે.

**દરેક નવી સવાર ઉજ્જવળ ભવિષ્ય સાથે આવતી જ હોય છે,** ભૂતકાળ ની કેટલીક દુઃખદ ઘટનાઓ સંસ્મરણો યાદોને વાગોળ્યા કરતા તેને ભૂતકાળમાં ભંડારી દઈ ઉગતા સૂર્યના દર્શન કરી, આવનાર ઉજ્જવળ ભવિષ્યની સુખદ પળોની કલ્પના કરો, ભૂતકાળમાં બનેલી ઘટનાઓમાં તમે કોઈ જ ફેરફાર કરી શકતા નથી. તમારા હાથમાં જે છે તે વર્તમાન છે તેમાં તમે જે ધારો અને જે ઈચ્છો તે બધું જ કરી શકો, તમારી કલ્પના મુજબ તમે બધો જ ફેરફાર વર્તમાનમાં કરી શકો, નવી સવાર નવું પ્રભાત એક અલગ જ ઉમંગની અનુભૂતિ લઈને આવે છે, કુદરતે સર્જેલી તમામ જીવસૃષ્ટિ સૂર્યનું આગમન નવું પ્રભાત એક અલગ જ ઉમંગની અનુભૂતિ લઈને આવે છે, કુદરતે સર્જેલી તમામ જીવસૃષ્ટિ સૂર્યના આગમન સાથે જ આનંદિત થઈને પોતાની મસ્તીમાં નીકળી પડે છે, દૂર દૂર ઝાડ ઉપર બેઠેલી કોયલનો મીઠો ટહુકો અને કબુતરનું ઘુ...ઘું...ઘુ... હવામાં પ્રાણ પુરી દે છે, નવી તાજી કુંપણો ફૂટી રહી હોય છે, નવા ફૂલો પણ હવાને સુગંધિત કરી પોતાના આગમનનો સંકેત આપે છે, **દરેક જીવસૃષ્ટિ વાતાવરણમાં પોત પોતાની ઊર્જા રેડી પોતાનું યોગદાન આપે છે, એક માણસ જ એવો જ જીવ છે કે જેને આ હરી ભરી પ્રફુલ્લિત સૃષ્ટિની હકારાત્મક અસર થતી નથી અને માણસ વારંવાર ઉદાસ મનને શરણે જતો રહે છે.**

સંધ્યા સમયે કોઈ ઝાડની ઓથે આથમતો સૂરજ કે પછી અંધારું ચીરીને બહાર આવતો ચંદ્ર પોતે પોતાની ઉગવા આથમવાની ગતિમાં સહેજ પણ ફેરફાર નથી કરતા, સૂર્ય એવું ક્યારેય વિચારતો નથી કે આ સૃષ્ટિનો હું જ સર્વે સર્વા છું, તે અડ્ડો જમાવીને બેસતો પણ નથી. સમય થાય અને સાંજ પડે કે તરત જ તે આથમવાનું ચાલુ કરી દે છે અને ચંદ્ર ને ઉગવાની મોકળાશ આપે છે, ચંદ્ર પણ આ સૃષ્ટિ ઉપર આખી રાત એકહથ્થુ સત્તા ભોગવી સવાર પડતાં જ સૂર્ય માટે રસ્તો ખુલ્લો કરી સૂર્યના આગમનની વધામણી કરે છે, બધું જ પરિવર્તન શીલ છે કશું સ્થિર નથી ઉગતો સુર્ય સવારના સોનેરી કોમળ કિરણોથી શોભતો હોય છે, **સૃષ્ટિ સવારના ઉગતા સૂર્યની જ પૂજા કરે છે, આથમતા સૂર્યની ક્યારેય નહિ,** આવો આપણે સૌ પણ આપણી જ આજુબાજુ વસતા આપણા જ સ્નેહીઓને આપણી પકડમાંથી મુક્ત કરી જીવન જીવવાની મોકળાશ આપીએ.. સ્વતંત્રતા આપીએ. બંધન હંમેશા ગૂંગળામણ વાળું હોય છે. તે પછી કોઈ પણ બંધન હોય, **પરાણે બાંધી રાખેલા સંબંધોનું આયુષ્ય ખૂબ ટુંકુ હોય છે અને આવા સંબંધો ટકાઉ હોતા પણ નથી તે નિર્વિવાદ છે.**

મો. ૯૮૨૫૦ ૧૪૦૬૩

## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# મમતાની મૂર્તિ - મા

ખલીલ જિબ્રાને કહ્યું છે કે - "The most beautiful word on the lips of the mankind is the Mother."

કહેવાય છે કે **આ વિશાળ સૃષ્ટિમાં ઈશ્વર બધે ના પહોંચી શકે માટે સર્જનહારે "મા"નું સર્જન કર્યું. આમ મા એ સાક્ષાત્ સર્જનહારનું જ સાકાર સ્વરૂપ છે. ઈશ્વરે માના હૃદયમાં જે મમતા મૂકી છે તે જ સાક્ષાત્ ઈશ્વરનું સ્વરૂપ છે.**

"હમને નહિ દેખા ઉસકો કભી પર ઉસકી જરૂરત ક્યા હોગી...!

અય મા તેરી સૂરત સે અલગ ભગવાનકી સૂરત ક્યા હોગી !!!

**ભગવાનને ભજવાથી મા નથી મળતી પણ માને ભાવથી ભજવાથી ભગવાન અવશ્ય મળી શકે કારણ કે ઈશ્વર તો એક કલ્પના છે જ્યારે મા એક હકીકત છે, ઈશ્વર નિરાકાર છે જ્યારે મા સકાર** છે અને ઈશ્વર એ આપણી શ્રદ્ધા છે પણ મા તો સાક્ષાત્કાર છે. બાળક જન્મે પછી એના મોઢામાંથી જે પહેલો અક્ષર નીકળે છે તે "મા" છે. મા શબ્દ બોલતાં જ મન મહોરી ઊઠે અને દિલ ડોલી ઊઠે છે. મા એટલે મમતા અને મૃદુતા, સહજ સ્નેહ અને પારાવાર પ્રેમ તેમજ પવિત્રતા અને સહિષ્ણુતાના સમન્વયની સજીવ મૂર્તિ. મા કોઈ ગરીબ બાળકની હોય કે મહાન વ્યક્તિની હોય પણ દરેક મા સરખી જ મમતામયી હોય છે. અસ્ખલિત, નિ:સ્વાર્થ અને અવિરત સ્નેહની પરિભાષા માની મમતાભરી નજરમાં જ તાદ્દશ થાય છે.

કવિ 'કાગ' કહે છે : મોઢે બોલું મા, ત્યાં સાચે જ નાનપણ સાંભરે પછી મોટપની મજા, મને કડવી લાગે કાગડા !

**સ્ત્રીનાં વિવિધ સ્વરૂપોમાં સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ જો કોઈ હોય તો તે 'મા'નું છે.** જગતના સર્વે સ્નેહસંબંધોમાં માતૃપ્રેમનું સ્થાન ખરેખર સર્વોચ્ચ અને અનન્ય છે. માતૃવાત્સલ્યની મીઠી વીરડી સંજોગોના ગમે તેવા સખત તાપમાંય સુકાતી નથી. મા તો **વાત્સલ્યનું વહેતું ઝરણું છે. મા માટે તો એનું દરેક બાળક એના કાળજાનો કટકો છે.** નવ નવ મહિના બાળકને પોતાના પેટમાં સાચવીને પછી પીડાદાયક પ્રસૂતિમાંથી પસાર થઈ માતા બાળકને જન્મ આપે છે. આટલી પીડા સહન કર્યા પછી મા જ્યારે પોતાની ગોદમાં નવજાત શિશુને નિહાળે છે ત્યારે તેના તનમનમાં જે ખુશી થાય છે તેની મમતાનું માહાત્મ્ય છે. **પણ બાળકના જન્મની સાથે જ એક માનો પણ જન્મ થાય છે.** અત્યાર સુધી એક સ્ત્રી તરીકે ઓળખાતી હતી તે હવે મા બને છે. એક "મા"નો જન્મ કે જેના તનમનમાંથી ફક્ત મમતા અને પ્રેમ જ છલકે છે માનું દિલ ગાઈ ઊઠે છે :

**"ચંદા હૈ તૂ, મેરા સૂરજ હૈ તૂ મેરી આંખો કા તારા હૈ તૂ. જીતી હૂં મૈ બસ તુજે દેખકર, ઈક માં કે દિલકા સહારા હૈ તૂ..."**

મા બાળકના ઉછેરની બધી જવાબદારી કેટલા ઉત્સાહથી નિભાવે છે. શરીરમાં જ્યારથી ગર્ભનું આરોપણ થાય છે ત્યારથી લઈને બાળક દુનિયામાં પોતાના પગ પર ઊભું થાય ત્યાં સુધી તે પોતાનું સર્વસ્વ - સમગ્ર જીવન અર્પણ કરે છે અને એ પણ **કશીયે અપેક્ષા વગર કોઈ પણ હેતુ વિના હેતની લહાણી તો બસ મા જ કરી શકે.** દુનિયાના દરેક સંબંધમાં સ્વાર્થ છુપાયેલો હોય છે. એક માનો બાળક સાથેનો સંબંધ એવો છે જેમાં ફક્ત સ્નેહ, પ્રેમ અને લાગણી જ છે. કોઈ સ્વાર્થ નહિ.

વેણીભાઈ પુરોહિતે એક કાવ્યમાં લખ્યું છે ને કે - "એક જ અક્ષર અજર - અમર છે, એક મંત્ર છે મા, માતાના લાલનપાલનમાં સૌ પામે છે શાતા દેવોએ દીધેલું અમૃત દુનિયાએ ક્યાં પીધું, - માતાની મમતાનું અમૃત સૌએ ચાખી લીધું."

માની મમતા અને પ્રેમ હંમેશા નિ:સ્વાર્થ અને નિર્વ્યાજ હોય છે. તેથી જ મા-બાળક વચ્ચે જે વાત્સલ્યનો સંબંધ છે તે ભગવાન અને ભક્તના ભક્તિસંબંધ કરતાંયે સવાયો છે, એટલે મા તો ઈશ્વર કરતાં પણ એક સોપાન ઉપર છે. **ઈશ્વરે ભલે માનું સર્જન કર્યું પણ રામ અને કૃષ્ણનું સર્જન તો કૌશલ્યા અને યશોદાએ જ કર્યું છે ને ? આમ, માનો સર્જનહાર ખુદ મા કરતાં નાનો જ છે.** ઋજુતા, મમતા, પ્રેમ, લાગણી, આંસુ, ભાવ, સંવેદન, અનુભૂતિ આ બધાય શબ્દો મા પાસે વામણા બની જાય છે. **મા કરતાં મોટું આ વિશ્વમાં કોઈ જ નથી એટલે જ જગતમાં માને પરમાત્માનું પવિત્ર પ્રતીક માનવામાં આવે છે. એટલે જ તો માતૃ દેવો ભવઃ કહેવાય છે.**

સ્ત્રી મા બને છે ત્યારે મહાન બને છે. તેના વ્યક્તિત્વ અને અસ્તિત્વ ઉપર માતૃત્વનું જ પ્રભુત્વ છે તેથી જ જગતના ઝેર પચાવીને બાળકને ઉરના અમૃત પાય છે. જે અમૃતતુલ્ય દૂધની મધુરતા માણવા માટે સ્વયં શ્રીરામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર કે ઈશુને પણ મનુષ્ય સ્વરૂપે અવતાર ધારણ કરવો પડ્યો. માતૃત્વના બદલામાં તે જગતમાં તમામ દુ:ખ, પીડા, યાતના, વેદના અને વિઘ્નો સહન કરે છે અને પોતાના સંતાનને શ્વાસ - પ્રાણની જેમ સાચવે છે. અપેક્ષા વિના જીવનભર પારાવાર સ્નેહ આપે છે. માટે તો **લોકકવિ ધરમશી કહે છે....**

ઘરમાં કાશી, ઘરમાં મથુરા, ઘરમાં ગોકુળિયું ગામ રે, મારે નથી જાવું તીરથધામ અહીં કાશી એટલે મા, મથુરા એટલે પિતા અને ગોકુળિયું ગામ એટલે આપણો પરિવાર. આમ જો બધું ઘરમાં જ હોય તો તીરથધામ જવાનું શું કામ પડે ? સાચે જ જગતનાં સૌ સગાં-સ્નેહીઓ વચ્ચે માતાની સૌજન્યમૂર્તિ - મમતામૂર્તિ પૂનમના ચાંદ જેવી ઝળહળે છે. જેના હાડ હાડમાં હેત ભર્યું વેણ વેણ વરદાન દેખ, ઘરેઘર એ જ બિરાજે માટે જ તો ભૂતળમાં ભગવાન....

**શ્રી સુરેન ઠાકર 'મેહુલ' સાહેબ લખે છે ને કે...** શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે ? જે માની ગોદમાં છે - તે હિમાલયમાં નથી હોતી.



**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રી એટલે પ્રેરણામૂર્તિ

આધ્યાત્મ અને પ્રેમના સંદેશાને કલમમાં ઉતારીને જીવંત સાહિત્યના લેખક ખલિલ જિબ્રાનના જીવન અને વ્યક્તિત્વને જોઈશું તો જણાયા વગર નહિ રહે કે તેમના જીવનમાં નારીનો ફાળો અનન્ય છે. “મારામાં ‘મારું’ કહી શકાય તે બધું નારીને આભારી છે. માતા, બહેન અને મિત્ર સ્વરૂપે મારા જીવનમાં પ્રવેશ કરી ગયેલી નારી વગર હું નસકોરાં બોલાવી જગતની શાંતિ શોધતા માનવીની જમાતમાં ઊંઘતો હતો.” આ શબ્દો વિખ્યાત લેખક ખલિલ જિબ્રાનના છે.

હકીકતમાં સ્ત્રીનું સાચું સામર્થ્ય સમજવાની જેમ પુરુષવર્ગ દરકાર કરી નથી, તેમ સ્ત્રીવર્ગે એ સમજવા જરૂરી પ્રયાસ નથી કરેલો. સ્ત્રી-પુરુષ વચ્ચેની સર્વાંગી તુલના કરવામાં આવે તો જીવનચક્રમાં પુરુષ કરતાં સ્ત્રી જ વધુ ચડિયાતી જણાયા વિના નહિં રહે.

પુરુષ કરતાં સ્ત્રીના શરીરમાં ચરબીનું પ્રમાણ વધુ હોવાથી તેની ચામડી મુલાયમ રહે છે. અને ઠંડી પણ ઓછી વાય છે. સ્ત્રીની ઊંચાઈ પુરુષો કરતાં સરેરાશ ૪ ઈંચ ઓછી હોય છે. તેના હાડકા પુરુષ જેટલાં મોટાં ન હોવા છતાં પુરુષ કરતાં વધુ મજબૂત હોય છે. વધુ ઉત્સાહી અને વધુ સહનશક્તિ ધરાવતી હોય છે. સ્વરયંત્ર પુરુષ કરતાં નાનું છે એટલે સ્ત્રીનો સ્વર મૃદુ હોય છે અને કલાકો સુધી બોલ્યે રાખવા છતાં તે થાકતી નથી.

સ્ત્રીના મગજનું વજન પુરુષ કરતાં ઓછું હોય છે, પરંતુ પુરુષ કરતાં સ્ત્રીની નિરીક્ષણ શક્તિ આઠગણી તીવ્ર હોય છે. તેના પાપણના પલકારા પણ પુરુષ કરતાં ઓછા હોઈને તે પોતાની દૃષ્ટિ વધુ સ્થિર રાખી શકે છે. સ્ત્રી પુરુષ કરતાં વધુ માનસિક સ્થિરતા ધરાવે છે.

લાગણીનો પ્રશ્ન લઈએ તો પ્રેમ અને ઈર્ષા એ બંને લાગણીઓ સ્ત્રીઓમાં તીવ્રતમ હોય છે.

સ્ત્રીએ પોતાના અંતર્ગત સામર્થ્યને અનુસરીને સમાજમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવાનું છે. સ્ત્રી એ અબળા કે પુરુષનો કેવળ પડછાયો જ નથી. એને સ્વતંત્ર વ્યક્તિત્વ છે.

ચારે તરફ દૃષ્ટિ કરતાં લાગે છે કે નર-નારીના રૂપમાં વિભાજિત બ્રહ્માંડ અદ્વૈતની સાધના કરી રહ્યું છે. બંન્નેના સ્વરૂપ અલગ છે, અને બન્ને અધૂરા છે, એકબીજામાં ભળીને પૂર્ણતા અનુભવે છે. એકલી સ્ત્રી કે એકલો પુરુષ કાંઈ નથી.

જે લોકો ઈશ્વરને નથી માનતા તેઓ પણ નર-નારીના પરસ્પરના પ્રચંડ આકર્ષણને તો માનતા જ હશે. હજારો લોહચુંબક કરતાં તથા ગુરુત્વાકર્ષણથી પણ હજારોગણું વધારે આકર્ષણ આ નર-નારીની બ્રહ્માંડ રચનામાં છે.

કુદરતી પરિપેક્ષ્યમાં સ્ત્રીને સમર્પિત થવાનું છે. તેના સમર્પણથી પુરુષનું પ્રત્યાર્પણ થાય છે. સમર્પણ અને પ્રત્યાર્પણથી દાંપત્ય નિષ્પન્ન થાય છે. અહંભાવ અને સ્વાર્થના ત્યાગ વિના દાંપત્ય પાંગરતું નથી, તેમ જ ચારિત્ર્યની શંકાવાળું લગ્નજીવન પણ સુખપૂર્વક ભોગવી શકાતું નથી.

સાપનો ભારો કે પથ્થરો તો હવે સ્ત્રી નથી રહી પરંતુ નરકની ખાણ કહેનાર ધર્માત્માઓની જન્મદાતા પણ સ્ત્રી રહી છે. સ્ત્રી એટલે પ્રેરણામૂર્તિ, સ્ત્રી એટલે કરુણામૂર્તિ, સ્ત્રી એટલે પ્રેમમૂર્તિ એવું ક્યારે કહીશું ?

(અનુ. પેઈજ ૩૭નું શરૂ) **કેળવણીનો પ્રચાર**

આ માટે આપણે કામ કરવું પડશે. હવે, એ માટે મારે યુવાનોની જરૂર છે. **વેદો કહે છે, ‘યુવાન, સશક્ત, સ્વસ્થ અને મેઘાવી હોય તે ઈશ્વરને પામશે.’**

તમારું ભાવિ નક્કી કરવાની આ તક છે : **યુવાનીનું જોમ તમારામાં ભર્યું છે. જ્યારે તમે જર્જરિત અને નકામા થઈ જશો ત્યારે નહિં. યૌવનની તાજગી અને જોમ હશે ત્યાં સુધી કામ કરો. આ જ સુયોગ્ય સમય છે.** કારણ કે, પ્રભુચરણે તાજાં, અસ્પૃષ્ટ અને વણસૂંધ્યાં પુષ્પો જ ધરાય છે : પ્રભુ એનો જ સ્વીકાર કરે છે.

માટે આપણે એક મહાન આદર્શ સ્વીકારી લઈએ અને એને માટે સમગ્ર જીવન ન્યોછાવર કરીએ. આપણો આ જ નિશ્ચય હોય. ‘સાધુ પુરુષોના સંરક્ષણ માટે યુગે યુગે અવતાર ધારણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણ આપણને આશીર્વાદ આપો તથા આપણા આદર્શોની સિધ્ધિ તરફ આપણને દોરી જાઓ’

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।** ઊઠો, જાગો અને ધ્યેયસિદ્ધિ થતાં સુધી અટકો નહિં. **(કઠોપષિદ : ૧,૩,૪)**

**તમારા ધર્મના રક્ષણ માટે તત્પર રહો :** “પ્રિય ભાઈ સિંહા, કોઈ તમારી માતાનું અપમાન કરે તો તમે શું કરો ?” “હું એના પર તૂટી પડું, સાહેબ, ને એને ઠીક ઠીક પાઠ ભણાવું !” બરાબર છે ! પરંતુ આપણા દેશની સાચી માતારૂપ આપણા ધર્મ માટે તેમની એવી જ તીવ્રલાગણી હોય તો તમે તમારા કોઈપણ હિંદુભાઈને ખ્રિસ્તી બનાવતા જોતા રહો નહિં. છતાં તમે આવું બનતું દરરોજ જોઈ રહ્યા છો અને તમે તેની તરફ બેદરકાર છો. ક્યાં છે તમારો ધર્મ ? ક્યાં છે તમારો દેશપ્રેમ ? તમારી સાથે જ ખ્રિસ્તી મિશનરીઓ દરરોજ હિંદુ ધર્મને ગાળો દેતા હોય છે અને છતાં તેના રક્ષણાર્થે ખડા થાય એવા તમારામાંથી કેટલા છે ? આ હકીકતથી જેમનું લોહી નૈતિક રોષથી ઉકળી આવતું હોય એવા કેટલા છે ?”

## નારી સૃષ્ટિ



**શ્રીમતી સુનિતા ડી. વ્યાસ**
લેખિકા, કોલમિસ્ટ, દાર્શનિક અને સામાજીક કાર્યકર્તા, ઊર્મિશીલ કાવ્ય તથા ગઝલની સશક્ત કવયિત્રી છે.

# સંબંધોની મધુરતા એટલે શું ?

સંબંધ નહીં પણ સંબંધાવું એટલે શું ? પ્રેમ એક એવી સચેત અવસ્થા છે જ્યાં તમે હર્ષઘેલા હોવ છો. જ્યાં તમારું અંગેઅંગ નૃત્ય કરતું હોય છે. તમારા કેન્દ્રમાં કંઈક ધ્રુજવા માંડે છે.

તેજોમય પ્રકાશ હોય છે. આસપાસ કંઈક ધબકવા લાગે છે. લોકો સુધી પહોંચવા લાગે છે. સ્ત્રીઓ સુધી, પુરુષો સુધી પહોંચે છે. પથ્થરો, વૃક્ષો ને તારાઓ સુધી પહોંચે છે.

હું સમગ્ર અસ્તિત્વ સાથેના પ્રેમની વાત કરું છું. ફક્ત સંબંધ પૂરતી જ નહીં. સંબંધ તો એનો નાનોસરખો ભાગ છે. તમારે એકલા રહેવું જોઈએ. તદ્દન એકલા અને છતાં પ્રફુલ્લિત રહો તો જ તમે પ્રેમ કરી શકો. પ્રેમને વહેંચી શકો. તમે જેને પ્રેમ કરો છો તે પ્રેમ જરૂરિયાત નથી રહેતો પણ આનંદદાયક હોય છે.

તમે જેના પ્રેમમાં છો તેને પણ પ્રેમ નથી હોતો. આ બંને એકબીજા પાસે પ્રેમ માંગી રહ્યા હોય છે. તેથી જ ઝઘડો છે પ્રેમીઓ વચ્ચે નજીવી બાબતે, દુન્યવી વસ્તુ માટે, બુદ્ધિહીન વાતો માટે ઝઘડાઓ થયા કરે છે. મિત્રો, તમને નથી લાગતું કે જ્યારે બધા મેળવવામાં જ પડ્યા હોય ત્યારે કોઈને કશું જ નથી મળતું....! બધાને ખોટ ગઈ હોય તેવું લાગે છે. ખાલીપણું ને તનાવ અનુભવાય છે. મિત્રો તમે પાયા વગરનું મંદિર બનાવવા જઈ રહ્યા છે. જો તને પ્રેમની નિષ્ફળતામાંથી કંઈક શીખો તો તે વધુ જાગ્રત થવું, વધુ ધ્યાનસ્થ થવું ગણાશે. તમે એક ઓરડામાં કે બહાર એકલા શાંતિથી બેઠા હશો. તો લોકો તમને કહેશે, બોલ્યા વગર પથ્થરની જેમ બેઠા છે. પાગલ થઈ ગયો છે કે શું તમારે કોઈ જ સંબંધની જરૂરિયાત નથી છતાં તમે બીજા સાથે સંબંધાઈ શકો છો. તેમાં સંબંધી હોવું જરૂરી નથી. સંબંધ હોવું એક એવી વસ્તુ છે જેને તમે વળગી રહો છો. સંબંધાવું એ વહેતી હાલતી ચાલતી પ્રક્રિયા છે. તમારી પાસે આપવા માટે ખૂબ જ પ્રેમ છે. જેમજેમ તમે આપતા જાવ છો તેમ તેમ પ્રેમ વધતો જાય છે.

**પ્રેમ એટલે શું એની એક ઝલક આપું**

**ઉદાહરણ :** નદી વહેતી વહેતી એક વૃક્ષ પાસેથી નીકળે છે. વૃક્ષને કેમ છો? એવું પૂછે છે. વૃક્ષને પોતાના પાણીથી સીંચે છે અને નૃત્ય કરતી આગળ વહી જાય છે. નદી વૃક્ષને વળગી રહેતી નથી અને વૃક્ષ એમ પૂછતું નથી કે એ નદી, તું ક્યા જાય છે? આપણે તો કહીએ છીએ... લગ્ન થયા છે મને છોડીને જાય તે પહેલાં છૂટાછેડા લેવા પડશે. જો તું મને



છોડીને જતી જ રહેવાની હતી તો આગળ-પાછળ નૃત્ય કેમ કરતી હતી ? તેં મને પોષણ જ શા માટે આપ્યું આવું બધું બોલીએ છીએ. પણ વૃક્ષો ઉંડા આ ભારની લાગણી સાથે નદી પર ફૂલ ને ફળ વરસાવે છે અને નદી આગળ વહી નીકળે છે. પવન પણ વૃક્ષની આગળ-પાછળ નૃત્ય કરે છે ને તે પણ આગળ ચાલી નીકળે છે. એ પવન વૃક્ષ પોતાની સુગંધ આપે છે. આનું નામ સંબંધાવું. માણસ કાળક્રમે વૃદ્ધિ પામે છે. પુષ્પ બને છે. લોકોને મળે છે. વહેંચે છે ને આગળ વધે છે. પ્રેમ એ સત્તા જમાવવાની વસ્તુ નથી. મારાપણાનો અહમ તેમાં નથી હોતો. પ્રેમમાં જે મળે છે તે ઘણું માની જિંદગીની સફરમાં નદીની જેમ વહેતા રહો ને મસ્તીના ગીત ગાતા રહો.

### "વિશ્વ એકતા"

નથી જોઈતા પક્ષ ન કોઈ ભેદભાવ,
મારો તો જોઈએ છે માનવતાના ભાવ.
ઋણ અદા કરવું છે ભારતની ધરતીનું,
શ્વાસોમાં ભરવી છે પ્રેમની સુવાસ.
જીવવું છે હવે સાચા અર્થમાં આઝાદ,
એકતાના રંગમાં રંગવું છે વિશ્વને.
પ્રેમનો રચવો છે એક નવો ઇતિહાસ,
દુનિયામાં ઉગાડવા છે શાંતિના બાગ.
ધર્મ જ્ઞાતિના મિટાવવા છે બધા ભેદભાવ,
વિશ્વ એકતાનો ઝંડો લહેરાવવો છે આજ.

મો. ૯૪૨૯૯ ૫૫૮૧૭


BIS
HUID JEWELLERY
JC SONI™
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# ભૂતકાળની પીડા અને વર્તમાનનો આનંદ !

તમે ભૂતકાળની ઘટનાના કારાવાસમાં જનમટીપની સજા તો પામ્યા નથી ને ? ગઈ કાલની એ ઘટનાઓ જીવનભર તમારા મન પર ચોતરફ પહેરો રાખતી હોય છે. એ ઘટનાઓ સવાર-સાંજ મનમાં તરવરતી હોય છે. અને એ ઘટનાઓ વ્યક્તિને જીવનપર્યંત વસવસો આપતી હોય છે.

કેટલીક વ્યક્તિઓ બાળપણની મધુર યાદમાં એવી ખોવાઈ જાય છે કે એમને એ ભોળપણભર્યું બાળપણ અતિ વહાલું લાગે છે. હકીકતમાં તો એમને એમનો વર્તમાન આકરો લાગતો હોવાથી એ બાળપણ સાથે મહોબ્બત કરી બેસે છે અને પછી તુલના કરે છે કે બાળપણમાં કેવો નિર્દોષ આનંદ હતો ! કેવાં મોજમસ્તી હતા ! કેવાં તોફાનો અને રઝળપાટ હતા ! પણ બાળપણનું એ ભોળપણ તો ક્યારનુંય ચાલ્યું ગયું હોય છે. એ નિર્દોષતાના સ્થાને ધીરે ધીરે શઠતાએ આસન જમાવી દીધું હોય છે. દુનિયાદારીના અનુભવોએ તમારા મનનો અને તનનો આખોય ચહેરો બદલી નાખ્યો હોય છે.

હવે આવી સ્થિતિમાં **ભૂતકાળને યાદ કરીને આંસુ સારવાં કેટલાં યોગ્ય છે ?** ભૂતકાળની કેદમાં જનમટીપની સજા ભોગવનારાઓ એમના વર્તમાનને જેલના અંધારા સળિયા પાછળ ધકેલી દે છે.

કદાચ એ બાળપણ ફરી જીવવા મળે તો તમને ગમે ખરું ? તમે ના પાડશો, કારણ કે એવા બાળપણથી વર્તમાન સમયના કઠોર-નઠોર જગતમાં જીવી શકાય તેમ નથી. હકીકત તો એ છે કે બાળપણની એક દુનિયા હતી અને હવે એ ચાલી ગઈ છે. ગમે તેટલું કરશો તો પણ પાછી આવવાની નથી. તો પછી શા માટે બાળપણ છેક પ્રૌઢાવસ્થામાં પણ 'સોનેરી' લાગે છે ? એ હતું જે સમયે એ સમયે ભલે સોનેરી હોય, પણ હવે એ સમય વીતી ગયો છે અને કશું સોનેરી રહ્યું નથી.

કદાચ બાળપણ જેવી નિર્દોષતા જીવનમાં પામવાની ભાવના કોઈ સેવે, પરંતુ એ પણ પૂર્ણાંશે શક્ય કે સત્ય નથી. બાળપણનો વિરહ અનુભવીએ છીએ, પરંતુ બાળપણનું ભોળપણ હવે રાખવું ગમતું નથી અને તે યોગ્ય કે ઉચિત પણ નથી.

કેટલીક વ્યક્તિઓને વર્ષો પહેલાનું એમનું ગામ અહર્નિશ યાદ આવતું હોય છે એનાં વૃક્ષો, વનસ્પતિ અને જંગલોનું સ્મરણ થતું હોય છે. એ ગામ ગુમાવ્યાની પીડા અહર્નિશ અનુભવે છે. સમય જતાં એ મહાનગરમાં વસશે ખરાં, પણ ગામડું ગુમાવ્યાની સતત અને અસહ્ય પીડા સાથે.

ભૂતકાળની આ પીડા એમના વર્તમાનના આનંદને હરી લેશે. વર્ષો વીત્યા પછી હવે એ ગામડું પણ બદલાઈ ગયું હોય છે. જ્યાં વનરાજી જોઈ હતી. ત્યાં વેરાન રણ થઈ ગયું હોય છે. જ્યાં પરોઢે મધુર પ્રભાતિયાં સાંભળ્યાં હતાં, ત્યાં આજે નળની આગળ પાણી માટે થતાં કલહ સાંભળવા મળે છે. જે નિરાંતે જીવતા લોકો જોયા હતા, એ લોકો હવે રહ્યા નથી અને જે કંદોઈ, સોની, લુહારની દુકાન હતી, ત્યાં એ દુકાનોને બદલે 'શોપિંગ સેન્ટર' થઈ ગયા છે. આમ છતાં એ વ્યક્તિ બાળપણનું ગામડું ભૂલી શકતો નથી અને એને પરિણામે એના મહાનગરના જીવન પ્રત્યે એના મનમાં અણગમો કે તિરસ્કાર રહ્યા કરે છે.

એ ભૂલી જાય છે કે એ સમયે ગામડાંની રૂમઝૂમ નાદે, કલકલ અવાજે હસતી ગાતી સરિતા હતી, એનાં એ જળ તો ક્યારના ય સાગરમાં ભળી ગયા છે અથવા તો એ સરિતાને સ્થાને આજે મોટાં કારખાનાં ઊભાં થઈ ગયાં છે.

આ ઘટનાઓને યાદ કરીને જેઓ પારાવાર દુ:ખ અનુભવે છે, તેઓ એમ માને છે કે તેઓ આ ઘટનાના કર્તા છે. એમના કર્તાપણાનો ભાવ એમને ગુમાવ્યાનો અહેસાસ આપે છે. પહેલાં મારી પાસે જે કશુંક હતું તે આજે નથી, એની વેદના આપે છે. પરંતુ એ વિચારતો નથી કે જે બાળપણ કે ગામડું પહેલાં હતું, તે પણ હવે રહ્યું નથી. પરંતુ વ્યક્તિ એમ માને છે કે 'એ મારું હતું ને મેં ગુમાવ્યું છે.' હકીકતમાં એણે સમજવું જોઈએ કે એક સમયે જે એનું બાળપણ હતું તેના પર યુવાની પણ વીતી ગઈ છે અને છેક પ્રૌઢાવસ્થા સુધી પહોંચ્યો છું ! એક સમયે જે ગામડામાં વસતો હતો, તે ગામડું છોડી નગરમાં આવ્યો અને નગરમાંથી આજે મહાનગરમાં આવી ચડ્યો છું.

સ્મૃતિ સાથે વ્યક્તિને અક લગાવ થઈ જાય છે અને જેવો લગાવ થાય છે કે તરત જ પોતાની એ સ્મૃતિ પર એનો અધિકાર જમાવી દે છે. આ અધિકારના ભાવને કારણે એનામાં કર્તાભાવ જાગે છે અને મારું એ બાળપણ કે મારું એ ગામડું એના કર્તાભાવને કારણે જીવનના અંતે પણ એનો પીછો છોડતું નથી. એને બદલે એણે ઘટનાને સાક્ષીરૂપે જોવી જોઈએ. કોઈ ફિલ્મ જોવા જાવ અને એમાં કોઈ મનમોહક પ્રણયદૃશ્ય જુઓ, ત્યારે તમે એ દૃશ્યના કર્તા નહીં, પણ સાક્ષી બની રહો છો. કાલિદાસના નાટક 'અભિજ્ઞાન શાંકુતલમ્'માં દુષ્યંત અને શકુંતલાનો પ્રેમ જુઓ, ત્યારે તમે પ્રણયનો ભાવ અનુભવો છો, પણ માનો છો કે તમે એના કર્તા નથી, પણ સાક્ષી છો. કર્તાભાવ સાથે સુક્ષ્મ અહમ્ રહેલો હોય છે. 'આ મારું છે અને બીજા કોઈનું નથી' એવી દઢ વૃત્તિ કે પ્રતીતિ રહેલી હોય છે.

# સમાજ સૃષ્ટિ

હવે, **જો કર્તાભાવ છોડીને સાક્ષીભાવ અપનાવો, તો બાળપણનું એ સ્મરણ વર્તમાનના વિષાદમાં નહીં પરિણમે.** એ ગામડાનાં દશ્યો દેખાશે, પણ એનાથી મહાનગરની વચ્ચે રહેતા તમે વ્યથિત નહીં થાવ. દૂર રહ્યે રહ્યે બાળપણ કે ગામડાંનું સ્મરણ થશે. આમ ભૂતકાળને સાક્ષીભાવથી જુઓ. એમ માનો કે એક એવી ઘટના બની હતી અને એના તમે સાક્ષી હતા. હવે એ ઘટના કે એ ગામડાં સાથે વર્તમાન સમયે તમારે કોઈ સબંધ નથી. જેમ નાટકમાં દશ્ય જુઓ કે ટેલિવિઝન પર સિરિયલ જુઓ, એ રીતે તમને એ દશ્યો લાગશે, પરંતુ જો એમાં તમે તમારી જાતને વચ્ચે મૂકીને જોવાનો પ્રયત્ન કરશો, તો કર્તાભાવને કારણે સ્થિતિમાં પરિવર્તન આવશે.

**આથી વ્યક્તિ જ્યારે ભૂતકાળને જુએ, ત્યારે એણે દૂરથી કોઈ દશ્ય જોતો હોય એવો ભાવ સેવવો જોઈએ.** વીતી ગયેલી ક્ષણોનો વિચાર કરે, ત્યારે એણે એ ક્ષણોને સાક્ષી બનીને જોવી જોઈએ. જો એ ભૂતકાળમાં જ રહેશે, તો એનો વર્તમાન વિલીન થઈ જશે અને ભૂતકાળ પ્રબળ થઈ જશે.

આને પરિણામે એ ભૂતકાળના સ્વપ્નમાં ડૂબેલો રહેશે, વર્તમાનના કર્મમાં નહીં. એ ભૂતકાળના અયથાર્થ બની ચુકેલા દર્શનમાં જીવશે અને વર્તમાનના વાસ્તવનું યથાર્થ દર્શન કરશે નહીં. પરીણામે ભૂતકાળના કમરતોડ ભારથી વર્તમાન વાંકો વળી જાય છે અને હકીકત એ છે કે માણસ પાસે જે છે તે વર્તમાન છે. આજ છે, ગઈકાલ નહીં. એની આજ એ જ એનો ઉત્તમ સમય છે. એ એવો ઉત્તમ સમય છે કે જે એને કર્મ માટે પ્રેરણા આપે છે.

**રાષ્ટ્રકવિ શ્રી મૈથિલિશરણ ગુપ્તે કહ્યું છે,**

**'જીદ્દા યુગ મેં હમ હુએ, વહી તો અપને લીયે બડા હૈ,**

**અહા ! હમારે આગે કિતના કર્મક્ષેત્ર પડા હૈ ॥'**

**ભૂતકાળની તો ક્યારનીય અંતિમ ક્રિયા થઈ ચૂકી હોય છે. જીવન તો વર્તમાન પાસે હોય છે. ભૂતકાળ એ તો કેન્સલ થયેલા ચેક જેવો છે, જેમાંથી કોઈ રકમ હવે ઉપાડી શકાય કે મળી શકે તેમ નથી.** આથી ભૂતકાળમાંથી મનને બહાર રાખવા માટે સાક્ષીભાવ મહત્વનો છે.

આથી જ આપણે ત્યાં કહેવાયું છે કે, **'ગતે શોકો ન કર્તવ્યો' એટલે કે 'ગત વાત પર શોક ન કરવો.'**

શોક ત્યારે ન થાય, જ્યારે વ્યક્તિમાં સાક્ષીભાવ હોય. કર્તાભાવ એ રાગદ્વેષનો જનક હોવાથી શોક તો થવાનો અને તેથી જ કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે **'તમારા માથા પર રહેલો ભૂતકાળનો મોટો પથરો ધરતી પર નીચે ફેંકી દો.'**

પરંતુ આ વાત થઈ ભૂતકાળ અને વર્તમાન વચ્ચેના સંબંધની અને કર્તાભાવ છોડી સાક્ષીભાવથી ભૂતકાળને જોવાની. પરંતુ સાધક તો એથીય આગળ વધીને સમગ્ર જીવનને સાક્ષીભાવથી જોવા પ્રયત્ન કરશે.

(અનુ. પેઈજ ૩૨નું શરૂ)

## ખાડાની વેદના (હાસ્ય વ્યંગ)

આપ સૌનો થોડોક સહયોગ માંગુ છું જે આ કામના શુભારંભ માટે અત્યંત મૂલ્યવાન છે.'

અત્યાર સુધી 'અમલદાર રાજીનામું આપો', 'ઑફિસરો રાજીનામું આપો' એવા તંત્રવિરોધી સૂત્રોચ્ચાર કરતા કરતા અહીં પહોંચેલું લોકસરઘસ શાંત થઈ ગયું. એમાંના અમુક પદાધિકારીઓએ સાહેબને પૂછ્યું; 'કહો, અમારા સહયોગની શી અપેક્ષા છે?'

અમલદારે મીડિયાની ઉપસ્થિતિમાં ઠાવકાઈથી ગળું ખંખેરીને બહુ વિનમ્ર ભાવે કહ્યું, 'હું અમારા વહીવટી સંસાધનની કાર્યક્ષમતા પર પૂરો ભરોસો મૂકીને કહું છું કે આપણા શહેરના તમામ રોડ-રસ્તાઓ પરથી બધા જ નાનાંમોટાં ખાડા-ખબડાં અને ભૂવા દૂર કરવાનું કામ ફક્ત છત્રીસ કલાકમાં કરી આપીશું. પરંતુ એના શુભારંભના મુહૂર્તમાં આપણે એવાં બે નગરના રસ્તાની બે મૂઠી માટી ખાસ જોઈએ છે કે જેના કોઈ રોડ-રસ્તા પર એક પણ ખાડો ન હોય... તમે લોકો આ કામ જેટલું ઝડપથી કરી આપશો એટલું શીઘ્ર આપણે આપણું કામ શરૂ કરી શકીશું...'

ઉપસ્થિત તમામને આ વાત રુચી. અમલદાર પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ ન હતું. બધાંએ આ બીડું ઝડપ્યું. અધિકારી અને વહીવટીતંત્રનો જયકાર બોલાવતું બોલાવતું આ ટોળું બહાર નીકળ્યું. ટોળું વિખેરાયા પહેલાં નજીકના ચોકમાં પહોંચ્યું. અહીં આવીને બે મૂઠી માટીની શોધમાં કયા શેહેરની મુલાકાતે જવું, ક્યારે જવું, કયા વાહનથી જવું, આમાં કોણ કોણ જોડાશે એ બાબતની ગોઠવણ કરવા માટે અંદરોઅંદરની ચર્ચા ચાલી રહી હતી. ત્યાં એક ટ્રાવેલ્સની મોટી બસ આવીને ઊભી રહી. એમાંથી દસબાર જણા નીચે ઉતર્યા. એ લોકો આ ટોળાને પૂછવા લાગ્યા કે તમારા શહેરમાં રોડ-રસ્તા પર એક પણ ખાડો ન હોય તો એવા રોડની માટી લેવા અમે આવ્યા છીએ... કોઈ એમને જવાબ આપે એ પહેલાં તો એક વૉલ્વો બસ આવીને બીજી તરફ ઉભી રહી. લાંબી મુસાફરી અને રઝળપાટથી થાકેલા જણાતા અનેક માણસો આ બસમાંથી નીચે ઉતરીને પૂછવા લાાગ્યા; ગઢ્ઢેવાલે રોડ કી ચપટી મિટ્ટી ઢુંઢ રહે હૈ, તાકી હમ અપને નગર મેં નયેં રોડ કા ખાતમુહૂર્ત કર શકે...!! ■

## સમાજ સૃષ્ટિ




**પદ્મશ્રી ડૉ. ચંદ્રકાંત મહેતા**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર,
કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને
ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.


# જીવનને વિજયલક્ષી બનાવનાર પાંચ બાબતો

એક યુવા સમ્મેલનમાં દરેકને એક ચિઠ્ઠી આપવામાં આવી હતી. ચિઠ્ઠીમાં લખવામાં આવ્યું હતું. તમને કોઇ કંપનીના ડાયરેક્ટર બનાવાય તો તમને ગમશે?

મોટા ભાગના યુવકોએ લખ્યું : 'મારી એવી હેસિયત શી કે હું આટલા મોટા પદને સંભાળી શકું?'

માત્ર એક જ યુવક એવો હતો જેણે લખ્યું હતું : **"ડાયરેક્ટરનું પદ મને નાનું લાગે છે. હું ડાયરેક્ટર જનરલ બનવા માગું છું એથી ઓછું કશું જ નહીં."**

અને અનું નામ એક પ્રતિષ્ઠિત કંપનીને મોકલવામાં આવ્યું. એ કંપનીએ તેને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યો. ઈન્ટરવ્યૂ દરમિયાન એને પૂછવામાં આવ્યું. તમે શાના આધારે કહો છો કે તમને આટલા મોટા પદ પર બેસાડવામાં આવે?

પેલા યુવકે કહ્યું : **'માણસે શું બનવું છે એનો વિશ્વાસ એને હોવો જોઈએ. તમે કબૂતર બનવાનો વિચાર કરશો તો કબૂતર જ રહેશો અને ગરુડ બનવાનો વિચાર કરશો તો ગરુડ પણ બની શકશો.** માણસ પોતે જ પોતાનું અવમૂલ્યન કરતો હોય છે. પોતાના સપનાંની પાંખો કાપી નાંખે છે. અને પ્રગતિ ન કરી શકો એ માટે ભાગ્યને દોષ દે છે. આપ મને તક આપો હું 'લક'નો નહીં 'તક'નો સોદાગર છું. હું દરરોજ ડાયરી લખું છું. તેમાં પ્રથમ વાક્ય હોય છે હું ઉત્કર્ષનો માર્ગ શોધી કાઢીશ અને એ નહીં જડે તો નવો માર્ગ રચવામાં પળનો પણ વિલંબ નહીં કરું. ઈચ્છાશક્તિના વિકાસ આપણા હાથની વાત છે.




યુવાનની આત્મશ્રદ્ધ જોઈ તેને ટ્રેઈની ડાયરેક્ટર તરીકેનો ઑર્ડર એ શરતે આપ્યો કે જો એ કસોટીમાં પાર ઉતરશે તો તેને ઉચ્ચ પદ માટે પસંદ કરવામાં આવશે.

**જિંદગી ટૂંટિયું વાળી બેસી રહેવા માટે નહીં, પણ હરણરૂપે દોડતા રહેવા માટે માળી છે.** કુદરત પણ પોતાનું કાર્ય અહર્નિશ કરતી રહે છે. આ જગત કાયર લોકોને પડ્યા રહેવા માટેનું એદીખાનું નથી. આજે માનવજાતિને જે કાંઈ સુખ-સુવિધા, આરોગ્યલક્ષી ઔષધો પ્રાપ્ત થાય છે, એ તપસ્વી પણે મહેનત કરતા વીર સંશોધકારી સાધનાનું પરિણામ છે.

'હું નકામો છું, મારે કોઈની લાગવગ નથી. પરીક્ષાઓમાં પણ હું થર્ડક્લાસ જાહેર થયો છું.' આવા નકારાત્મક વિચારો કરશો તો થર્ડક્લાસને લાયક પણ નહીં રહો, જિંદગીનો ઉપહાસ કરશો તો જિંદગી પણ તમારો ઉપહાસ કરવાનું ચૂકશે નહીં. ગર્દભ બનશો તો તમારી પર બોજો લાદવામાં આવશે. અહીં હાથી બનશો તો લોકો વગરઆદેશે ખસી જઈ તમને 'લાઈન ક્લિયર' આપશે. ભલે તમે દેખાવમાં ઓછી ઊંચાઈધારી હો, પણ તમારામાં મજબુત આત્મવિશ્વાસ હશે તો ભારતના દિવંગત વડાપ્રધાન **લાલબહાદુર શાસ્ત્રીની જેમ બૂલંદ અવાજે કહી શકશો. "કમ વોટ મેં"** કવિ રાજેન્દ્ર શાહની જેમ જીવનને પડકારતાં કહી શકશો કે 'ભાઈ રે આપણા દુઃખનુ કેટલું જોર?'

ઘણા માણસો ભય અને સ્વમાનની ઉપેક્ષા કરી કારકિર્દીની કબર જાતે જ ખોદતા હોય છે. મસ્તક છો રોળાય, ધ્યેયથી પલાયન ન કરવાનો સંકલ્પ માણસને તેજસ્વી બનાવી શકે છે. પ્રેસિડેન્ટ પોર્ટરે એટલે જ કહ્યું હતું કે અડગ નિશ્ચય અને સત્ય માર્ગનું અવલંબન એ જગતને હચમચાવી નાખતી શક્તિઓ છે ઈચ્છા શક્તિ અને ઉજ્જવળ ચારિત્ર્યનો સુમેળ જ પોતાને નિર્બળ નહીં માનવાના પ્રેરક બળો છે.

અજવાળિયું અને અંધારિયું મતલબ કે સુદ અને વદનો ખેલ ચાલતો રહે છે. અમવસ્યાનો અંધકાર જોઈ ચંદ્ર નિરાશ થતો નથી અને પખવાડિયાનાં પંદર ડગલાં ભરી પૂર્ણ પ્રકાશની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. લોંગફેલો

કહે છે : 'મારા હૃદયમાં અજેય ઈચ્છાનો એક તારો ઉગ્યો છે. તે કેવો ગંભીર, નિશ્ચયી અને અડગ છે !'

એક દ્રષ્ટાન્ત મુજબ ૧૮૩૭ની સાલમાં ન્યૂયોર્ક નગરમાં ચાન્સેલર કેન્ટના નિવાસ સ્થાને એક ભોજનસમારંભનું આયોજન કર્યુ હતું. નોંતરેલા માણસોમાં એક થોડાબોલો અને ઉદાસ દેખાતો ફ્રેન્ચમૅન પણ આમંત્રણ મુજબ ઉપસ્થિત થયો હતો. પ્રોફેસર મોસ પણ ત્યાં હાજર હતા અને તેમણે સાંયકાળે મિ. ગેલેટિન નામના તત્કાલિન આગેવાન રાજદ્વારીનું ધ્યાન પેલા અજાણ્યા યુવક તરફ ખેંચ્યું હતું અને કહ્યું હતું કે તે એક મહાપુરુષ બનશે. મિ. ગેલેટિને પોતાની આંગળી પોતાના કપાળ પર હાથ મુકી કહ્યું : 'એ બુદ્ધિમાન છે, પણ અત્યંત તરંગી છે. એ માને છે કે હું એક દિવસ ફ્રાન્સનો રાજા બનીશ. આના કરતાં બીજી મુર્ખામી શી હોઈ શકે?'

પેલા યુવકે મૌન સેવ્યુ હતું. તે એક ગરીબ પરિવારનો પુત્ર હતો. તેને તેના દેશમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. તેની પાસે ઝાઝા પૈસા પણ નહોતા કે કોઈ મોટા માણસની લાગવગ પણ નહોતી, તેમ છતાં ચૌદ વર્ષ પછી તેનો વિચાર સિધ્ધ થયો તેની મનોકામના પાર પડી અને ત્રીજો નેપોલિયન બનવાનું તેનું સ્વપ્ન સાચું પડ્યું : તે પૂર્વે તેણે જેલમાં રહી અનેક પ્રકારની યાતનાઓ વેઠી હતી. બીજા અનેક સંકટો સહેવા પડ્યા હતાં. તેમ છતાં તેણે પોતાની મહેચ્છા મરવા દીધી નહોતી. પણ પોતાની ઈચ્છાનો તંતૂ મજબૂત રીતે પકડી રાખી અને અક્કલ તથા હોંશિયારી દ્વારા એણે પોતાનું ઉન્નત્ મૂલ્યાંકન જાળવી રાખ્યું હતું.

**વિજય હંમેશા સુપાત્ર વ્યક્તિની શોધમાં હોય છે** તમે પોતાને જ એ માટે કુપાત્ર માનો તો તમારો ડગુમગુ વિશ્વાસ તમને વિજય અપાવવાને બદલે પરાજયની ખીણમાં ધકેલી દઈ શકે છે. મિલ્ટનની વાત સહુએ યાદ રાખવા જેવી છે કે સંયોગોએ પ્રસિધ્ધ પુરુષો પર ભાગ્યે જ કૃપા કરી છે. તેમણે સર્વ પ્રકારના વિઘ્નો અને આપત્તિઓમાંથી માર્ગ કાઢીને વિજય પ્રાપ્ત કર્યો છે. સંજોગોને જીતવાનો સાચો ઉપાય તમારી જાતને બળવાન સંજોગોરૂપ બનાવવી એવા દઢ સંકલ્પમાં રહેલો છે. વિશ્વામિત્રે રામ-લક્ષ્મણને રાક્ષસોના સંહાર માટે સાથે લીધા, ત્યારે પોતાની નાની વયનો વિચાર કરી રામે કોઈ બહાનું કાઢ્યું હતું ? અગિયારેક વર્ષના કૃષ્ણને કંસે મલ્લયુદ્ધ માટે આમંત્ર્યા, ત્યારે કંસ અને ચાણૂર જેવા મહાશક્તિશાળી મલ્લો સામે પોતે કેવી રીતે તેમને પરાજિત કરી શકશે તેવા આંતરિક હતાશાનો કૃષ્ણએ વિચાર કર્યો હતો? વિજયને મનોબળ અને સહનશક્તિનો ખોરાક આપો એટલે તે આપોઆપ તમારી વિજય-શક્તિને પીઠબળ પુરું પાડશે. માણસની નિર્ણશક્તિને નિરાશા, આત્મવિશ્વાસને અભાવ અને પલાયન વાદી બહાનાંખોર અભિગમ જ ગળેટૂંપો દે છે. પોતાને પ્રાપ્ત થયેલા સમયને જીતવાનો ઉલ્લાસ જ માણસમાં નૂતન બળનો સંચાર કરે છે. માણસ ચિત્તને ચંચળ બનાવી નબળા વિકલ્પનું શરણું શોધવામાં રસ લે તો તે લાચાર જ રહેવાનો પણ સમર્થ છું, દઢતાપૂર્વક એમ માને કે હું યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા માટે શક્તિમાન છું, હું દુર્બળ નથી, એવી પ્રતીતિ પોતાના મનને કરાવવાથી મન તેનો આશાવાદી પ્રતિસાદ આપશે. ઘણા માણસો મનને અજ્ઞાન, વહેમ અને અંધશ્રદ્ધાથી ભરેલું રાખે છે કે તેના પંજામાંથી છૂટી શકતા નથી. **ન્યૂટનન કહે છે કે હું તિમિરને હાંકી કાઢી શકતો નથી પણ તેને પ્રકાશમય કરી શકું છે.**

દરરોજ તમે તમારામાં એક શક્તિસંપન્ન અને શ્રદ્ધાળુ માનવ જન્માવો, એ તમને સંજોગો સામે લડવાનું પીઠબળ પુરું પાડશે. પોતાને વિજયલક્ષી બનાવવા માટે કઈ પાંચ બાબતો માણસે અમલી બનાવી જોઈએ.

૧. પોતાની જાતને તુચ્છ અને નગણ્ય માનવાના વિચારોને જાકારો, તડીપારની સજા.

૨. પ્રબળ ઈચ્છાશક્તિ અને અપરાજેય આત્મબળ, સતત નવું શીખવાની મનોવૃત્તિ.

૩. પોતાનાં સ્વપ્નો સાકાર કરવા મથવાને બદલે પોતાની જાતને કાયર અને પલાયનવાદી બનવાનું મનોવલણ. ત્યાગવું જોઈએ.

૪. કેવળ ભાગ્યાધીન રહેવાને બદલે કર્માધીન રહેવાની પ્રતિજ્ઞા.

૫. રસ્તો ન જડે તો નવો રસ્તો કંડારવાનું મનોબળ, આત્મવિશ્વાસ અને જાત પર ભરોસો.

■ ■



**કૌશિક મહેતા**
સુપ્રસિદ્ધ લેખક, પત્રકાર, કોલમિસ્ટ અને ફૂલછાબ દૈનિકપત્રના પૂર્વ તંત્રી.
૩૦ જેટલા પુસ્તકો પ્રકાશિત, હરીન્દ્ર દવે એવોર્ડ,
નારદ એવોર્ડ તથા નચિકેત એવોર્ડથી સન્માનિત.

# ભોજનનો બગાડ અટકાવી ભૂખ્યાને ભોજન આપીએ

કોઈ લગ્ન પ્રસંગે કે પછી કોઈ ધાર્મિક પ્રસંગે ભોજન કોઈ હોટેલ કે પાર્ટી પ્લોટ કે વાડીમાં તમે જાઓ અને ભોજન કરતી વેળા વધુ વાનગીઓ લઈ લો અને પછી પ્લેટમાં છોડી દો ત્યારે તમને એ હોટેલ કે પાર્ટી પ્લોટ કે વાડી બહાર કોઈ ભૂખ્યો બેઠો છે એની ભૂખનો ખ્યાલ આવે છે ? આવતો હોય તો તમે અન્નનો બગાડ ના જ કરો. પણ એવું થતું નથી અને આવા સમારંભો જ નહીં પણ ઘરમાં ય અન્નનો બગાડ થાય છે અને બીજી બાજુ, દેશ અને દુનિયામાં કરોડો લોકો ભૂખ્યા સુવે છે કે પછી ભૂખમરાથી મરે છે. આવું રોજ બને છે.

ખેતરમાં અન્ન પાકે અને એ વિતરણ થાય ત્યાંથી ભોજન બને અને આરોગે ત્યાં સુધીમાં કે પછી એટલો બધો બગાડ થાય છે કે એના આંકડા પર નજર કરીએ તો આપણી ભૂખ મરી જાય ! **યુનોનો એક રીપોર્ટ છે એમાં કહેવાયું છે કે, રોજ ૧૦૦ કરોડને મળે એટલું ભોજન બગડે છે અને બીજી બાજુ, દુનિયામાં ૭૮.૩ કરોડ લોકો ભૂખ્યા સુવે છે.** યુનોના ફૂડ વેસ્ટ ઈન્ડેક્સ રીપોર્ટ - ૨૦૨૪માં એવા તારણો અપાયા છે કે, વર્ષ ૧૦૫.૩ કરોડ ટન અનાજ બરબાદ થાય છે. અને એને વ્યક્તિ દીઠ ગણીએ તો ૧૩૨ કિલો થવા જાય છે. ખાવા યોગ્ય ૨૦ ટકા ભોજન કચરામાં જાય છે. અને સૌથી શર્મનાક વાત તો એ છે કે, આપણા ઘરોમાં જ ૬૦ ટકા ભોજન બરબાદ થાય છે. એનો કુલ આંકડો ૬૩.૧ કરોડ ટન થવા જાય છે. અને બીજી બાજુ, ૧૫ કરોડ બાળકો કુપોષણથી પીડાય છે. વ્યક્તિ દીઠ વર્ષે સરેરાશ ૭૯ કિલો ભોજન બરબાદ થાય છે. અન્ન ઉપજ, વિતરણ અને વેચાણ સુધીની પ્રક્રિયામાં ૧૩ ટકા અનાજ બરબાદ થાય છે.

**અને આ અન્ન બગાડની કુટેવ અમીરોમાં છે એવી જ ગરીબોમાં પણ છે.** ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં બગાડનું પ્રમાણ વધતું જાય છે. આફ્રિકામાં ભૂખમરો છે એ આપણે જાણીએ છીએ પણ આફ્રિકાના દેશોમાં પણ ભયંકર બગાડ થાય છે. નાઈજીરિયામાં વ્યક્તિ દીઠ ૧૮૯ કિલો, ઈથોપિયામાં ૯૨ કિલો, કોન્ગોમાં ૧૦૩ કિલો, રવાન્ડામાં ૧૬૪ કિલો અનાજ વ્યક્તિદીઠ બરબાદ થઈ જાય છે. ધનિક દેશોમાં પણ આ જ સ્થિતિ છે.

બીજી બાજુ, આપણે ત્યાં લગ્ન કે શુભ પ્રસંગોએ જ નહીં પણ ધાર્મિક પ્રસંગે શાનદાર ભોજનની સ્પર્ધા જામી છે. અમીરોનાં લગ્નમાં જે દેખાડો થાય છે એની પાછળ માધ્યમ વર્ગ પણ દોરવાઈને તાકાત ના હોય એનાથી વધુ ખર્ચ કરવા લાગ્યો છે. આ દેખાડો દેશ અને દુનિયાને ભારે પડે છે. કારણ કે, એમાં લોકો તો અન્નનો બગાડ કરે છે અને વધ્યુ ભોજન પણ મોટાભાગે બરબાદ જ થાય છે. જૈનોમાં સાધર્મિક ભોજન થાય ત્યારે અમુક જગ્યાએ તો કાર્યકર્તાઓ એંઠી થાળી જ્યાં મૂકવાની હોય ત્યાં ઉભા હોય છે. અને જેમની થાળીમાં ભોજન વધેલું હોય એને વિનયપૂર્વક આરોગવા માટે કહે છે. અને આ કારણે કેટલીક વાર ઝગડા થતા હોય છે. આવા કાર્યક્રમોમાં માઈક પર સતત સૂચના આપતી હોય છે કે, જોઈતું જ થાળીમાં લેજો, બગાડ ના કરતા. આમ છતાં કેટલાક નહીં ઘણા બધા લોકો પેટની માંગ કરતા વધુ વાનગીઓ થાળીમાં લે છે અને પછી એંઠું મુકે છે. અને ત્યારે કાર્યકર્તા એમને ટોકે છે તો ખરાબ લાગે છે. એમના મોઢા બગડી જાય છે. અન્નનો બગાડ ના કરો એવું કહેવું પડે એ જ આપણી માટે શરમ હોવી જોઈએ.

ભૂખ શું હોય છે એ તો જેણે વેઠી હોય એને જ ખબર પડે. **સર્વેશ્વર દયાલ સક્સેનાની એક કવિતા છે, જેનું શીર્ષક છે.. પોસ્ટમોર્ટમ કી રીપોર્ટ**

**गोली खाकर एक के मुँह से निकला – 'राम'।**

**दूसरे के मुँह से निकला – 'माओ'।**

**लेकिन तीसरे मुँह से निकला – 'आलू'।**

**पोस्टमोर्टम की रिपोर्ट है कि पहले दो के पेट भरे हुए थे।**

ભૂખ્યા ભજન ના થાય એવી આપણે ત્યાં કહેવત છે. ભૂખ્યા પેટ આફત નોતરી શકે છે. ઉમાશંકર જોશીએ લખેલું કે,

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે; ખંડેરની ભસ્મકણી ન લાધશે !

છેલ્લા થોડા વર્ષોમાં બાર દેશોમાં ખાદ્યાન્નનાં ભાવ બહુ ઉંચે જતા તોફાનો થયા હતા. પણ આપણે આ વાતને ગંભીરતાથી લેતા જ નથી. **અમેરિકા, યુરોપ અને ચીનમાં જો અન્નનો બગાડ અટકે તો બાકી દુનિયાની ભૂખ મટી શકે એમ છે.** અમેરિકાના સુપર માર્કેટમાં જ વર્ષે ૨.૪૦ લાખ ટન અન્નનો બગાડ થાય છે. અને હા, ક્યાંક જાણી જોઈને અન્નને સડવા દેવાય છે. ખાસ કરીને સરકારી ગોદામોમાં. અનાજ સડી જાય પછી એ શરાબ બનાવતી ફેક્ટરીઓને વેચી દેવામાં આવે છે અને ખરીદી કરી હોય એનાથી અડધા ભાવે. એટલે કે બેવડો માર પડે છે. અને બીજી બાજુ, **રોજ દુનિયામાં ૨૫,૦૦૦ લોકો ભૂખમરાથી મરે છે.**

અને હા, માત્ર અન્ન બગાડનો અને ભૂખમરાનો જ પ્રશ્ન નથી. અનેક અભ્યાસનાં તારણો એ છે કે, ભોજનની બરબાદી ગ્રીન હાઉસ ગેસ છોડે છે અને એનાથી ઉત્સર્જનમાં આઠ દસ ટકાનો વધારો થાય છે. બીજું કે, આ

# સમાજ સૃષ્ટિ

અન્ન જે ધરતીમાં પાકે છે ત્યાં જૈવ વિવિધતાને પણ અસર કરે છે. અને યુનો અને અન્ય સંસ્થાઓના હેવાલ મુજબ આ બધાનો બગાડ જે નુકસાન કરે છે એનો આંકડો એક લાખ કરોડ છે.

ભારતમાં કોરોના કાળમાં ગરીબોને ખાવાના સાંસા થઈ પડ્યા. અને સરકારે ત્યારે મફત અનાજ આપ્યું અને હવે પીએમ પોષણ યોજના તળે ૮૧ કરોડ લોકોને પાંચ વર્ષ સુધી મફત અનાજ આપવાનું છે. અને એનું દર વર્ષનું બજેટ છે રૂા. બે લાખ કરોડ. ગુજરાતમાં ૧૯૮૬-૮૭ના દુકાળમાં લગ્નોમાં ૧૦૦ લોકો સુધી જ મહેમાનોની છૂટ અપાતી હતી. કોરોના કાળમાં તો આંકડો વધુ નીચે ગયો. આ ગાળામાં અન્નનો બગાડ અટક્યો. પણ આ તો કાયદાના કારણે લોકો બગાડ ના કરી શક્યા.

અને આ સમસ્યાનો ઉપાય નથી એવું ય નથી. **સૌથી સરળ ઉપાય છે કે, બગડેલા ભોજનને જ્યાં ત્યાં ફેંકી દેવા કરતા એનો ખાતર બનાવવામાં ઉપયોગ થાય.** આપણે ત્યાં ખાસ કરીને શાકભાજી કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા અપૂરતી છે અને એ કારણે બગાડ થાય છે. એનું ખાતર બને તો ઘણો ફાયદો થઈ શકે પણ એવી વ્યવસ્થા અપૂરતી છે.

બીજો, ઉપાય છે અન્ન બેંક, દુનિયામાં પહેલી અન્ન બેંક અમેરિકામાં ૧૯૬૭માં શરૂ થઈ. એનું નામ સેન્ટ મેરી ફૂડ બેંક. આ બેંક દ્વારા સમારંભોમાં વધેલા ભોજનને ભૂખ્યા સુધી પહોંચાડવાની વ્યવસ્થા થઈ. આવી ફૂડ બેંક ઘણા દેશોમાં છે. ભારતમાં ભારતમાં તો ભૂખ્યાને ભોજન આપવા અનેક સંસ્થાઓ કામ કરે છે. ખાસ કરીને ધાર્મિક સંસ્થાઓ.

**રણછોડદાસજીનું તો સૂત્ર હતું કે, રોટી પે રોટી રખ્ખો.** અલબત્ત કેટલાક લોકો વિરોધમાં છે કે, વધેલું ઘટેલું ભોજન ગરીબોને અપાય છે એ ગરીબોનું અપમાન છે. પણ મૂળે તો અન્નનો બગાડ ના થાય એ જરૂરી છે. **કારણ કે ભૂખ બહુ ખરાબ ચીજ છે. નરેશ સક્સેના કહે છે કે, એ શું ખાઈ જાય છે....**

भूख सबसे पहले दिमाग खाती है,<br>
उसके बाद आंखे ।<br>
फिर जिस्म में बाकी चीजों को,<br>
छोडती कुछ भी नहीं है भूख<br>
वह रिश्तों को खाती है ।<br>
मां का हो बहन या बच्चों का,<br>
बच्चे तो उसे बेहद पसन्द हैं<br>
जिन्हें वह सबसे पहले<br>
और बडी तेजी से खाती है ।<br>
बच्चों के बाद फिर बचता ही क्या है ।

ભૂખ કોઈને ખાઈ જાય એ પહેલા આપણે સંકલ્પ કરવો પડશે કે, જ્યારે ભોજન કરીએ ત્યારે કોઈ બગાડ ના કરીએ. આપણે ત્યાં તો અન્ન બ્રહ્મનો ખ્યાલ છે. જૈનોમાં થાળી ધોઈને પીવાનો રીવાજ છે એ બધાએ અપનાવવા જેવો છે. થાળી ધોઈ પીવાનું હોય તો આપણે જરૂર પૂરતું જ થાળીમાં લઈએ. એ જ રીતે સમારંભમાં જરૂર પૂરતી જ વાનગીઓ બને એ આવશ્યક છે. **અન્નનો બગાડ ના કરીએ એ પણ પ્રકૃતિને બચાવવાની એક રીત છે.**

(અનુ. પેઈજ ૪૩નું શરૂ) **લે... મગર, કાળજું ખા...**

ને ભૂખ્યા રાખું તેવું બને ખરું ? વળી એ મને પણ ન શોભે. એક જ કાળજાથી તમારું પેટ કેમ કરીને ભરાય ? જુઓ... જુઓ... કેટલા બધા મારા મિત્રો એમનાં કાળજાં લઈને આવ્યા છે. વળી, તમને જમવા તેડાવું ને ભૂખ્યા રાખું એ પણ કેટલું વાજબી ગણાય ? આજે તો મારા સઘળા મિત્રોને તમારો પરિચય આપું. પાર્ટીમાં તો જેટલા વધુ મિત્રો એટલો આનંદ વધે. બસ... બસ, હવે વધુ સમય નહીં લઉં. મારા મિત્રો તમારા સ્વાગત ને ભોજન પીરસવાની તૈયારીમાં જ લાગેલા છે.

'અમારા કુળ અને કુટુંબમાં ભાણું નીચે રાખી જમવાનું કે જમાડવાનો રિવાજ નથી. તમને ડાળી ઉપર બેઠા-બેઠા જમવાનું નહીં ફાવે. એટલે મારા બધા જ મિત્રો તમારા માટે પથ્થરો એકઠા કરી ઢગલો કરી રહ્યા છે. બધાં જ કામ આટોપી હમણાં આવ્યા સમજો.' મગર જે ડાળી પર હતો તે ડાળની નીચે બધા વાંદરાંઓએ પથ્થરોનો મોટો ઢગલો કરી દીધો. સહુથી ઉપર અણીદાર પથરો મુકી હૂપાહૂપ કરતાં બધાં વાંદરાંઓ ઝાડની ડાળીઓ ઉપર ચડી આવ્યાં ને પછી તો એક ડાળથી બીજી ડાળ પર કૂદાકૂદ કરવા લાગ્યા. ઝાડની ડાળીઓ એક-બીજા સાથે અથડાતી હતી. મગર એમાં માંડ-માંડ ટકી રહ્યો હતો. ભોજનની ભાંજગડ ભૂલી એ ડાળીએ વળગી રહી મનોમન ભજન કરતો રહ્યો, પરંતુ વાંદરાંઓની ધમાચકડીના કારણે મગરની પક્કડ છૂટી ગઈ ને ધડામ કરતો પછડાણો. એના પેટમાં ધારદાર પથ્થરો પેસી ગયા. મગર તો લોહીલૂહાણ થઈ ગયો. વાંદરાંઓ તો હજુ મસ્તીમાં જ હતાં. વળી ડીંગો બતાવી ગાતાં હતાં :

## સમાજ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# ખાડાની વેદના (હાસ્ય વ્યંગ)

બસ, લોકોને જાણે બીજું કોઈ કામ જ નથી! ચોમાસું આવ્યું નથી કે નીકળી પડ્યા નથી રોડ પર ખાડાં-ખબડાં ને ભૂવા ગોતવા. અમારી આબરૂનાં ચીંથરાં ઊડાડી મૂક્યાં છે આ લોકોએ...

**કાલિદાસ કહે છે તેમ જીવન એ વિકૃતિ છે, મરણ એ પ્રકૃતિ છે. હું કહું છું કે રોડ એ વિકૃતિ છે, ખાડા-ખબડાં અને ભૂવા એ પ્રકૃતિ છે.** ચંદ્ર પર ખાડાઓ છે એ અમારા પૂર્વજો છે એની મહાનતાને કારણે અમે તેને ખીણો કહીએ છીએ. પૃથ્વી ઉપર પણ ખાડા-ખબડાંને ખીણો છે. એક વિશાળ ખાડામાં પાણી ભરાય ગયું છે જેને તમે દરિયો કહો છો. કોઈ ગ્રહ કે ઉપગ્રહે અમને ક્યારેય તરછોડ્યા નથી.

હવે અમે પણ નક્કી કરી લીધું છે કે અમે કોઈ કાળે, કોઈ સરકારમાં, કોઈ તંત્રમાં મેદાન તો શું, રોડ કે પુલ પરથી હટવાના જ નથી! હા, અમારા પર લીપાપોતી કરશો તોય અમે તેનું બ્યૂટીપાર્લરના રંગરોગાન જેટલું સન્માન જાળવીને, બીજે દી પાણીથી મોં ધોઈને બહાર આવતી સુંદરીની જેમ પહેલા વરસાદે જ મૂળ રૂપમાં પ્રગટ થઈ જઈશું. એ અમારો સ્વભાવ છે.

અમને સૌ આદરથી જુવે છે અને સન્માન આપે છે. એક કવિ અહીંથી એકવાર પસાર થયેલા. એ અનુભવી કવિ છે એણે એક વખત ઉકરડા પર કાવ્ય લખેલું. ઉકરડા પર બેસીને નહિ, વિષય તરીકે ઉકરડાની પસંદગી કરી હતી એણે. કાવ્ય બહુ જામતું નહોતું એટલે લગભગ બાવીસ જેટલા પ્રયત્નો કરીને છવીસ જેટલાં એફોર સાઇઝના કાગળિયા બગાડ્યા હતા. બીજે જ દિવસે ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા એમના પત્ની ટોપલું ભરીને એ કાગળિયાના ટુકડાઓ આ જ ઉકરડામાં ફંગોળી ગયા. એટલે આખો વિષય જ ઊલટી ગયો. જે ઉકરડાનું કાવ્ય હતું એ ઉકરડો જ કાવ્યોનો બની ગયો !

અહીંથી પસાર થતાં એ જ કવિએ મને જોઈને સંવેદન અનુભવ્યું. એ રોમાંચિત થઈ ગયા. સામે તૂટેલીફૂટેલી ફૂટપાથ પાસે ભટભટિયાને ઘોડીથી ટેકવીને ઊભું રાખ્યું. પછી બાજુમાં સંસદસભ્યની ગ્રાન્ટમાંથી ખોડાયેલા અને આજે કોઈ ભિખારી તેના પર નીંદર નહોતો કરી રહ્યો એટલે એ પથ્થરના બાંકડા પર બેસી જે કાવ્ય લખ્યું છે એ અદભુત અને અમારી સમગ્રનાતને ગૌરવ અપાવે એવું છે. તમને તેનો ફક્ત એક જ શેર હું સંભળાવીશ. કારણ કે મારે બપોર સુધીમાં હજુ કેટલાંય બાઈકસવારોને હૈયાસરસા ચાંપવાના છે, કેટલાંય ઑર્થોપેડિક ડૉક્ટરોની આબરૂ સાચવવાની છે, કેટલાંય ગેરેજવાળાઓના બાયડી-છોકરાંવના પેટના ખાડાનો વિચાર પણ કરવાનો છે. હા, તો તમે ભૂલી જાવ એ પહેલાં પેલા કવિનો શેર પ્રસ્તુત કરી દઉં.

**ખાડા-ખબડાં ને ભૂવા એ સંયોગ છે, બીજું કશું નથી,**
**કુપોષણથી રોડને થયેલો રોગ છે, બીજું કશું નથી.**

થોડાં વખત પહેલાં લોકોના બૂમ-બરાડા અને ચક્કાજામથી એક મોટા અમલદાર પણ અમારી હાલત પૂછવા અહીં સુધી આવેલા. એ હજુ નવી નોકરીએ લાગેલા હતા એવું એમના ટેન્શન પરથી પારખતા અમને જરાય વાર ન લાગી. એમણે અમારી પ્રદક્ષિણા કરી. અમે જે રીતે રાહદારીઓને આલિંગન આપીને સન્માનનું કામ નિભાવતા હતા એ પણ નિહાળ્યું. અમારા કામથી ખુશ થવાને બદલે તેઓ વધારે વ્યથિત થયા. આખરે અમારા વડીલે એમને નજીક બોલાવી નિરાંતે વાત કરતા પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે તમે લોકો જલદીથી આ બધા રોડ છોડીને કોઈ નદી કે રાત્રે છાનામાના માટીનાં ડમ્પરિયાં ભરાતાં હોય એવી કોઈ જગ્યાએ જતા રહો ને! હું આ નગરમાં નવો અધિકારી છું માંડ પૉસ્ટિંગ મળ્યું છે. તમારા કારણે મારા પરિવારના સભ્યોના પેટના ખાડા નહિ પુરાય.

એમની વાત સાચી હતી. એમના સન્માનજનક વચનોથી અમને ટાઢક વળી. ભલે અમે ખાડા રહ્યાં પણ દિલ તો અમારેય છે. આજના ટીનેજર્સની જેમ ફક્ત કોઈકની આંખ મીંચામણીમાં જ દ્રવિત નથી થઈ જતા. બીજાને સહાયરૂપ થવા અનુકંપિત દ્રવિત દિલ ધરાવીએ છીએ. એટલે અમારા વડીલે એ અમલદારને કહ્યું કે તમે લોકોને કહો કે જે નગરના રોડ પર ચોમાસામાં એક પણ ખાડા-ખબડાં કે ભૂવા ન હોય એ શહેરના રોડની માટી મૂઠી ભરીને લઈ આવો તો હું આ નગરને છત્રીસ કલાકમાં ખાડા-ખબડાં વગરનું બનાવી દઉં... એ અમલદાર ખૂબ જ સંતોષ પામીને પરત ગયા.

બીજા દિવસે ઑફિસના પ્રાંગણમાં દેખાવ કરવા આવેલા નગરજનો, પ્રેસમીડિયા અને પદાધિકારીઓની મોટી સંખ્યામાં હાજરી હતી એ વખતે એમણે કહ્યું; 'મેં આપણા નગરના તમામ રોડરસ્તા પરના ખાડા-ખબડાં અને ભૂવાની જાત મુલાકાત કરી છે. આ ખાડા-ખબડાં ને ભૂવા એ શહેરની શરમ છે.એ આપણા શહેરની આબરૂમાં પડેલાં બાકોરાં છે. તેને દૂર કરવા જ જોઈએ. અમારું વહીવટીતંત્ર પણ એ માટે કટિબદ્ધ છે. પરંતુ આ માટે હું

(અનુ. પેઈજ ૨૭ ઉપર)


SMART EXHAUST
ZERO ELECTRICITY
ECONOMICAL
DURABLE
રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦
વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪
Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items
Shree BALAJI
FIBRE GLASS
2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.
Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564
Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com

યાત્રા સૃષ્ટિ




**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ


# મહારાષ્ટ્રના દર્શનીય સ્થળો

શિવાજી મહારાજનાં શૌર્ય સંસ્મરણો ગજવતી, સહ્યાદ્રિની ગિરિમાળાઓથી ઘેરાયેલી, ગિરિદૂર્ગો અને ગુફાઓથી છવાયેલી શૂરવીરો અને સંતોની ભૂમિ મહારાષ્ટ્ર ત્યાગ અને બલિદાનની ભૂમિ છે. મહારાષ્ટ્ર એ વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ ભારતનું ત્રીજું વિશાળ રાજ્ય છે. મરાહાષ્ટ્રની પૂર્વમાં મધ્યપ્રદેશ, પશ્ચિમમાં અરબી સમુદ્ર, ઉત્તરમાં ગુજરાત અને દક્ષિણમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ગોવા રાજ્યોથી ઘેરાયેલું છે.

નૈસર્ગિક સૌંદર્ય અને ઉદ્યોગોથી ધમધમતુ મહારાષ્ટ્ર વીર શિવાજીની જન્મભૂમિ અને કર્મભૂમિ હોવા ઉપરાંત અનેક સંતોની ભૂમિ છે. મહારાષ્ટ્ર એની ગુફાઓ, મંદિરો અને હીલસ્ટેશન માટે પણ વિશ્વભરમાં પ્રખ્યાત છે.

### મહાનગરી - મુંબઈ

પશ્ચિમના સાગર તટે આવેલું મહાનગર મુંબઈ મહારાષ્ટ્રનું અને અનધિકૃત રીતે એ સમગ્ર ભારતનું પાટનગર છે. ભારતના અડધાથી પણ વધુ વિદેશ વ્યાપારનું સંચાલન અહીંથી થાય છે. એનાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિશ્વભરમાંથી વિમાનો આવે છે. અને દરરોજ હજારો વિદેશીઓ ઉતરી પડે છે. મુંબઈ એ કાપડ ઉદ્યોગનું, ઔષધિ ઉત્પાદનનું, મશીનરી, મોટરકાર, સાયકલ અને અન્ય યાંત્રિકી ઉત્પાદનોનું મહાકેન્દ્ર છે. મુંબઈ એ ફિલ્મ ઉદ્યોગનું મુખ્યમથક છે. દિનપ્રતિદિન વિસ્તરનું મુંબઈ ૧ કરોડથી પણ વધુ વસ્તી ધરાવતું મહાનગર છે. મુંબઈની ગગનચુંબી ભવ્ય ઈમારતો, આકાશમાં સતત વિમાનોની અવર-જવર, ધમધમતા વ્યાપાર કેન્દ્રો અને ૨૪ ક્લાકના વાહન વ્યવહારથી સતત જાગૃત મુંબઈ શહેર પૂર્વનું પ્રવેશદ્વાર છે. ભારતમાં સૌ પ્રથમ રેલ્વેલાઈન મુંબઈ-થાણા વચ્ચે શરૂ થયેલ. કોણ ક્લપના કરી શકે કે લગભગ ૫૨૦ વર્ષ પહેલાં સાત ટાપુઓમાં સંકોચાઈને પડેલો, સાધારણ માછીમારોનો આ પ્રદેશ પૂર્વનું એક મહાનગર બની જશે !પ્રાકૃતિક પરિવર્તનને કારણે ચારેય તરફનું પાણી સુકાઈ જતાં સાતેય ટાપુ મળીને એક શહેરમાં ફેરવાઈ ગયા. આ મુંબઈ પર ૧૬૬૮ થી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અધિકાર પ્રાપ્ત કર્યો. તેમનાં ૨૫૦ વર્ષના શાસન દરમ્યાન મુંબઈમાં અનેક પરિવર્તનો આવ્યા.

અનેક પ્રકારના વૈભવથી છલોછલ મુંબઈમાં, આલિશાન અને વૈભવી મકાનો સાથેસાથે વિશ્વનો સૌથી મોટો ઝૂંપડપટ્ટી વિસ્તાર ધારાવી મુંબઈમાંજ આવેલ છે. મુંબઈ શહેરમાં અનેક દર્શનીય સ્થળો આવેલા છે.

**ગેટ - વે - ઓફ ઈન્ડીયા :** વિખ્યાત તાજમહલ હોટલ પાસે સમુદ્ર કિનારે આવેલ આ ગેટ ભારતનું પ્રવેશદ્વાર છે. ૧૯૧૧માં સમ્રાટ પંચમ જયોર્જ અને તેની મહારાણી વિક્ટોરીયાની ભારતયાત્રાની સ્મૃતિમાં આ ગેટ બંધાયેલ છે. સ્વતંત્ર ભારતમાં આજ પ્રવેશદ્વાર થી અંતિમ બ્રીટીશ લશ્કરી ટૂકડીને વિદાય અપાયેલ. પ્રવેશદ્વાર સામે જ છત્રપતિ શિવાજી અને



સ્વામી વિવેકાનંદની મૂર્તિઓ સમગ્ર વિશ્વને ભારતના ગૌરવની ઝાંકી કરાવે છે. અહીં એપોલો બંદર સામે જ તાજ ઈન્ટરનેશલ હોટલ અને અનેક વૈભવી હોટલો આવેલ છે.

**એલીફન્ટાની ગુફાઓ :** ગેટ-વે ઓફ ઈન્ડીયાથી ૧૧ કીમી. દૂર આવેલી આ ગુફાઓ દરિયાની વચ્ચે છે. મોટર બોટ દ્વારા ગુફા સુધી પહોંચી શકાય છે. પહાડ કોતરીને આ ગુફાઓ છઠ્ઠીથી આઠમી સદીના સમય દરમ્યાન બનાવવામાં આવી છે. આ ગુફાઓ પ્રધાનતઃ શૈવ ગુફાઓ છે. આ ગુફાનું ભારતીય નામ 'ધારાપુરીની ગુફાઓ' છે. ગુફાના પ્રવેશદ્વાર પર 'મહાકાય હાથીઓ' હોવાથી એ 'એલીફન્ટા કેવ્ઝ' તરીકે પણ ઓળખાય છે. અહીં બ્રહ્મા, વિષ્ણુ, શિવની વિશાળ મૂર્તિઓ આવેલી છે. આ ઉપરાંત ભગવાન શિવજીના વિવિધ પ્રસંગોની અનેક મૂર્તિઓ આવેલી છે. ગુફાની મધ્યમાં આવેલ 'ત્રિદેવ' ભારતીય શિલ્પકળાનો ચરમોત્કર્ષ છે. આ વિશાળકાય પ્રતિમામાં સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારકના ત્રિભાવ અદ્‌ભુત રીતે વ્યક્ત કરવામાં આવ્યા છે.આ ઉપરાંત ભગવાન શિવનું અર્ધનારીશ્વર રૂપ, નટરાજરૂપ, યોગેશ્વર રૂપ જેવા અનેક રૂપોમાં ભારતીય શિલ્પકળાનો અમૂલ્ય વારસો સમાયેલો છે. મુંબઈ જઈને અને દરિયાની વચ્ચે પહાડ કોતરીને બનાવેલી આ ગુફાઓ જોવા ન જઈએ તો અફસોસ અવશ્ય થાય જ.

**જહાંગીર આર્ટ ગેલેરી :** અહીં ચિત્રકલા ના દૂર્લભ નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. અહીં સમસામયિક ભારતીય ચિત્રકલાના પ્રદર્શન વારંવાર યોજાય છે.

**પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમ :** આ મ્યુઝીયમમાં પુરાતત્વ, સંસ્કૃતિ કલા, પ્રાકૃતિક ઈતિહાસના વિભાગોમાં પ્રાચીન દૂર્લભ અલભ્ય કૃતિઓ, પ્રતિમાઓ ઐતિહાસિક અવશેષો, સિક્કાઓ, અલંકારો, શસ્ત્રો, દૂર્લભ પ્રાણીઓના મૃતદેહો પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે પ્રદર્શિત કરાયા છે. સંગ્રહાલય સવારે ૧૦ થી ૬ ખુલ્લુ રહે છે. સોમવારે આ મ્યુઝીયમ આખો દિવસ બંધ કરે છે. જહાંગીર આર્ટ ગેલેરી પણ આજ પરિસરમાં છે.

# યાત્રા સૃષ્ટિ



## મુંબઈની આસપાસના દર્શનીય સ્થળો

**હેંગિગ ગાર્ડન :** એક ટેકરી પર આ રમ્ય ઉદ્યાન આવેલ છે. અહીંથી મહાનગરી મુંબઈ અને સાગરકિનારાનું ભવ્ય વિહંગાવલોકન કરી શકાય છે. ગાર્ડનની હરિયાળી અને છોડમાંથી ઉપસાવેલા પ્રાણીઓ આ ઉદ્યાનને દર્શનીય બનાવે છે.

**ચૌપાટી :** સ્વાતંત્ર્ય આંદોલન સમયે ભારતના નેતાઓનાં પ્રવચનોથી ગાજતું ચૌપાટી મુંબઈનું ઐતિહાસિક સ્થળ છે. અહીંથી શરૂ થયેલા આંદોલનોએ સમગ્ર ભારતમાં મુક્તિની ચેતના પ્રગટાવી હતી. અહીં લોકમાન્યતિલક અને વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાઓ આવેલ છે. આજે આ સ્થળ મુંબઈ મહાનગરનું મુખ્ય હરવાફરવાનું સ્થળ છે. અહીં અનેક શુટીંગ થાય છે.

**મરીન ડ્રાઈવ :** મુંબઈવાસીઓ માટે આ સહેલગાહનું રમણીય સ્થળ છે. આ વિસ્તાર મહાનગરી મુંબઈનો કંઠહાર છે. મલબાર હીલ પરનો આ વિસ્તાર અત્યંત રમણીય છે. અહીં જ દરિયાઈ સંગ્રહાલય (તારાપોરવાળા એક્વેરીય) આવેલું છે.

**મલબાર હીલ :** મુંબઈનો સૌથી વધુ વૈભવી આવાસ વિસ્તાર છે. સાગર તટે આવેલી આ સુરમ્ય પહાડી પર મુંબઈના કરોડપતિઓ નિવાસ કરે છે. અહીં એક અલગ પહાડી પર રાજભવનનો વિસ્તાર છે જે રાજ્યપાલનું અધિકૃત નિવાસ સ્થાન છે. અહીંજ રાજઅતિથિઓના નિવાસ માટે વૈભવી આવાસો આવેલા છે. અહીં શિવ અને જૈન મંદિર પણ પ્રખ્યાત છે.

**મહાલક્ષ્મી મંદિર :** મલબાર હીલથી નીચે ઉતરી ઉત્તર તરફ દરિયાકિનારે રસ્તાર પર આગળ વધતા આ મંદિર આવેલ છે. મુંબઈગરાના આરાધ્યદેવીનું આ મંદિર ખૂબ જ સુંદર અને દર્શનીય છે. કહેવાય છે કે મહાલક્ષ્મીજીની મૂર્તિ સાગરમાંથી જ મળી આવેલ છે.

**હાજી અલી :** મુસલમાનોના પ્રખ્યાત ફકીર હાજીઅલીની દરગાહની ચારેબાજુ દરિયો છે. દરગાહ સુધી પહોંચવા માટે પાકો રસ્તો છે. દરિયામાં ભરતી વખતે આ રસ્તો બંધ થઈ જાય છે. સમુદ્ર વચ્ચે આવેલ આ દરગાહની આસપાસનું દશ્ય અત્યંત મનોહર છે.

**તારાપોર એક્વેરીયમ :** અહી દેશ-વિદેશની દૂર્લભ ગણાતી માછલીઓ રાખવામાં આવી છે. તેમના માટે દરિયામાંથી પાઈપ દ્વારા સીધુ દરિયાનું પાણી મળે તેવી વ્યવસ્થા કરાઈ છે. સોમવાર સિવાય રોજ સવારે ૧૧ થી ૮ સુધી એક્વેરીયમ ખુલ્લુ રહે છે.

**જુહૂ બીચ :** હરિયાળાં નાળિયેરના વૃક્ષોના ઝૂંડમાં આવેલો આ રમણીય સાગર તટ સહેલાણીઓનું આકર્ષણ રહ્યો છે. અહીં સમુદ્રસ્નાન પણ કરી શકાય છે. સાગરતટ પર હોટલો અને આવાસગૃહો આવેલા છે. આ વિસ્તારમાં અનેક ફિલ્મી કલાકારોના બંગલા આવેલા છે. આ ઉપરાંત વરસોવા, મનોરી, મરવે, મઢના જેવા સ્થળો સાગરતટ પણ આવેલા છે.

**કૃષ્ણગિરિ ઉપવન :** બોરીવલીથી તદ્દન નજીક પૂર્વમાં આવેલ આ ઉપવન મુંબઈગરાઓનું પર્યટન સ્થળ છે. વિશાળ પ્રાકૃતિક વાતાવરણમાં આવેલ આ સ્થળે કૃત્રિમ બંધ બાંધી એક રમણીય જળાશય બનાવાયું છે. અહીં લાયન સફારી પાક પણ બનાવાયેલ છે.

**કેનેરી - જોગેશ્વરી ગુફાઓ :** મુંબઈથી લગભગ ૪૨ કિમી. દૂર કેનેરી ગુફાઓ આવેલી છે. કાળા પહાડમાંથી કોતરેલી આ ૧૦૯ ગુફાઓ કૃષ્ણગિરિ ગુફાઓ તરીકે પ્રખ્યાત છે. આ બૌધ ગુફાઓ છે.જ્યારે જોગેશ્વરી સ્ટેશનથી ૧ કીમી. દૂર જોગેશ્વરીની વિશાળ ગુફા આવેલી છે. જે શૈવ ગુફા છે. આ ગુફા અત્યંત વિશાળ અને ભવ્ય છે.

**વસઈનો કિલ્લો :** મુંબઈ થી ૫૦ કિમી. દૂર વસઈની ખાડી ઓળંગીને વસઈ સ્ટેશન થી ૧૧ કીમી. દૂર બસ દ્વારા આ કિલ્લા તરફ જઈ શકાય છે. આ દૂર્ગની રચના પોર્ટુગીઝોએ કરી હતી. પોર્ટુગીઝોએ વસઈ જીતી લઈ દરિયાઈ સંરક્ષણની દષ્ટીએ આ સર્વોત્તમ દુર્ગની રચના કરી હતી.

**વજેસરી - ગણેશપુરી :** વસઈ થી ૩૦ કીમી. દૂર પહાડી પર વજેસરી માતાનું મંદિર આવેલ છે. પેશ્વા સરદારોએ વસઈના વિજયની યાદમાં આ મંદિર બંધાવેલ છે. મંદિર પાસે જ ગરમ પાણીના કૂંડ આવેલા છે. જેમાં સ્નાન કરવાથી અનેક રોગો મટે છે.

**ગણેશપુરી :** વ્રજેસરી થી ૫ કીમી. દૂર અહીં મુક્તાનંદ બાબાનો ગણેશપુરી આશ્રમ આવેલો છે. આજે પણ આશ્રમ યોગ અને ઉપાસનાનું મહત્વનું કેન્દ્ર બની ગયેલ છે. અહીં દેશ-વિદેશના અનેક સાધકો યોગ સાધના માટે આવે છે. આશ્રમ અત્યંત સુંદર રમણીય છે.

**અંબરનાથ :** મુંબઈથી રેલ્વે માર્ગ ૬૦ કીમી. અને રાજમાર્ગે ૭૫ કીમી. દૂર ૧૧ મી સદીમાં નિર્મિત થયેલ આ શિવાલય શિલ્પ અને સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂનારૂપ છે. નાની નાની પહાડીઓ વચ્ચે આવેલ ખીણમાં નદી કિનારે આ મંદિર આવેલ છે. શિવલિંગ ભૂગર્ભમાં છે. મૂર્તિઓ, અપ્સરાઓ તથા હાથીની મૂર્તિઓ કંડારવામાં આવી છે.

**એસ્સેલ વર્લ્ડ :** આ સ્થળ મુંબઈનું અતિ આધુનિક વિશાળ અને મનોરંજનના અવનવા સાધનોથી સુસજ્જ છે. આ મનોરંજન પાર્કમાં ભોજન, અલ્પાહારની વ્યવસ્થા છે. એસ્લેલ વર્લ્ડનો સંપૂર્ણ આનંદ લેવા માટે એક અલગ દિવસ જ રાખવો જોઈએ. આ સ્થળ બોરીવલી સ્ટેશનથી નજીક છે. બીજો રસ્તો ભાયંદર સ્ટેશનથી છે. એસ્સેલ વર્લ્ડ માત્ર મુંબઈથી નહીં સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે.

### મુંબઈથી વિવિધ સ્થળોનું અંતર

અમદાવાદ : ૫૫૦ કીમી,રાજકોટ : ૭૨૫કીમી.ઔરંગાબાદ : ૪૭૨ કીમી., પૂના : ૧૯૫ કીમી., લોનાવાલા : ૧૦૦ કીમી., ખંડાલા : ૯૫ કીમી. ,પંજીમ ગોવા : ૫૮૨ કીમી.,શીરડી : ૨૯૬ કીમી., નાશીક : ૧૮૮ કીમી., સૂરત : ૩૦૮ કીમી., માથેરાન : ૧૦૪ કીમી.

મો. ૯૪૨૭૪૯૫૧૭૫

# યુવા સૃષ્ટિ



**યુવાનોના પ્રેરણાસ્રોત**
**સ્વામી વિવેકાનંદ**

# કેળવણીનો પ્રચાર

**કેળવણીનો વિસ્તૃત પ્રચાર એ જ પાશ્ચાત્ય રાષ્ટ્રોની પ્રગતિ અને સંગઠનનું રહસ્ય છે.**

પૂર્વ અને પશ્ચિમનો સમગ્ર તફાવત આ છે. તેઓ રાષ્ટ્રો છે, આપણે નથી. ત્યાં સંસ્કૃતિ, કેળવણી સર્વ સામાન્ય છે. આમ જનતામાં પ્રસરી ગયેલ છે. અમેરિકા અને ભારતના ઉચ્ચ વર્ણો સરખા છે. પરંતુ બંને દેશોના નીચલા વર્ગો વચ્ચે અફાટ અંતર છે. **અંગ્રેજો ભારતને કેવી રીતે સહેલાઈથી જીતી શક્યા ? કારણ કે અંગ્રેજો એક રાષ્ટ્ર હતા, આપણે નહોતા.**

આપણો એક મહાપુરુષ સદ્‌ગતિ પામે તો બીજા માટે આપણે સદીઓ સુધી વાટ જોવી પડે. પશ્ચિમમાં એક મરે પણ નહિ ને બીજો ઊભો થાય છે. મહાપુરુષોની એ જન્મભૂમિ છે. શા માટે ? કારણ કે મહાપુરુષો પેદા કરવાનું એમનું ક્ષેત્ર વિશાળ છે, આપણું સંકુલ છે. ત્રણ, ચાર કે પાંચ કરોડની વસ્તિવાળા રાષ્ટ્રોમાં મહાપુરુષો ઉત્પન્ન કરવાનું ક્ષેત્ર વિશાળ છે અને ચાલીસ કરોડની વસ્તીવાળા આ દેશમાં સાંકડું છે, કારણ કે રાષ્ટ્રોમાં કેળવાયેલા સ્ત્રીપુરુષોની સંખ્યા વિપુલ છે. ભુલ ન ખાશો, આપણા રાષ્ટ્રની આ મોટામાં મોટી ઊણપ છે. એને નિવાર્યે જ છૂટકો. આમ જનતાને કેળવો, તેને ઊંચી કક્ષાએ આણો : તો એક રાષ્ટ્ર શક્ય બનશે.

તમે વાચ્યું છે, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, માતાને દેવ માનો, પિતાને ઈશ્વર ગણો ; પરંતુ હું કહું છું : दरिद्र देवो भव।, मुर्ख देवो भव। **ગરીબ અભણ અજ્ઞાની, દુ:ખી એ આપણા દેવ થાઓ અને આ લોકોની સેવા એ જ પરમ ધર્મ છે.**

**અત્યાચારની નકારાત્મક અને નિર્જીવ કેળવણી :** આજે જે કેળવણી અપાય છે એમાં કેટલાક સારાં લક્ષણો છે. પરંતુ એમાં એક મોટો ગેરલાભ છે કે જેને કારણે સારી વાતો બધી જ દબાઈ જાય છે. પ્રથમ તો આ કેળવણી મનુષ્યને માનવ બનાવતી નથી. એ કેવળ નકારાત્મક કેળવણી છે. સંપૂર્ણ રીતે નકારાત્મક ! નકારાત્મક કેળવણી કે નકારના પાયા પર રચાયેલી કેળવણી એ મૃત્યુથી યે નપાવટ છે. બાળકને શાળામાં લઈ જવામાં આવે છે, જ્યાં પહેલી વાત તે શીખે છે કે એનો બાપ મૂર્ખ છે. બીજી વાત કે એના દાદા પાગલ હતા, ત્રીજી વાત કે એના બધા શિક્ષકો દંભી છે, ચોથી વાત કે બધાં શાસ્ત્રો જુઠ્ઠાણાં છે. એ સોળ વર્ષનો થાય ત્યાં સુધીમાં તો નિર્જીવ ને હાડકાં વિહોણા માત્ર ઈન્કારોનો એ પુંજ બની રહે છે.

આપણા દેશમાં મહાપુરુષોએ અવતાર લીધો છે એ વાત આપણને ભાગ્યે જ શીખવવામાં આવે છે. કોઈ રચનાત્મક વાત આપણને કહેવામાં જ નથી આવતી, આપણા હાથપગનો ઉપયોગ પણ આપણે જાણતા નથી. અંગ્રેજોના પૂર્વજોની રજેરજ માહિતી આપણે મોઢે કરીએ છીએ. પરંતુ આપણા પૂર્વજો વિશે આપણે કશું જ જાણતા નથી, કેવળ નિર્માલ્યતાનું જ આપણે શિક્ષણ મળ્યું છે. પરાજિત પ્રજા તરીકે આપણે નિર્માલ્ય છીએ એ વાત આપણા દિલમાં ઘર કર્યું છે. કોઈ વાતે આપણે સ્વાતંત્ર્યને લાયક નથી એવું આપણા દિલમાં ઠસાવવામાં આવ્યું છે. પછી શ્રદ્ધા નાશ ન પામે તો બીજું શું થાય ?

**ચારિત્ર્ય ઘડતા વિચારોને આત્મસાત કરવા એજ શિક્ષણ**

**મગજમાં હકીકતો ઠાંસી ઠાંસીને ભરવામાં આવે, જીવનભર અપકવ રહી કદાચ ઊભરાઈ પણ જાય, એ કેળવણી નથી, જીવનચણતર કરે, માનવઘડતર કરે, ચારિત્ર્ય ઘડે, વિચારો આત્મસાત્ કરે એવું આપણે જોઈએ છે.** ફક્ત પાંચ જ વિચારો તમે પચાવ્યા હોય અને એના ઉપર તમારું જીવનચણતર ને ચારિત્ર્યઘડતર કર્યું હોય તો સમગ્ર પુસ્તકાલય મોઢે કરી જનાર કરતાં તમે સારી કેળવણી પામ્યા છો.

માટે જ આપણા દેશની સમગ્ર કેળવણી : આધ્યાત્મિક ને વ્યાવહારિક, આપણા હાથમાં જ હોવી જોઈએ. અને રાષ્ટ્રીય ધોરણ પર મૂકી દેવી જોઈએ અને એને માટે રાષ્ટ્રીય નીતિરીતિ અપનાવવી જોઈએ. એ જ સાચો આદર્શ છે.

**ગરીબોની કેળવણીની મુશ્કેલ સમસ્યા:**

**ગરીબોની કેળવણીમાં મોટી મુશ્કેલી આ છે** : ગામેગામ આપણે ફક્ત શાળાઓ ઉઘાડી શકીએ તેમ છીએ એમ માની લઈએ તોપણ ગરીબ બાળકો તો પોતાની આજીવિકા માટે તમારી શાળાઓમાં આવવા કરતાં ખેતરમાં હળ ચલાવવા જવાનું જ પસંદ કરશે. આપણી પાસે પૈસા પણ નથી, અને આપણે એમને શિક્ષણ તરફ વાળી શકીએ તેમ પણ નથી. છતાં મેં એક ઉકેલ શોધી કાઢ્યો છે અને તે આ છે :

**ધર્મનિષ્ઠ કાર્યકર્તા :** ગરીબો કેળવણી લેવા ન આવે, તો કેળવણી તેમની પાસે ખેતરમાં, કારખાનામાં અને સર્વત્ર પહોંચી જવી જોઈએ.

ગામેગામ ફરતા અને ધર્મશિક્ષણ આપતા એકનિષ્ઠ, ને આત્મત્યાગી હજારો સંન્યાસીઓ આપણા દેશમાં છે. એમાંના કેટલાકને ઐહિક જ્ઞાન પણ આપનાર શિક્ષકો તરીકે વ્યવસ્થિત કરી શકાય તો તેઓ ગામેગામનો પ્રવાસ ખેડશે, બારણે બારણે ઘૂમશે અને માત્ર ઉપદેશ જ નહિં, પણ શિક્ષણ પણ આપશે.

**કેવળ ધર્મને જ દ્વારે દ્વારે લઈ જવા ઉપરાંત શિક્ષણ આપવા પણ આ લોકો ગામેગામ ઘૂમે.**

ધારો કે આખા દિવસની કાળી મજૂરી કરી ગ્રામવાસીઓ ગામમાં પાછા ફર્યા છે. વૃક્ષની છાયામાં કે કોઈ અન્ય સ્થળે બેઠાં છે. બીડીઓ ફૂંકાય છે ને ગામગપાટા ચાલે છે. ત્યાં આમાંના બે કેળવાયેલા સંન્યાસીઓ જઈ ચડે, કેમેરા કે જાદુઈ દીવાથી ખગોળનાં કે બીજાં ચિત્રો રજૂ કરે, બીજા દેશોનાં સ્થળો, અન્ય રાષ્ટ્રોની ઈતિહાસ કથાઓ, વગેરે બતાવે, ગોળ, નકશા વગેરે સાધનોથી મૌખિક જ્ઞાન આપે, તો કેટલું બધુ કાર્ય થઈ શકે ?

**જ્ઞાનનું દ્વાર કેવળ ચક્ષુ જ નથી, કર્ણપથે પણ જ્ઞાન પ્રાપ્તિ થાય.** આ રીતે તેઓમાં વિચારો,

# યુવા સૃષ્ટિ

નીતિ અને સુંદર ભાવિની આશા પ્રગટશે. આટલેથી આપણું કામ પુરું થાય છે.

એમને વિચારો આપવાની જરૂર છે. એમની આજુબાજુના વિશ્વમાં શું બની રહ્યું છે એ પ્રતિ એમની આંખો ઉઘાડવાની છે. પછી એ પોતાની મેળે પોતાની મુક્તિ મેળવી લેશે.

આપણી ફરજ છે રસાયણો એકત્ર કરી આપવાની. પ્રભુના કાનૂનો દ્વારા સ્ફૂટિકીભવન આપોઆપ થશે. એમના મગજમાં વિચારો ભરવા દો. બાકીનું એ પોતે પાર પાડશે. એનું નામ આમજનતાની કેળવણી.

**મહાન ધાર્મિક જુસ્સો કાર્ય કરશે :** એવું શું છે કે સંન્યાસીઓ જેના વડે આટલો આત્મભોગ આપે એ આ કામ હાથમાં લે? ધાર્મિક જુસ્સો જ. પ્રત્યેક નવ ધર્મતરંગને નવા કેન્દ્રની જરૂર પડે છે. પ્રાચીન ધર્મ નવા કેન્દ્ર દ્વારા જ પુનર્જીવિત કરી શકાશે. તમારાં સૂત્રોને સિદ્ધાંતો ફગાવી દો. એ કશું જ ફળ આપતાં નથી. ચારિત્ર્ય, જીવન, કેન્દ્ર ને પ્રભુના દુતો - એમણે દોરવણી આપવાની છે. એવા કેન્દ્રની આજુબાજુ અન્ય સર્વ તત્વો આવી મળશે. સમાજ પર ભરતીનાં મોજાં પેઠે ધસી જઈ સમગ્ર સમાજને પરિપ્લાવિકત કરી મૂકશે. સર્વ 'મલિનતાઓને' વિશુદ્ધ કરી મૂકશે.

વળી, એક લાકડાના ટુકડાને એની રગ પ્રમાણે જ સરળતાથી કપી શકાય. તેવી રીતે પ્રાચીન હિંદુધર્મને હિંદુધર્મ દ્વારા જ સુધારી શકાશે. નવી સુધારક હિલચાલોથી કશું જ નહિ વળે. સાથે સાથે, સુધારકોએ પૂર્વ અને પશ્ચિમની બંને સંસ્કૃતિનો સમન્વય કરતાં જાણવું જોઈએ.

રાષ્ટ્રની આધ્યાત્મિક અને ઐહિક કેળવણી લગામ આપણા હાથમાં જ હોવી જોઈએ. તમારે એનાં સ્વપ્ન જોવાં જોઈએ, એની વાતો કરવી જોઈએ, એના વિચાર કરવા જોઈએ અને એને પાર પાડવી જોઈએ. એ સિવાય જાતિ માટે ક્યાંય મુક્તિના માર્ગ નથી. હવે આ કાર્ય એક સંગઠનતંત્ર માગી લે છે.

**સર્વત્ર પ્રવૃત્તિ કેન્દ્રો ઉઘાડો :** આ એક મોટી યોજના છે. વિરાટ યોજના છે. એ પાર પડશે કે કેમ, એ હું જાણતો નથી, પરંતુ આપણે કાર્યનો આરંભ તો કરી જ દેવો જોઈએ. પણ કેવી રીતે? દાખલા તરીકે, મદ્રાસ લો. આપણે એક દેવાલય ઊભું કરવું જોઈએ, કારણ કે હિંદુઓ સાથે કામ લેવું હોય તો ધર્મને અગ્રસ્થાન આપવું જ પડે. તમે કહેશો કે બધા સંપ્રદાયો ઝઘડા કરવા માંડશે. પરંતુ આપણે એ દેવાલયોને બિનસાંપ્રદાયિક સ્વરૂપ આપીશું. ફક્ત ૐ એનું પ્રતીક રહેશે. કોઈ પણ સંપ્રદાયનું એ શ્રેષ્ઠ પ્રતીક છે.

ૐ પ્રતીક માન્ય ન હોય એવો કોઈ સંપ્રદાય હોય તો પોતાને હિંદુ કહેવડાવવાનો એને કોઈ હક્ક નથી. હિંદુધર્મનો અર્થ ઘટાડવવાનો અધિકાર દરેકને રહેશે. પોતપોતાના સંપ્રદાયના વિચારો પ્રમાણે તેઓ તેમ કરી શકે છે. પરંતુ આપણે સામાન્ય દેવાલય તો ઊભું કરવું જ જોઈએ, તમને ગમતી દરેક પ્રતિમાઓ અને પ્રતીકો તમે બીજા સ્થળોએ રાખી શકો છો; પરંતુ તમારાથી જુદી માન્યતા ધરાવનાર સાથે ઝઘડો કરવો નહિં. આપણા વિવિધ સંપ્રદાયોના સર્વમાન્ય સિદ્ધાંતો આ દેવાલયમાં શિખવવામાં આવશે. જુદા જુદા સંપ્રદાયોને એ દેવાલયોમાં આવી પોત પોતાના સિદ્ધાંતો શિખવવાની અને સમજાવવાની પુરી છૂટ રહેશે. ફક્ત એક જ બંધન રહેશે કે તેમણે બીજા સંપ્રદાય સાથે ઝઘડો કરવો નહિ. તમારે જે કહેવું હોય તે કહો, જગતને એ જોઈએ છે; પરંતુ બીજા લોકો માટે તમે શું ધારો છો એ સાંભળવાની જગતને ફુરસદ નથી; એવી વાતને તમે તમારી પાસે જ રાખો.

**ઉપદેશકો અને શિક્ષકોને તાલીમ :** બીજું, આ દેવાલયની સાથે જોડાયેલી એક એવી સંસ્થા હોવી જોઈએ. જે ધર્મપદેશ અને ઐહિક શિક્ષણ લોકોને આપવા માટે ફરનારા શિક્ષકો તૈયાર કરે. તે શિક્ષકોએ બંને કામ કરવાં પડશે. આપણે બારણે બારણે ધર્મ પહોંચાડીએ છીએ તમે આપણે ઐહિક કેળવણી પણ એની સાથે જ પ્રસારતા થઈ જવું પડશે. એ કામ સહેલાઈથી થઈ શકે એવું છે. શિક્ષકો અને ઉપદેશકોની આ મંડળીઓ દ્વારા આ કાર્ય વિસ્તાર પામશે અને ધીમે ધીમે આપણે બીજા કેન્દ્રોમાં પણ આવાં દેવાલયો ઊભાં કરીશું. આમ ક્રમે ક્રમે સમગ્ર ભારતભૂમિને આવરી લેવામાં આવશે. મારી યોજના આ છે.

કદાચ આ યોજના વિરાટ લાગશે, પરંતુ એની ખાસ આવશ્યકતા છે. તમે કહેશો, પૈસા ક્યાં છે ? આમાં પૈસાની જરૂર નથી. પૈસા તે વળી શી ચીજ છે ? મારા જીવનમાં છેલ્લા બાર વર્ષથી બીજું ટંક ભોજન ક્યાંથી પામીશ એની મેં ચિંતા કરી નથી. પરંતુ પૈસા અને જે કાંઈ મારે જોઈએ છે કે મને આવી મળવું જ જોઈએ. કારણ કે એ મારા ગુલામ છે. હું એમનો ગુલામ નથી. પૈસા અને બીજું બધું મળશે જ મળશે.

**જોઈએ છે મનુષ્યો - નિષ્ઠાવાન મનુષ્યો**

મનુષ્યો ક્યાં છે ? એ જ મોટો પ્રશ્ન છે. મનુષ્યો, મનુષ્યો એમની જ જરૂર છે, બાકીનું બધું તૈયાર થશે. **પરંતુ મજબૂત જોમવંતા, શ્રદ્ધાળુ અને સંપૂર્ણ નિષ્ઠાવાન યુવાનોની જરૂર છે.**

અર્વાચીન યુવાન પેઢીમાં મને શ્રધ્ધા છે. એમાંથી મને કાર્યકરો મળી રહેશે. સિંહ પેઠે તેઓ આખોય કોયડો ઉકેલશે. મેં આ વિચારનું પ્રતિપાદન કર્યું છે અને એની પાછળ મારું જીવન ન્યોછાવર કર્યું છે. મને સફળતા નહિ મળે, તો મારાથી અદકો બીજો કાર્યકર એ કામ પાર પાડવા આવશે અને મને સંઘર્ષ ચાલુ રાખ્યાનો સંતોષ મળશે.

**તમારામાંનો પ્રત્યેક પોતાની જાતમાં શ્રદ્ધા રાખે. દરેક આત્મામાં ચિરંજીવ સામર્થ્ય ભરેલું છે : અને તમે સમગ્ર ભારતનું પુનરુત્થાન સાધી શકશો.** અરે, પછી આપણે વિશ્વના દરેક દેશમાં વિહાર કરીશું અને ટૂંક સમયમાં આપણા વિચારો વિશ્વના પ્રત્યેક રાષ્ટ્રના ઘડતર માટે જે અનેક બળો કામ કરી રહ્યા છે તેના એક ભાગરૂપ બની જશે. ભારતમાં અને ભારત બહાર પ્રત્યેક જાતિના જીવનમાં આપણે પ્રવેશ કરવો પડશે.

(અનુ. પેઈજ ૨૩ ઉપર)

# આરોગ્ય સૃષ્ટિ



**ડૉ. સચિન ધૂગે**
લેખક ક્રિષ્ના શેલ્બી મલ્ટી - સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે કાર્યરત સિનિયર જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જન તથા લેઝર પ્રોક્ટોલોજીસ્ટ છે.

# એક સમાન્ય પણ અવગણાયેલ સમસ્યા: કબજિયાત

**''પહેલું સુખ જાતે નર્યા''** તે કહેવત મેં ઘણી વખત મારા દાદાના મોઢે સાંભળી છે. પરંતુ હું જ્યારે મેડિકલમાં હતો ત્યારે અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતે યોજાયેલ એક યોગ શિબિર દરમ્યાન શિબિરના પ્રથમ દિવસથી જ સ્વ. પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી વારંવાર એક વાક્ય ચોક્કસથી કહેતા - ''પહેલું સુખ તે ઝાડે ફર્યા''.

શરૂઆતમાં તો સ્વામીજીની વાત મને અજુગતી લાગતી પરંતુ, મારી વર્ષોની મેડિકલ કારકિર્દી દરમ્યાન અનેક દર્દીઓની સારવાર કરતી વખતે પાચનતંત્રનું મહત્વ સમજાવતી પૂજ્ય સ્વામીજીની બનાવેલ કહેવત ''પહેલું સુખ તે ઝાડે ફર્યા'' મને વારંવાર યાદ આવી છે અને ખૂબ જ સૂચક લાગી છે.

કબજિયાત એટલે કે પેટ પૂરતું ખાલી ન થવું. આજકાલની દોડધામભરી જીવનશૈલીમાં કબજિયાત એક બહુ જ સામાન્ય સમસ્યા બની ગઈ છે. જોકે આ સમસ્યા સામાન્ય લાગે છે, પરંતુ જો તે લાંબા સમય સુધી ચાલુ રહે તો તે અનેક બીમારીઓનું કારણ બની શકે છે.

કબજિયાત એક એવી સ્થિતિ છે કે જેમાં વ્યક્તિની પાચન-ક્રિયા સામાન્ય કરતાં ધીમી હોય છે, જેના પરિણામે શૌચ-ક્રિયામાં મંદતા અનુભવાય છે અથવા શૌચ કરવા દબાણ કરવું પડે છે. ઉપરાંત, કેટલીક વખત શૌચમાં પૂર્ણતા અનુભવાતી નથી.

**કબજિયાતના લક્ષણોમાં** દિવસો સુધી શૌચ ન થવું. શૌચ વખતે વધુ દબાણ કરવું પડે, કઠણ અથવા સૂકો શૌચ થવો, પેટ ફૂલેલું લાગવું. ગેસ થવો, ભુખ ન લાગવી, શરીરમાં ભાર લાગવો વિગેરે જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

મિત્રો, અત્રે સૌથી મહત્વનું છે કબજિયાત ઉત્પન્ન કરનાર કારણો વિશે સાચી અને સચોટ જાણકારી મેળવવી. ઓછું પાણી પીવાથી, ફાઈબરયુક્ત આહારનો અભાવ, આહારમાં જંક ફૂડ-ફાસ્ટ ફૂડ અને પ્રોસેસ્ડ ફૂડને પ્રાધાન્ય આપવું, બેઠાડું જીવન શૈલી, થાઈરોઈડ - ડાયાબિટીસ જેવી બિમારીઓ, માનસિક તણાવ, પૂરતી ઉંઘનો અભાવ વિગેરે કબજિયાત થવાના મુખ્ય કારણો છે. ઉપરાંત, દવાઓની સાઈડ ઈફેક્ટ રૂપે પણ કબજિયાત થાય છે. સતત મુસાફરી કરવાની થતી હોય તેવા કિસ્સાઓમાં શૌચને દબાવી



રાખવાથી પણ કબજિયાત થઈ શકે છે.

જો કબજિયાતના પ્રારંભિક તબક્કામાં સમયસર ડૉક્ટરની સલાહ અનુસાર ઉપચાર કરવામાં આવે તો લેક્સેટિવ્ઝ દવાઓ તથા લાઈફ-સ્ટાઈલમાં યોગ્ય ફેરફાર કરવાથી કબજિયાતની સમસ્યા દૂર થાય છે. જો અન્ય દવાઓના કારણે કબજિયાત થતી હોય તો જે - તે દવાઓ બંધ કરવાથી કે બદલવાથી કબજિયાતથી છૂટકારો થાય છે. તેમ છતાં જો સમસ્યા યથાવત રહે તો પાચન - તંત્રના નિષ્ણાંત ડૉક્ટરની સલાહ લઈ ઍન્ડોસ્કોપી કે અન્ય તપાસ કરાવી યોગ્ય નિદાન અને ઉપચાર કરાવવો હિતાવહ છે.

વળી, આજની અત્યંત ઝડપી જીવનશૈલીમાં આપણે ખોરાક ચાવીને ખાવાનું સાવ ભૂલી ગયા છીએ. ખોરાક ખૂબ ચાવીને ખાવાથી મોંમાથી અને લાળ-રસો અને પાચક-રસો ઝરે છે જેના થકી પાચનક્રિયા સરળ બને છે.

કબજિયાત આમ તો સામાન્ય સમસ્યા છે પરંતુ જો યોગ્ય દિશામાં તેની સારવાર ન કરવામાં આવે તો તે ગંભીર સમસ્યા બની શકે છે. સ્વસ્થ જીવનશૈલી અને યોગ્ય આહારથી મોટા ભાગના કેસોમાં કબજિયાતને દૂર રાખી શકાય છે. જોકે લાંબા સમયથી ચાલતી કબજિયાત માટે નિષ્ણાત ડૉક્ટરનો સંપર્ક કરવો અત્યંત જરૂરી છે.

**સ્વસ્થ જિન્દગી માટે સ્વસ્થ પાચન તે સૌથી મોટો આધાર છે. ચાલો, આજથી કબજિયાતને દૂરથી જ ''નમસ્કાર'' કહીએ !**

મો. ૮૧૨૮૮૦૫૩૧૦

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# ઝાડા ઉલ્ટીમાં આરોગ્ય અને આહાર

મિત્રો,

ઝાડા ઉલ્ટી તે આપણાં દેશમાં ખૂબ સામાન્ય અને મોટા પ્રમાણમાં થતો રોગ છે. અને તેના લીધે દર વર્ષે હજારો લોકો તેના ભોગ બને છે અને અપૂરતી સારવારને કારણે મૃત્યુ પણ પામે છે જેનું પ્રમાણ ઘણું વધારે છે. ઝાડાને કારણે શરીરમાંથી વધારે પડતા પાણી અને ક્ષારોનું પ્રમાણ ખૂબ જ વધારે પ્રમાણમાં દૂર થઈ જાય છે અને અંગ્રેજીમાં તેને માટે શબ્દ છે ડિહાઈડ્રેશન.

જે રીતે પૃથ્વી પર બે ભાગ પાણી અને એક ભાગ જમીન છે. તે જ રીતે આપણા શરીરમાં પણ બે ભાગ પાણી છે આ પાણીમાં યોગ્ય પ્રમાણમાં જુદા જુદા ક્ષારો ભળેલા હોય છે. વારંવાર પાતળા ઝાડા થવાથી પુષ્કળ પ્રમાણમાં પાણી-ક્ષાર ગુમાવે છે. જેના માટે ઘણા બધા કારણો જવાબદાર છે. જેમ કે, (૧) વધારે પડતું ખાવાથી (૨) દૂષિત પાણી અથવા ખોરાક (૩) કબજિતયામાં ઝાડો આવે તે માટે લેવામાં આવતી દવાનો વધારે પડતો ઉપયોગ કરવાથી (૪) વધારે પડતી માનસિક તાણથી (૫) અથવા તો કોઈ ચોક્કસ ખોરાક માટે તમારા શરીરને એલર્જી હોય એટલે કે તમારું શરીર તે ખોરાક સારી રીતે પચાવી શકવા સક્ષમ ન હોય.

ઝાડા ઉલ્ટીની સારવાર માટે દર્દીને ડોક્ટરને પૂછ્યા બાદ પાણી અને ક્ષારનું યોગ્ય પ્રમાણમાં બનાવેલ પ્રવાહી આપવું જોઈએ. અને તે માટે પાવડર દરેક સરકારી દવાખાના અને હોસ્પિટલોમાં મળે છે. જેને ૧ લીટર પાણીમાં ભેળવીને શરબત કરી શકાય. મોંઘા બજારું પાવડર ન વાપરવા હોય અને વ્યવહારુ માપની દૃષ્ટિએ વિચારીએ તો ૧ લીટર પાણીમાં એક ચમચી (ઉભરાતી નહીં) મીઠું અને ખાંડ (૮ ચમચી) ઓગાળીને અને બે આંગળીને ચપટી



ભરીને ખાવાનો સોડા બે વાર ઉમેરીને આ મિશ્રણ તૈયાર કરી શકાય. જેને ગુજરાતીમાં જીવનજળ કહે છે. કારણ કે તે દર્દીને ખૂબ જ મદદરુપ પુરવાર થાય છે.

હવે ઝાડા ઉલ્ટીમાં કેટલીક વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ જેમ કે ઝાડાની શરુઆતમાં જ દર્દીને ખાંડ મીઠાનું પ્રવાહી આપવાની શરુઆત કરવી સ્વાદ માટે શરબતમાં થોડુંક લીંબુ પણ નાંખી શકાય. જે આ પરિસ્થિતિમાં સ્વાસ્થ્ય માટે પણ સારું છે. આ રીતે બનાવેલ પ્રવાહી આંખના આંસુથી વધુ ખારું ન હોવું જોઈએ. જેટલી વાર જેટલા પ્રમાણમાં ઝાડા પ્રવાહી નીકળે એટલી વખત એટલા પ્રમાણમાં આવું ખાંડ મીઠાનું પાણી પીધા કરવું જોઈએ.

એક વખત બનાવેલ શરબત ૨૪ ક્લાકની અંદર વાપરી નાંખવું જોઈએ.

ઉલ્ટી થતી હોય તો પણ થોડું થોડું વારંવાર આ પ્રવાહી ચાલુ રાખવું.

ખાંડ - મીઠાના આ પ્રવાહીના દરેક ઘટક આપણા કુદરતી ખોરાકના ભાગ હોવા છતાં આ પ્રવાહી એક દવા જેવું જ છે આથી તેને બનાવવામાં થોડી પણ બેકાળજી કે છૂટાછાટ પરવડે નહીં.

હવે ઝાડા ઉલ્ટીની શરૂઆતમાં બે દિવસ કોઈ પણ ઘન ખોરાક ન આપવો જોઈએ પરંતુ માત્ર હૂંફાળું પાણી તથા આગળ બતાવ્યા પ્રમાણે જીવનજળ આપવું જોઈએ. આવા કિસ્સામાં જો દર્દી તરત જ ખોરાક લેવાનું શરુ કરે તો તબિયત વધારે બગડવાનો ભય રહે છે. ત્યારબાદ બે દિવસ પછી ધીમે ધીમે નાળિયેર પાણી, છાશ, ભાતનું ઓસામણ વગેરે થોડા થોડા પ્રમાણમાં આપી શકાય.

કેટલોક કુદરતી ખોરાક કુદરતી દવાની જેમ અસરકારક સાબિત થયો છે જેમ કે ગાજરનો રસ, કેળા, હળદરનો પાવડર, દહીં, છાશ અને લસણ. ગાજરનો રસ શરીરે ગુમાવેલા પાણી અને અત્યંત જરુરી એવા ક્ષારો પુરા પાડે છે. લગભગ અડધા કિલો જેટલા ગાજર ૧૫૦ મી.લી. પાણીમાં જ્યાં સુધી ખૂબ નરમ અને ગળી ન જાય ત્યાં સુધી ઉકાળીને બનાવવા પછી તેને ગાળી લેવા અને જે ભાગ ગાળ્યા વગરનો ઉપર રહી જ્યા તેને ઉકાળેલા પાણી સાથએ ભેગો કરી તથા થોડું મીઠું નાખી ઉપયોગમાં લઈ શકાય. આ ઉપરાંત મસળેલા કેળા પણ જરૂરી ક્ષાર પૂરા પાડવામાં મદદરૂપ છે. લસણ પણ ખૂબ અસરકારક, શક્તિશાળી અને કોઈ નુકશાન પહોંચાડ્યા વગર તથા પાચનમાં મદદ કરનાર કુદરતી દવા જેવું છે.

હા, ઝાડા ઉલ્ટી દરમ્યાન નવજાત બાળકને માટે સ્તનપાન તો આ સમય દરમ્યાન ચાલુ જ રહેવું જોઈએ. આ ઉપરાંત દૂધ અને દૂધની ભારે બનાવટો જેવી કે માખણ, પનીર, માવો તથા આખા ધાન્ય અને વધારે પ્રમાણમાં અનાજ અથવા કઠોળનો ઉપયોગ ન કરવો જોઈએ. નહીંતર તે દર્દી માટે નુકશાનકારક પણ સાબિત થઈ શકે છે.

મો. ૮૪૮૮૮૮૧૨૧૩


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# "પ્લાસ્ટિક" મુદ્દે
## વપરાશ-નિકાલમાં વિવેક ચૂકાશે તો... ?

જેવો માગો તેવો ઘાટ અને ઇચ્છો તેવો રંગ, કાગળથી પણ હળવું અને કાષ્ટથીયે કઠોર. અરે ! કહોને લોઢાની ગજવેલ જેટલું કઠ્ઠણ અને કાચનેય કોરાણે રાખે એવું કામણગારું ! અને કીમિયાગીરીમાં ? કીમિયાગીરીમાં વાંકેવહમે વિજકોષમાં વ્હાર કરે એવું પાછું અવાહક ! "પ્લાસ્ટિક" નો જેવો કહીએ એવો સુવર્ણકાળ ચાલી રહ્યો છે.

ધાવણા બાળકની બોટલથી શરૂ કરી રમકડાં, પારણિયું, મચ્છરદાની, સ્લેટ, પેન, પૂંઠા, થેલા, બૂટ, કાંચકા, બંગડી, બૂટી, બટવો, પાકીટ, ઝાકીટ, ચશ્મા, ઘડિયાળ, પટ્ટા અને ચમચીથી શરૂ કરી ગળણી, ઝારા, તાવેથા, વાટકી, થાળી, ડીશ, ટમલર, બાલદી, ટબ અને ખુરશી, ટેબલ, ટીપોય, સોફાસેટ, પલંગ કે લાઇટનું વાયરીંગ-ફીટીંગ અને માત્ર બારી-બારણાં જ નહીં, આખેઆખું નટ-બોલ્ટથી ફીટ કરી ઘડીકમાં ઊભું કરી શકાય તેવાં રસોડાં, સંડાસ અને બાથરૂમ, પાણીસંગ્રહના ટાંકા શું, ગોબરગેસ પ્લાંટની ટાંકીઓ સહીતની સંપૂર્ણ સગવડવાળું 'પ્લાસ્ટિક-આવાસ' ઘડીકમાં ઊભું કરી શકાય છે.

ટુ વ્હીલરથી માંડી રિક્ષા, જીપ, કાર, ટ્રક કે બસ સુધીના વાહનોમાં કાચ, લાઇટ, પંખા, સીટ, બોનેટ કે હૂડ-છાપરા જ નહીં, પણ કેટલાકના તો દાંતીવાળા ગીયરચક્રો અને લેકગાર્ડ બનાવવામાં પણ પ્લાસ્ટિકે પોણીવીસ કહેવરાવ્યું નથી.

ખેતીવાડીની વાત કરીએ તો તેમાં પણ કેટકેટલી ચીજવસ્તુઓની વપરાશ અને હેરફેરમાં લાભદાઇ બની રહ્યું છે. જૂઓને, પાણી વહેવરાવાની પાઇપો તો એવી લીસ્સી સપાટીવાળી બને કે ન પૂછો વાત ! પંપને ઘર્ષણદાબમાં મોટી રાહત, અને મજબુતાઇમાં પણ જરાય મોળી નહીં ! સીમેંટની પાઇપનો સાંધો કરવો એટલે માથાનો દુ:ખાવો ! એને ઠરીને ઠામ થતાં વેળા વહી જાય, જ્યારે આનોતો સાંધોયે થાય સોલ્યુશનથી. ચપટી વગાડતાં જ ચોટડૂક ! દાતરડીના હાથાથી માંડી માટી ફેરવવાના તગારા, પાવડા, ખાતર ભરવાના કોથળા-થેલી, દવા ભરવાના ટીન, પાણી ખેંચવાના ફૂટવાલ્વ, સક્શન અને ડીલીવરી પાઇપો, ઊંડા દારમાં મોટર ટીંગાડી પાણી બહાર કાઢવાની કોયલ, કેબલ-વાયરના કવર, ટપક તથા સ્પિંકલર સેટના ફીલ્ટરથી માંડી ઝીણા-મોટા બધાં જ સાંધા જોડાણ અને તમામ દાગીના, અરે ! કોદાળી, પાવડા અને ત્રિકમ જેવા સાધનોના હાથા બનાવી આપવાનું પણ પ્લાસ્ટિકે છોડ્યું નથી.



જમીનમાં ઉતારી પાણી સંગ્રહી શકાય અને આભે ટીંગાડી ગ્રીન હાઉસ ઊભું કરી શકાય ! અરે, જમીન પર પાથરી (ચમલ્ચીંગ કરી) ભેજને ઉડતો અટકાવી શકાય કે ખળાખળવટને ઢાંકણ કરી વરસાદથી પલળતાં બચાવી શકવાની જાડી, પાતળી, પારદર્શક કે અપારદર્શક અનેકવિધ ફીલ્મ. એના પતરાં, નર્સરીબેગ, બેડસીટ કે મધપેટી અને મધમાખીને પોતાના શક્તિ-સમય ના ખર્ચવાં પડે તે અર્થે તૈયાર કરેલાં અંદરનાં પૂડા સુધ્ધાં પ્લાસ્ટિક આપી શકે છે કહો !

શાકભાજી, ફળફળાદિ, દૂધ અને માલની હેરફેર માટેનાં મોટા મોટા કંટેનરો બનાવવા સુધીમાં પ્લાસ્ટિક ઊણું ઉતર્યું નથી. કહોને, લાકડું, લોખંડ, કાચ અને સિમેંટ-ચારેયનાં પાણી પ્લાસ્ટિકે ઉતારી દીધાં છે.

**સિક્કાની બીજી બાજુ** = દુ:ખ એ વાતનું છે કે પ્લાસ્ટિકના સાનિધ્ય વિનાનું કોઇપણ ક્ષેત્ર બાકી નથી. ચોવીસ કલાકમાં પચ્ચીસવાર એક યા બીજા રૂપમાં પ્લાસ્ટિકને ભેરુ બનાવ્યા વિના રહી શકતા નથી. એવા પ્લાસ્ટિકને ખરું કહીએતો અંદરથી આપણે હજુ ઓળખતા જ થયા નથી. આટલું બધું ઉપયોગી દેખાતું પ્લાસ્ટિક જો તેના ઉપયોગ અને નિકાલની બાબતે મર્યાદા ચૂકાય તો જીવતા જીવની જીંદગી જોખમમાં મૂકીને બેસી નથી રહેતું પણ તેનાં પ્રાણ લીધે જ પાર કરે છે. વાપરતા આવડે તો 'ઉત્તમ' નહીંતો કહેવાય તેવી 'નડતર' છે.

**પ્લાસ્ટિકનું રૌદ્ર સ્વરૂપ** = તેના ગુણગાન ભલે બે મોઢે ગાઇએ પણ એનો બરાબરનો પરિચય નહીં પામીએ તો એનેય ખબર નહીં રહે કે નહીં રહે આપણને - અને નુકશાનીની ઊંડી ગર્તામાં એવા ધકેલાઇ જઇશું કે તેમાંથી બહાર નીકળવા કોઇને સાદ પાડવાનીયે સોં નહીં રહે !

# કૃષિ સૃષ્ટિ

અજાણ્યું અને આંધળું-બેય બરાબર ! એ કોણ છે એની ખરી ખબર ના હોય ત્યાં સુધી કેમ ખબર પડે કે તેને કેવું કામ સોંપાય ને કેવું ન સોંપાય ? જેમ લોખંડનો કઠ્ઠણતાનો એક વિશેષ ગુણ છે તેમ તેની બીજાને કઠવાની કે ધ્યાન ન રહેતો કાટ લાગી જવાની મર્યાદા પણ છે જ. લાકડામાં જેમ તરવાની શક્તિ છે તેમ સળી જવાની કે સળગી જવાની પૂરી ભીતિ પણ સાથોસાથ રહેલી જ છે. તેવું જ પ્લાસ્ટિકમાં પણ છે જ !

આપણને બરાબરની ખબર છે-લોખંડ સાથે માથું ન ભટકાડાય. ભટકાડીએ તો વાગે અને લોહી નીકળે ! વીજળીનું કામ બહુ બળુકું, પણ તે કામ હાથના સીધા સ્પર્શથી નહીં, તેની સ્વીચ દ્વારા જ લેવાય. સિમેંટનો લસલસતો માલ બનાવી દિવાલે પ્લાસ્તર કરાય, તેમાંથી બે-ચાર લોંદા આઇસ્કીમની જેમ આરોગી ન જવાય ખરું ને ? આવા કામો અજાણતા પણ આપણે કરતા નથી.

**લાલ લીટે લખી લઇએ** = કે પ્લાસ્ટિક એ કુદરતી વસ્તુ નથી. ધરતીપર સજીવ સ્વરૂપે જન્મેલા કે વિકસેલા વનસ્પતિ કે બીજા કોઇ જીવ કે જીવના અંગ –ઉપાંગમાંથી બનતો પદાર્થ નથી. પોલીએસ્ટર કે નાયલોન જેવા કૃત્રિમ રેસાઓના ઉપયોગ થકી તૈયાર થતાં આ પદાર્થની વિશેષતા કહો કે નબળાઇ ગણો તે એ છે કે **આ પ્લાસ્ટિક વપરાશ થયા પછી કચરા સ્વરૂપે જમીનમાં ભળી જઇ, કોઇ જીવનો તે ખોરાક બની શકતો નથી. તેથી તે કદી નાશ પામતું નથી.**

**હાથમાં પ્લાસ્ટિકની થેલી-જાણે ફેશન બની ગઇ !** = ખાસ તો પ્લાસ્ટિકનો અભાવો લાવવાનું કામ કર્યું છે-તેમાંથી બનતાં પાતળાં કાગળો થકી બનતાં માવા-ગુટકાના ચોખંડા ટુકડા અને અનેક ચીજો ભરી શકાય તેવા નાના-મોટા થેલી-ઝબલાઓએ. બજારોમાં જ્યાં અને ત્યાં - ઉપયોગ પૂરો થઇ ગયો ? ફેંકી દો ગમે ત્યાં ! માવા-ગુટકા, શાકભાજી, ખાંડ, કરિયાણાની ચીજ વસ્તુઓ ભરવા આજે પ્લાસ્ટિકના થેલી-ઝબલાં જ વપરાય છે. કાપડના બે પીસ લીધા હોય, ગોળનો ગાંગડો લીધો હોય, લોખંડના નટ-બોલ્ટ લીધા હોય કે પાશેર પાણી લીધું હોય-પેકીંગ બધું પ્લાસ્ટિકમાં જ ! હાથમાં પ્લાસ્ટિકની બધું પ્લાસ્ટિકમાં જ ! હાથમાં પ્લાસ્ટિકની થેલી હોવી એ જાણે ફેશન બની ગઈ છે !

**હકિકત આમ બને છે :** એમાંયે હવે તો મરચાં, મસાલા તો શું - અથાણાં, મેવા, મિઠાઈ, ફરસાણ, શાકભાજી, ફળફળાદિ, અરે ! તેલ, ઘી, શીખંડ, તૈયાર શાક-ચટણી, રસ બધું પ્લાસ્ટિકમાં જ ! ચીજ- વસ્તુઓ થેલીમાંથી કાઢી લીધા પછી, અંદરની સપાટીએ તો પોતે ચોટેલું રહેવાનું જ ! અને ક્યારેક એવી થેલીમાં શાકભાજીના છાલા-છોતરાં, કે જમ્યાં પછીનો એંઠવાડ ભર્યા પછી ગમે ત્યાં ફેંકાયા પછી રખડતાં માલ-ઢોરની નજરે ચડવાનાં. ભૂખ તો બહુ ભુંડી છે ભાઈ ! એ બધાં અંદરનું ખાવાના લોભે આખેઆખા કોથડી-ઝભલાં કેટલીય ગાયો, ભેંશો અને બકરાં (કુતરાં કે **ભૂંડડા ક્યારેય નહીં હો) જેવા પાલતુ પ્રાણીઓ ખાઈ જતાં હોય છે.**

ગાયના પેટમાંથી ૪૦-૫૦ કીલો જેટલો પ્લાસ્ટિકનો જથ્થો નીકળે તે વાત કંઈ માન્યામાં આવે ખરી? હા, માનવું પડે એવું છે. એકવાર ફૂલછાબના અગ્રલેખમાં વાંચેલું કે "ભૂજમાં સુપાશ્વવ જૈન સેવા મંડળના કાર્યકરોએ ગાયના પેટનું ઓપરેશન કરી ૫ર કીલો પ્લાસ્ટિક બહાર કાઢેલું." આજે ચારાની વધતી જતી મોંઘાઈના હિસાબે કેટલાય માલ-ઢોર શહેરમાં કે ગામડાંઓમાં રખડી-ભૂખ્યું પેટ ભરતા હોય છે. તે બધા આવા પ્લાસ્ટિક કાગળો હોંશે હોંશે ખાઈ જતાં હોય છે.

**હજુ વધારે નૂકશાન :** આવા ઢોરાંની નજરે ન ચડેલો કચરો શહેરી કચરા-પુંજાના ખાતર સાથે ખેડૂતોના ખેતરોમાં જાય છે. પ્લાસ્ટિકતો ત્યાંયે સડતું નથી. ઉલ્ટાનું જ્યાં હોય ત્યાં છોડ-મૂળને હવા લેવામાં કે મૂળને મળતું પાણી રોકવાની આડશ બની રહે છે. અને તેના હિસાબે જમીનજન્ય ઝીણાજીવો મુંજારો અનુભવે છે. તેને કોઈ જીવાત - ઉધઈ સુધ્ધાં 'અખાદ્ય' ગણી ખાતી નથી. સળગાવીએ તો તેનો ધૂમાડો પણ હોય ડાયોક્સીન વાયુ વાળો ! એટલો ખરાબ હોય કે હવાને પ્રદુષિત કર્યા વિના છોડતો નથી !

અરે ! ખેતરોમાંથી વરસાદ દ્વારા, નદીઓ દ્વારા દરિયામાં જાય તો ત્યાં પણ કેટલાય જળના જીવો હોમાઈને મરણને શરણ થતાં હોય છે.એટલે આપણને વિવેકથી વાપરતા તો ન આવડે પણ તેનો નિકાલ કરતા-કહોને ફેંકતાંએ નથી આવડતું ! જ્યાં-ત્યાં આવો કચરો ન નાખીએ કે ક્યારેક આવી થેલીમાં શાકભાજીના છોતરાં, છાલાં, કે તેલ-મલાઈ-છાશ, દૂધ, શીખંડ, ઘી કે ફરસાણ, મેવા-મીઠાઈની એંઠ ભરેલી થેલીઓ રખડતી ન કરીએ. અરે ! શાકભાજી કે ખાદ્યચીજો ખરીદવા કાપડની થેલી સાથે લઈ જવી તેમાં શરમ શાની ભાઈ ? ફૂલછબની બૂધપૂર્તિના લેખક શ્રી નરેન્દ્ર ભરાડ કહે છે તેમ **"છાશ લેવા જવું અને દોણી સંતાડવી ?" અરે, શાક લેવા જવું ને થેલી સંતાડવી ? આ તે કોઈ રીત છે ભલા !**

**આવી થેલીઓ, જબલા, કાગળના ટુકડા ક્યારેય રખડતા ન મેલીએ.** સરકાર તો કાયદા કરી જાણે ! પળાવી થોડા જાણે ? પાળવાના તો આપણે પ્રજાજનોએ જ હોયને ! **"પ્લાસ્ટિક" એ તો શક્તિ છે ભાઈ ! ઉપયોગ કરી જાણીએ તો 'હિતકારી' અને નહીં તો 'વિનાશકારી'** ! બંન્ને બનતાં એને આવડે છે. કેવું બનાવવું તેનો નિર્ણય આપણે જ કરીએ!

- મો. ૯૩૨૭૫૭૨૨૯૭

# બાલ સૃષ્ટિ



**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી,
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

# લે... મગર, કાળજું ખા...



**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**

મગરની પીઠ ઉપરથી કૂદી વાંદરો જાંબુના ઝાડ ઉપર આવીને બેઠો. વાંદરો ખૂબ હાંફતો હતો. વળી પરસેવે રેબઝેબ થઈ ગયો હતો, ઝાડના છાંયે બેઠા પછી એને થોડી શાંતિ થઈ. હજુ એના મનમાંથી વિચારો ખસતા નહોતા. એકનો એક પ્રશ્ન એની જાતને એ પૂછ્યા કરે.... મારી તો મતિ મારી ગઈ હતી કે શું? દુષ્ટ મગર સાથે તે વળી દોસ્તી થાય? મગરીભાભીને મળવા લઈ જવાનું તો બહાનું હતું, પરંતુ એ લાલચે એ દુષ્ટ મને મારી જ નાખત. હાશ! ઉપરવાળાએ આપેલી અક્કલ તાત્કાલિક કામે આવી, નહીં તો.. કોણ જાણે... મારું શું થાત? થરથર કાંપતો એ એમ જ બેસી રહ્યો. થોડી વાર પછી એનામાં તાકાત આવી.

હાશ! છૂટ્યો... બાપ રે! કાળજું બખોલમાં મૂક્યું છે તેવું બહાનું ન મળ્યું હોત તો? તો... ક્યારનાય રામ રમી ગયા હોત, એમ હજુએ એ વિચારતો હતો. કેટલાક સમય પછી એની નજર નીચે પડી, મગર તો હજુ મોઢું ઊંચુ રાખી, મોં ફાડી ઝાડ ઉપર જોઈ રહ્યો હતો ને ત્યાં જ બંનેની આંખો મળી. 'એ... ય વાંદરાભાઈ, ક્યારનોય તમારી રાહ જોતો અહીં ઊભો છું, હવે કાળજું લઈ નીચે આવોને!'

'હા... હા... હું તો નીચે જ નહીં, તમારા ઘરે પણ આવ્યો હતો ને! પણ... તમે આટલે સુધી આવ્યા છો તો... મારું આગણું પાવન કરો..' હા.. હા.. કેમ નહીં. લુચ્ચા મગરની દાનત હજુ ખોરી હતી. એનું મન તો ગમે-તેમ કરીને વાંદરાનું કાળજું ખાવા લલચાતું હતું. એટલે ખોરી દાનતને પેટમાં રાખી મીઠા મોંએ બોલ્યો, 'મને પણ તમારું ઘર જોવાનું મન થયું, પરંતુ હું... હું.. શું કરું? ઝાડ ઉપર તો હું ન ચડી શકું.' એ... ય.. વાંદરાભાઈ, તમે તો જાંબુ જેવા મીઠા, ભલા, મારી પીઠ ઉપર બેસી તમે નદીમાં તરી શકો તો હું પણ તમારી પીઠ ઉપર બેસી ઝાડ ઉપર ન ચડી શકું? 'હા...હા... કેમ નહીં?' વાંદરો વળી પાછો મગરની મીઠી વાણીથી અંજાયો, પરંતુ ઘડીક વિચાર કરી એ બોલ્યો : 'જુઓ મગરભાઈ, મારી પીઠે વજન હોય તો હું ઝાડ ઉપર ન ચડી શકું.' આ સાંભળી મગરે બીજી યુક્તિ ઘડી કાઢી 'જુઓ વાંદરાભાઈ, તમે એક કામ કરો, તમે નીચે આવો, ને હું તમારા બચ્ચાની જેમ તમને વળગી પડું. એમાં તમારી પીઠે વજન પણ નહીં આવે ને હું ઝાડ ઉપર આરામથી આવી શકું.'

ચંચળ વાંદરાભાઈ તો પાછા ભાન ભૂલ્યા ને દૂષ્ટ મગરની વાતોમાં આવી જઈ નીચે આવ્યા. મગર તો વાંદરાના બચ્ચાની જેમ વાંદરાને વળગી પડ્યો. વાંદરો તો થર-થર ધ્રૂજતો જાય ને ઝાડ ઉપર ચડચો જાય. ને ત્યાં જ મગરે એનું વિકરાળ મોં ખોલ્યું. એ જ્યાં વાંદરાને ખાવા ગયો ત્યાં જ વાંદરો બોલી ઊઠ્યો : 'મને ખાવો હોય તો ખાઈ જાવ, પરંતુ તમને સાચેસાચું કહી દઉં છું કે... કાળજા વિના મને ખાશો તો સાવ ફિક્કો લાગીશ. મારી મીઠાશ મારા કાળજામાં છે. તમે જ નહોતું કહ્યું, સાવ ભૂલી ગયા?' હું જાણું છું કે તમારો જીવ મારા કાળજામાં છે, ને કાળજું... કાળજું તો જુઓ દેખાય પેલી બખોલમાં તમે ઉતાવળા ના થાવ. થોડી ધીરજ રાખો, આ તો તમે મિત્ર છો એટલે તમને કહું છું, બાકી મારે શું? ફિક્કું ભોજન મિત્રને ન અપાય. ધીરજનાં ફળ હંમેશા મીઠાં હોય. એમ બોલતાં-બોલતાં ઝાડની ડાળી પર ચડી મગરને બીજી ડાળે બેસાડ્યો. પછી મગર આતુરતાથી બોલ્યો : વાહ રે,... દોસ્ત, હવે કાળજા સાથે તને ખાઈશ. વાહ! શું તારી પ્રમાણિકતા છે. લાવ... લાવ... તારુ કાળજું ઝટ-ઝટ લાવ. મારું મન અધીરું બની બેઠું છે. તું જો તો ખરો.. આ મીઠા જાંબુડાનું ઝાડ, ને ઝાડ ઉપર મીઠો-મીઠો તું, ને તેમાંય સહુથી મીઠું તારું કાળજું. મારું મન અને મારા મોંની લાળ હવે મારા કહ્યામાં નથી. હું ભારે નસીબદાર, તે આવો મિત્ર મળ્યો. ધન્ય ભાગ્ય ને ધન્ય ઘડી... પણ દોસ્ત, ઉતાવળ કર ને... તને ખબર છે ને કે હું તો રહ્યો પાણીનો જીવ. ઝાડની ડાળે વળગી રહેવું મને ક્યાંથી ફાવે?'

'હા... હા...' કહેતો વાંદરો તો હૂપ કરતો કૂદ્યો. ને ઝાડની ટોચે જઈ બેઠો. બબ્બે વાર છેતરાયા પછી એ ચાલાક થઈ ગયો હતો. એણે વિચાર્યું - આ નાલાયક ક્યારનો મારો પીછો કરે છે. મારો જીવ લેવા એ આતુર છે, પરંતુ હવે એને મેથીપાક ચખાડવો જ પડશે. એમ વિચારી હૂપાહૂપ કરી મૂકી. એક એક કરતાં અનેક વાંદરાઓ ઝાડ ઉપર આવી પહોંચ્યાં. બધી વાત જણાવી ને નીચેની ડાળે લટકાવેલો મગર બતાવ્યો. મગર તો હાલીચાલી શકે એમ હતો જ નહીં. એટલે ત્યાં જ ચીપકી રહેલો.

હવે... ઝાડ ઉપર કેટલાંય વાંદરાંઓને આવેલા જોઈ મગર મૂંઝાયો. એ વિચારવા લાગ્યો કે આ આખી વાનરસેના કેમ ભેગી થઈ ગઈ હશે? મીઠી ભાષામાં એ બોલ્યો : 'વાંદરાભાઈ, તમે તો બહુ વાર કરી હોં.... તમારાં ભાભી ત્યાં મારી વાટ જોતાં હશે. વળી તે સ્વભાવે આકરી છે એટલે મને ખખડાવી નાખે છે. આ તો મિત્રતાના નાતે તમારે ત્યાં જમવા આવ્યો, બાકી, તમારી મગરીભાભી મારી વાટ લગાડી દે, સમજ્યા? હું તો ક્યારનોય વિચારું છું કે અહીં મારો જીવ જાય છે ને તમે ભાઈબંધો ભેગા કરો છો? ભલા, કાંઈક તો વિચાર કરો મિત્રનો...'

હવે વાંદરો મગરની મીઠી ભાષા ને લુચ્ચાઈને સમજી ગયો હતો, એટલે મગરથી પણ મીઠી વાણીમાં એ બોલ્યો : 'મારા વ્હાલા મગરભાઈ, તમે તો મારા સાવ જૂના મિત્ર, મારા પરમ હિતેચ્છુ. તમને આમંત્રણ આપું

(અનુ. પેઈજ ૩૧ ઉપર)

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## ધાર્મિક ક્ષેત્રે વિશ્વના સૌથી મોટા અને ભારતમાં પ્રથમવાર રાફ્ટ કાસ્ટિંગ
## માન.મુખ્યમંત્રીશ્રી સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ













અમદાવાદના વિશ્વ ઉમિયાધામમ ખાતે ૧૫૫૧ ધર્મસ્તંભ પર ૯ લાખ ઘનફૂટ કોંક્રિટરાફ્ટની કામગીરી પૂર્ણ થઈ છે. મા ઉમિયાના મંદિરનો ગગન વિહાર મંદિર આકાર લઈ રહ્યું છે. જેનું રાફ્ટ કાસ્ટિંગ સતત ૩ દિવસ સુધીમાં ભરવામાં આવેલ. જે ધાર્મિક ક્ષેત્રે વિશ્વનો સૌથી મોટો અને ભારતમાં પ્રથમવાર સૌથી મોટા રાફ્ટ ભરાયેલ. લગભગ ૮ લાખ ૫૭ હજાર ૫૦૦ ઘન ફૂટ જેટલો ક્રોંક્રિટનો રાફ્ટ ભરાયો હતો. ૧૫૫૧ ધર્મ સ્તંભ પર બની રહેલા રાફ્ટ કાસ્ટિંગ માટે ૩૬૦૦ ટનથી વધુ સિમેન્ટનો ઉપયોગ થયો છે. આ ઉપરાંત ૧ હજારથી વધુ એન્જિનિયરોના સુપરવિઝનમાં ૩ હજારથી વધુ શ્રમિકો કામગીરી કરી રહ્યા છે. ઐતિહાસિક જગતજનની મા ઉમિયાનાં ૫૦૪ ફૂટ ઊંચા મંદિરના રાફ્ટ કાસ્ટિંગ કાર્યમાં ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસજી, પૂર્વ નાયબ મુખ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ તથા લોકપ્રિય અભિનેતા શ્રી વિવેક ઓબેરોય વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી. ૭૨ કલાકની કામગીરી ફક્ત ૫૪ કલાકમાં પૂર્ણ કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો છે.



## નારી સ્વરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત

## સર્વે સમાજની ૧૧૦૦૦ દિકરીઓનો રક્ષા - દિક્ષા મહોત્સવ @ ભુજ











વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રેરણાશ્રી ગ્રુપના સંયુક્ત ઉપક્રમે નારી સ્વરક્ષા જાગૃત અભિયાન અંતર્ગત ભુજ ખાતે સર્વે સમાજની ૧૧ હજાર દિકરીઓનો રક્ષા-દિક્ષા મહોત્સવ યોજાયો હતો. જેમાં વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા પ્રેરણાશ્રી ગ્રુપના સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમ્યાન ૧૧ હજાર દિકરીઓને તેમની સ્વરક્ષા માટે કટારનું વિતરણ કરવામાં આવ્યું હતું. બહેનો પોતાનું સ્વરક્ષણ કરી અને કોઈ નાપાક તત્વ તેના સામે આંખ ઉઠાવીને જોઈ ના શકે તેવી હિંમત દિકરીઓમાં પેદા થાય તેવા ઉદ્દેશ સાથે સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મા દુર્ગાની શક્તિ સમાન ૧૧,૮૦૦ દિકરીઓએ એકસાથે સ્વરક્ષા સંકલ્પ લઈ ગીતાના પઠન વડે વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રેરણા શ્રી ગ્રુપ દ્વારા આયોજિત રક્ષા-દીક્ષા મહોત્સવ એ યુવાપેઢીમાં હિંમત, એકતા અને આત્મવિશ્વાસ સાથે વીરતા પરમો ધર્મ અને એકતા પરમો ધર્મના મંત્રને ચરિતાર્થ કર્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રક્ષાદીક્ષાના કોર્ડીનેટર શ્રી સંજયભાઈ પટેલ તેમજ કચ્છ જિલ્લા સંગઠનના તમામ હોદ્દેદારશ્રીઓ તેમજ કાર્યકર મિત્રોની અથાગ પરિશ્રમથી રક્ષાદીક્ષા મહોત્સવ સફળ થયેલ છે તે બદલ તમામને સંસ્થા ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

# સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## વિશ્વ ઉમિયાધામ ખાતે
## મા ઉમિયાના મંદિર નિર્માણમાં સહયોગી શ્રમીકોને પ્રસાદનું વિતરણ





જગતજનની મા ઉમિયાનાં વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ નિર્માણધીન મંદિરમાં જે એન્જીનીયરો, સુપરવાઈઝર તેમજ શ્રમીકો સહયોગી થયેલ છે તે તમામને મા ઉમિયાના આશિર્વાદ સ્વરૂપે પ્રસાદીનું વિતરણ સંસ્થાના પ્રમુખશ્રીના વરદહસ્તે

## સંસ્થાની તમામ પાંખની કેન્દ્રિય સંગઠન મિટીંગ





સંસ્થાના પ્રમુખશ્રી આર.પી. પટેલના અધ્યક્ષ સ્થાને સંસ્થાની તમામ પાંખની કેન્દ્રીય સંગઠનની મિટીંગ વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે મળી હતી. જેમાં કેન્દ્રિય કમિટીના હોદ્દેદાર, સભ્યશ્રીઓ તેમજ તમામ જીલ્લાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## "રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦"





અખિલ ભારતીય તેરા પંથ યુવક પરિષદ દ્વારા આયોજિત "રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦" માં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સહયોગી સંસ્થા તરીકે જોડાયેલ જેમાં સંસ્થાના સંગઠન દ્વારા વિવિધ જીલ્લા - તાલુકાઓમાં પ્રમુખશ્રીના માર્ગદર્શન હેઠળ રક્તદાન કરી માનવતાનું એક ઉમદા ઉદાહરણ પુરુ પાડેલ છે. તે બદલ તમામ અભિનંદનને પાત્ર છે.

# સમાચાર

## નવરાત્રીના પ્રથમ દિવસે ઘટસ્થાપન પૂજા





શક્તિની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી. જગતજનની જગદંબાના નવલા નોરતાના પ્રથમ દિવસે મા ઉમિયાના મંદિરે ઘટસ્થાપન, જ્વારા, ધ્વજાજીનું પૂજન કરવામાં આવેલ. ત્યારબાદ મા ઉમિયાની મહા આરતીમાં ઉપસ્થિત સૌ ભાવિકભક્તોએ જગતજનની શ્રી ઉમિયા માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી.

## વાર્ષિક સાધારણ સભા વર્ષ ૨૦૨૪-૨૫





સંસ્થાની વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સાધારણ સભા વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે યોજાઈ જેમાં એજન્ડા તેમજ વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા વંચાણે લેવામાં આવેલ.

## વિજાપુર તાલુકા સંગઠન મિટીંગ






વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયાના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર-૨૦૨૭માં ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને 'મારી ઈંટ મા ના મંદિરે' અભિયાન અંતર્ગત મા ઉમિયાના મંદિર નિર્માણમાં સર્વે સમાજના પરિવારો જોડાય તેવી અપીલ સાથે વિજાપુર તાલુકા સંગઠનની તમામ પાંખની મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

## સુરતના ઓલપાડ ચોર્યાસી સમાજ વિશ્વ ઉમિયાધામે પધારેલ



શ્રી સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ (કાળાચુડા) ૧૧મા વર્ષે નાગરિક યાત્રાના સમાપન દિવસે વિશ્વ ઉમિયાધામ જાસપુર અમદાવાદમાં નિર્માણાધીન મંદિરના દર્શન કરી ત્યારબાદ મા ઉમિયાની આરતીમાં સહભાગી થઈ ભોજનપ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે
## નવરાત્રી મા નો "માંડવો"નું ભવ્ય આયોજન









વિશ્વ ઉમિયાધામ જાસપુર અમદાવાદ ખાતે આયોજિત નવરાત્રી - ૨૦૨૫ "માંડવો" માના માંડવે મા ના ગરબાનું ભવ્ય આયોજન કરેલ છે જેમાં વિશ્વ ઉમિયાધામ, અદાણી સિમેન્ટ સહયોગી બનેલ છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી આર. પી. પટેલ તથા અદાણી સિમેન્ટના સીઓ શ્રી વિનોદભાઈ, કોકાકોલા એશિયાખંડના અધિકારી અને સંસ્થાના દાતા ટ્રસ્ટી તેમજ ખેલૈયાઓ મા જગદંબાની આરતીમાં જોડાઈ ત્યારબાદ રાસગરબાની રમઝટમાં જોડાયા.

विश्व
ઉમિયાધામ
અમદાવાદ

# “મારી ઈંટ મા ના મંદિરે”
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન
### મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા. ૧૦૦૦/-

**બેંક વિગત :** A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

Vishv UMIYA Foundation

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

# જગત જનની મા ઉમીયાના પ્રસાદ સ્વરૂપે શુદ્ધ ઘી અને નમકીનની વિશાળ શ્રેણી એટલે......

| ઉમાસ્વાદમ્ મીઠાઈ | ૨૫૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
|---|---|---|
| ◆ માવા ચીક્કી .................. | ૬૦/- | ૧૨૦/- |
| ◆ સીંગ ચીક્કી .................. | ૬૦/- | ૧૨૦/- |
| ◆ કેસર કાજુ કતરી .................. | ૩૧૦/- | ૫૯૫/- |
| ◆ કેસર મોહનથાળ .................. | ૨૧૦/- | ૩૯૫/- |
| ◆ મગસ લાડુ .................. | ૨૧૦/- | ૩૯૫/- |
| ◆ ડ્રાયફ્રુટ અંજીર પાક .................. | ૩૨૫/- | ૬૩૦/- |
| ◆ ડ્રાયફ્રુટ ખજુર પાક .................. | ૩૨૫/- | ૬૩૦/- |

| ઉમાસ્વાદમ્ નમકીન | ૨૫૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
|---|---|---|
| ◆ નવરત્ન મિશ્રણ ................ | ૭૫/- | ૧૪૫/- |
| ◆ ગુજરાતી મિશ્રણ ................ | ૭૫/- | ૧૪૫/- |
| ◆ સીંગભુજીયા ................ | ૭૫/- | ૧૪૫/- |
| ◆ રતલામી સેવ ................ | ૭૫/- | ૧૪૫/- |
| ◆ ફુલવડી ................ | ૭૫/- | ૧૪૫/- |
| ◆ ભાખરવડી ................ | ૭૫/- | ૧૩૫/- |
| ◆ ડ્રાય કચોરી ................ | ૭૫/- | ૧૩૫/- |
| ◆ ફરાળી મસાલા ચેવડો ................ | ૭૫/- | ૧૪૫/- |
| ◆ સક્કરપારા ................ | ૭૦/- | ૧૩૫/- |
| ◆ કેળા વેફર / બટાકા વેફર ................ | ૭૦/- | ૧૩૫/- |
| ◆ ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો ................ | ૧૭૦/- | ૩૩૦/- |

## ઉમાસ્વાદમ્ ડ્રાયફ્રુટ

◆ કાજુ ◆ બદામ ◆ પિસ્તા ◆ અંજીર ◆ અખરોટ ◆ કિસમિસ

દિવાળી માટે પ્રિ - ઓર્ડર ચાલુ છે. (મો.) ૭૨૦૨૦૮૫૫૫૧

આઉટલેટ ૧૯-૨૦, સ્કારા પર્લ, શોપ મહિન્દ્રા શોરૂમની પાછળ, ઓફ સાયન્સ સિટી રોડ, અમદાવાદ.

**વિશ્વ ઉમિયાધામ :** વૈષ્ણોદેવી મદિર સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, અમદાવાદ-૩૮૨૭૨૧. | Cell No. +917202080333/222
E-mail: contact@vuf.org. | www.vuf.org | www.facebook.com/VishvUmiya Foundation



Vishv UMIYA Foundation
VUF INSTITUTE CIVIL SERVICES
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા
સરગાસણ, ગાંધીનગર ખાતે 3 નવી બેચનો શુભારંભ
GPSC MASTER BATCH
ફાઉન્ડેશન અને એડવાન્સ તૈયારી માટે
GPSC STI
GPSC ક્લાસ 3 પ્રિલિમ + મેન્સ ની તૈયારી માટે
Dy.SO Mains
Dy.So મેન્સની તૈયારી માટે
કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા અથવા સ્નાતક ઉમેદવારને પ્રવેશને પાત્ર ગણવામાં આવશે
વિશેષતા
અનુભવી ફેકલ્ટી
ડેઈલી + વિકલી મોક ટેસ્ટ
પર્સનલ મેન્ટરશીપ
ઓનલાઇન + ઓફલાઇન બેચ
ફેકલ્ટી PDF મટીરીયલ
"A.C" લાઈબ્રેરી ની સુવિધા
હોસ્ટેલ અને કેન્ટીન ફેસિલીટી જગ્યાનાં આધાર પર આપવામાં આવશે.
ADMISSION STARTED
ANISH SIR ENVIORMENT/CULTURE
NILESH SIR ENGLISH
ASHIS SIR ECONOMY
DEVANG SIR POLITY/ETHIC/PUB.ADM
KULDIP SIR SCIENCE&TECH/C.A.
ASHUTOSH SIR GEOGRAPHY
RUTURAJ SIR HISTORY/CULTURE
ASHA MA'AM GUJARATI
7202080202
7202080558
C/o. Radiant School of Science, Kh-0, Sargasan Gandhinagar - 382421, Gujarat.

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

**+91 99743 52727**



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN